**Current Affairs June-2019**

## 1.July 2019

**(૧) આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ – ૩૦ જૂન**

- ૩૦ જૂનના રોજ બીજા આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસની ઉજવણી કરવામાં આવી.
- આ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ –૨૦૧૮માં કરવામાં આવી હતી.
- વર્ષ ૧૮૮૯માં ૩૦ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય સંસદીય પ્રણાલી માટે 'ઇન્ટર પાર્લીયામેંટરી યુનિયનની સ્થાપના કરવામાં આવી હતી.
- માટે આ દિવસની ઉજવણી ૩૦ જૂનના રોજ કરવામાં આવે છે.

**(૨) નેશનલ ડોક્ટર્સ ડે :**

- ભારતના મહાન તબીબ ડૉ. બિધાનચંદ્ર રોયની યાદમાં ભારત સરકાર દર વર્ષે ૧ જુલાઇએ નેશનલ ડોક્ટર્સ ડે મનાવે છે.
- કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ નેશનલ ડોક્ટર્સ ડે ની ઉજવણી વર્ષ ૧૯૯૧ માં કરવામાં આવી હતી.
- તેમનો જન્મ ૧ જુલાઇ ૧૮૮૨ના રોજ બિહારમાં થયો હતો. તેમનું અવસાન ૧ જુલાઇ ૧૯૬૨ના રોજ થયું હતું.
- તેઓ પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી બન્યા હતા.
- ભારત સરકારે વર્ષે ૧૯૬૧માં તેમને સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન' થી સન્માનીત કર્યા હતા.
- તેમણે વર્ષ ૧૯૨૮માં ઇન્ડિયન મેડિકલ એસોશિએશનની સ્થાપના કરી હતી.
- ભારતીય મેડિકલ કાઉન્સિલની સ્થાપનામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી.
- ભારત સરકાર દ્વારા તેમની યાદમાં ડૉ. બિસી રોય રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવે છે.
- ગુજરાત સરકારના માહિતી વિભાગ દ્વારા આ વર્ષે 'સમગ્ર જીવનની સંભાળ' ફેમિલી ડોક્ટરનો સાથ' વિષય પર નેશનલ ડોક્ટર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ થીમ – Zero tolerance to violence against doctors and clinical establishment"

**(૩) જીએસટી દિવસ :**

- આજથી બરાબર બે વર્ષ પહેલા ૧ જુલાઇ ૨૦૧૭ના રોજ મધરાતે દેશના સૌથી મોટા આર્થિક સુધાર એવા ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સનો અમલ શરૂ થયો હતો.
- ભારતીય કર પ્રણાલીમાં અભૂતપૂર્વ સુધારો એટલે કે જીએસટી લાગુ થયાના એક વર્ષ પૂર્ણ થવા પર ભારત સરકાર દ્વારા ૧ જુલાઇ ૨૦૧૮ના રોજ પ્રથમ જીએસટી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- જીએસટી લાગુ કરવાનો મુખ્ય હેતુ 'એક દેશ– એક કર' છે.
- સંસદનું વિશેષ સત્ર બોલાવીને જીએસટી લાગુ કરાયુ હતું રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની અધ્યક્ષતામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાત્રિના ૧૨ વાગ્યે સંસદની બેઠક બોલાવી જીએસટી લોન્ચ કર્યું હતું.
- આ કર ક્રાંતિના લીધે દેશના વેપારમાં નાણાકીય શિસ્ત આવી છે તો ભ્રષ્ટાચાર પણ ઘટ્યો છે

**GST**

- GST- Goods and Services Tax
- જીએસટી લાગુ કરવાનો મુખ્ય હેતુ 'એક દેશ – એક કર છે.
- ભારતમાં GST લાગુ– ૧ જુલાઇ ૨૦૧૭
- વિશ્વમાં GST લાગુ કરનાર પ્રથમ દેશ – ફ્રાંસ
- GST બિલ પર રાષ્ટ્રપતિની મંજૂરી – ૮ સપ્ટેમ્બર ૨૦૧૬
- GST નંબર કુલ ૧૫ સંખ્યામાં હોય છે.
- GST કાઉન્સિલના અધ્યક્ષ – નાણાંમંત્રી
- GST કાઉન્સિલનું મુખ્યમથક – નવી દિલ્લી
- GST દિવસ – ૧ જુલાઇ
- GST લાગુ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય – આસામ
- GST લાગુ કરનાર ભારતનું અંતિમ રાજ્ય – જમ્મુ કાશ્મીર
- GST ના ત્રણ ભાગો–CGST, SGST, IGST,
- GST બ્રાન્ડ એમ્બેસેડર – અમિતાભ બચ્ચન

**(૩) મન કી બાત :**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ૧૭ મી લોકસભાની ચૂંટણીબાદ પ્રથમ વખત મન કી બાતથી દેશની જનતાને સંબોધી
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રથમ વખત પદ સંભાળ્યા બાદ દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબોધે છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત ૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મન કી બાત થી દેશનું સંબોધન કર્યું હતું.
- નરેન્દ્ર મોદીએ પોતાના પ્રથમ પ્રધાનમંત્રીના કાર્યકાળ દરમ્યાન ૫૩ વખત મન કી બાતથી દેશની જનતાનું સંબોધન કર્યું હતું.
- આ કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો (AIR) અને દૂરદર્શન પર પ્રસારિત કરવામાં આવે છે.

**–મન કી બાતના મહત્વના અંશો :**

પ્રધાનમંત્રીશ્રીએ દેશને પાણી બચાવવા માટે ૩ સૂત્રો આપ્યા છે.

(૧) દેશવાસીઓ સ્વચ્છતા માટેના જન આંદોલનની જેમ જળ સંરક્ષણને પણ જન આંદોલન બનાવે.

(૨) જળ સંરક્ષણ માટે પરંપરાગત પધ્ધતિઓની માહિતી એકબીજા સુધી પહોંચાડે

(૩) જળ સંરક્ષણ કરતાં વ્યક્તિ અથવા એનજીઓ અંગે લોકો માહિતીને આપે.

- પ્રધાનમંત્રીશ્રીએ યોગ દિવસની ઉજવણી અંગે જણાવ્યું હતું કે યોગથી તંદુરસ્ત લોકો અને તંદુરસ્ત લોકોથી તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ થાય છે.
- પ્રધાનમંત્રીશ્રીએ ડિજિટલ યુગમાં દેશના નાગરિકોને પુસ્તક વાંચવા અને પોતાના રોજિંદા જીવનમાં પુસ્તકને એક હિસ્સો બનાવવા અપીલ કરી હતી.

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ ક્યારે મનાવાય છે ?

– ૩૦ જૂન

૨ નેશનલ ડોક્ટર્સ ડે ક્યારે મનાવાય છે ?

– ૧ જુલાઇ

૩ ડૉ. બિધાનચંદ્ર રોય નો જન્મ કયાં થયો હતો ?

Vivekanand Academy Gandhinagar

– બિહાર

૪ જીએસટી દિવસ ક્યારે મનાવાય છે ?

– ૧ જુલાઇ

૫ જીએસટીના બ્રાન્ડ એમ્બેસેડર જણાવો ?

– અમિતાભ બચ્ચન

## 2.July 2019

**(૧) શ્યામ શરણ નેગી :**

– શ્યામ શરણ નેગી આઝાદ ભારતના પ્રથમ મતદાતા છે.

– તેમનો જન્મ ૧ જુલાઇ, ૧૯૧૭ના રોજ હિમાચલ પ્રદેશના નાનકડા ગામમાં થયો હતો.

– ૧ જુલાઇ ૨૦૧૮ના રોજ તેઓએ ૧૦૧ વર્ષ પૂર્ણ કર્યા.

– ૧૯૫૧માં આઝાદ ભારતની પ્રથમ ચૂંટણી થઇ ત્યારે સૌથી પહેલો મત શ્યામ શરણ નેગીએ આપ્યો હતો.

– આઝાદ ભારતની પ્રથમ ચૂંટણી ફેબ્રુઆરી, ૧૯૫૨માં થઇ હતી. પરંતુ હિમાચલમાં બરફ વર્ષાનો પ્રશ્નો હોવાથી ત્યાં પાંચ મહિના વહેલું મતદાન થયું હતું.

– સૌથી પહેલું મતદાન કિન્નરમાં યોજાયું હતું.

– ૨૦૧૬માં આવેલી હિન્દી ફિલ્મ સનમ રેમાં તેઓ નાનકડા રોલમાં ચમક્યા હતા.

**(૨) ગો ટ્રાઇબલ અભિયાન :**

– તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 'ગો ટ્રાઇબલ' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું.

– આ અભિયાન આદિવાસી હસ્તશિલ્પ અને પ્રાકૃતિક ઉત્પાદનોમાં વધારો કરવાના ઉદ્દેશ્યથી લોન્ચ કરવામાં આવ્યું છે.

– આદિવાસી ઉત્પાદનોમાં વધારો કરવા માટે આદિવાસી સહકારી માર્કેટિંગ વિકાસ સંઘ Tribal Cooperative marketing Development Federation of India Limited (TRIFED) દ્વારા એક ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

– આ ઇવેન્ટ દરમ્યાન આદિવાસી ઉત્પાદનોને વૈશ્વિક રીતે લોન્ચ કરવામાં આવ્યા હતા.

– આ ઉત્પાદનોને અમેરિકામાં પણ લોન્ચ કરવામાં આવશે.

**TRIFED**

– TRIFED આ આદિવાસી બાબતોના કેન્દ્રીય મંત્રાલય અંતર્ગત એક સહકારી સમિતિ છે.

– તેની સ્થાપના મલ્ટી સ્ટેટ કૉ ઓપરેટિવ સોસાયટી અધિનિયમ ૧૯૮૪ અંતર્ગત વર્ષ ૧૯૮૭માં કલ્યાણ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.

– આ સંસ્થા આદિવાસી દ્વારા ઉત્પાદિત થતી વસ્તુઓના માર્કેટિંગનું કાર્ય કરે છે.

**(૩) અમરનાથ યાત્રા :**

– દર વર્ષે જેઠ મહિનાની પુનમના દિવસે શરૂ થનારી અમરનાથ યાત્રા શ્રાવણ માસની પુનમના દિવસે પૂર્ણ થાય છે.

– આ વખતે યાત્રા ૩૦ જૂન થી થઇને ૧૫ ઓગસ્ટ એટલે કે રક્ષાબંધનના દિવસ સુધી ચાલશે.

– રોમાંચથી ભરપૂર આ યાત્રા માટે અત્યાર સુધી દેશભરમાંથી ઘણાબધાં શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

– હર હર મહાદેવના નાદ સાથે દરરોજ ૧૫ હજાર શ્રદ્ધાળુઓ યાત્રાનો લાભ લેશે.

– યાત્રા દરમ્યાન સુરક્ષાના ભાગરૂપે ૬૦ હજારથી વધુ સુરક્ષાકર્મીઓને તેનાત કરવામાં આવ્યાં છે.

– અમરનાથ તીર્થયાત્રા હિન્દુઓના મહત્વપૂર્ણ તીર્થસ્થળ પૈકીની એક છે.

– અમરનાથ ગુફા દક્ષિણ કાશ્મીરના હિમાલયના વિસ્તારમાં છે જે શ્રીનગરથી ૧૪૧ કી.મી. દૂર છે, આ ગુફા ૧૨૭૫૬ ફૂટની ઊંચાઇ પર છે.

– આ તીર્થયાત્રા જમ્મુ – કાશ્મીર અમરનાથજી તીર્થસ્થળ અધિનિયમ ૨૦૦૦ અંતર્ગત ગઠિત અમરનાથ તીર્થસ્થળ બોર્ડ દ્વારા આયોજિત કરવામાં આવે છે.

– આ યાત્રાનો લાભ ૧૪ થી ૭૪ વર્ષના લોકો જ લઇ શકે છે.

પ્રશ્નો :

૧ આઝાદ ભારતના પ્રથમ મતદાતા જણાવો ?

– શ્યામ શરણ નેગી

૨ આદિવાસી હસ્તશિલ્પ અને પ્રાકૃતિક ઉત્પાદનોમાં વધારો કરવાના ઉદ્દેશ્યથી કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું ?

– ગો ટ્રાઇબલ અભિયાન

૩ TRIFEDનું પુરૂનામ જણાવો ?

– Tribal Cooperative marketing Development Federation of India Limited

## 3.July 2019

**(૧) આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ ફ્રી દિવસ :**

– દર વર્ષે વિશ્વભરમાં ૩ જુલાઇના રોજ આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ ફ્રી દિવસ મનાવવામાં આવે છે.

– આ દિવસ રોજિંદા જીવનમાં પ્લાસ્ટિકના ઉપયોગથી વાતાવરણમાં થતા નુકશાન તરફ ધ્યાન દોરવામાં ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.

**(૨) ભારત અને ફ્રાંસ વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસ :**

– તાજેતરમાં ભારતીય વાયુસેના અને ફ્રાંસની વાયુસેના વચ્ચે ગરૂડ– ૬ નામના સંયુક્ત યુદ્ધ અભ્યાસની શરૂઆત થઇ.

– આ અભ્યાસનું આયોજન ફ્રાંસના મોંટ ડી મારસન ખાતે કરવામાં આવ્યું છે.

– આ યુદ્ધ અભ્યાસ ૧ જુલાઇથી ૧૨ જુલાઇ ૨૦૧૯ સુધી ચાલશે.

– ભારત અને ફ્રાંસ વચ્ચે ગરૂડ– ૫ અભ્યાસનું આયોજન વર્ષ ૨૦૧૪માં રાજસ્થાન ખાતે થયું હતું.

– આ અભ્યાસમાં ભારત તરફથી રાફેલ, સુખોઇ–૩૦ અને મિરાજ–૨૦૦૦ જેવા લડાકુ વિમાનોએ ભાગ લીધો છે.

**(૩) શારદા કુમાર હોટા– નેશનલ હાઉસિંગ બેન્ક :**

– તાજેતરમાં નેશનલ હાઉસિંગ બેન્કના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે શારદા કુમાર હોટાની નિમણૂક કરવામાં આવી.

– તેઓ ત્રણ વર્ષ સુધી આ પદ પર ફરજ બજાવશે.

– અગાઉ તેઓ કૈન ફિન હોમ્સ કંપનીના સીઇઓ અને મેનેજિંગ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા હતા.

– નેશનલ હાઉસિંગ બેન્કનો સંપૂર્ણ હિસ્સો કેન્દ્ર સરકાર ધરાવે છે.

- તેની સ્થાપના રાષ્ટ્રીય આવાસ બેન્ક અધિનિયમન ૧૯૮૭ અંતર્ગત ૯ જુલાઇ ૧૯૮૮ના રોજ થઇ હતી.
- તેનું મુખ્યાલય નવી દિલ્લી ખાતે થઇ હતી.

**(૪) અપર્ણાકુમાર – સેવન સમિટ ચેલેન્જ :**

- તાજેતરમાં ભારતીય પોલીસ સેવા અધિકારી અને ઇન્ડો–તીબ્બત બોર્ડર પોલીસ ફોર્સમાં DIG તરીકે ફરજ બજાવતા અપર્ણાકુમારે ઉત્તર અમેરિકાના સૌથી ઊંચા પર્વત દેનાલીની ચઢાઇ કરી.
- આ સાથે જ તેઓ સાત મહાદ્વીપોના સૌથી ઊંચા પર્વતોની સફળતાપૂર્વક ચઢાઇ કરનાર પ્રથમ આઇપીએસ અધિકારી બન્યા.
- અપર્ણાકુમાર ૨૦૦૨ બેચના ઉત્તર પ્રદેશના કેડરના અધિકારી છે.
- સાત મહાદ્વીપના સૌથી ઊંચા પર્વતોની ચઢાઇ કરવાને 'સેવન સમિટ ચેલેન્જ' નામથી ઓળખવામાં આવે છે.
- આ ચેલેન્જને સર્વપ્રથમ વર્ષ ૧૯૮૫માં ડિડ બાસ દ્વારા પૂર્ણ કરવામાં આવી હતી.

**'સેવન સમિટ ચેલેન્જ' અંતર્ગત શામિલ પર્વત :**

૧. કાર્સટેન્જ પિરમિટ – ૪૮૮૪ મીટર (ઓસ્ટ્રેલિયા)
૨. કિલીમંઝારો – ૫૮૯૨ મીટર (આફ્રિકા)
૩. એલ્બ્રુસ– ૫૬૪૨ મીટર (યુરોપ)
૪. આકાંકકગુઆ – ૬૯૬૨ મીટર (દક્ષિણ અમેરિકા)
૫. દેનાલી (માઉન્ટ મૈકિનલે) ૬૧૯૪ મીટર (ઉત્તર અમેરિકા)
૬. વીન્સન મૈસિફ ૪૮૯૨ મીટર (એંટાર્ટિકા)
૭. માઉન્ટ એવરેસ્ટ– ૮૮૪૮ મીટર

**(૫) જળ શક્તિ અભિયાન :**

- તાજેતરમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત દ્વારા 'જળ શક્તિ અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું.
- આ અભિયાન દેશમાં જળસંરક્ષણ અને જળ સુરક્ષાના ઉદ્દેશ્યથી લોન્ચ કરવામાં આવ્યું છે.
- જળ શક્તિ મંત્રાલય દ્વારા ૧ જુલાઇ ૨૦૧૯ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી આ અભિયાન જનભાગીદારીથી ચલાવવામાં આવશે.
- આ અભિયાન અંતર્ગત દેશના ૨૫૬ જિલ્લા અને ૧૫૯૨ ક્ષેત્રને જોડવામાં આવશે.
- અભિયાનનો બીજો ભાગ ૧ ઓક્ટોબર ૨૦૧૯થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી ચલાવવામાં આવશે.
- આ અભિયાનમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળી કાર્ય કરશે.
- આ અભિયાનના પ્રચાર પ્રસાર માટે શાળા, એનજીઓ, યુવાઓને જોડવામાં આવશે.
- તાજેતરમાં પ્રધાનમંત્રી મોદીએ જળ સંચય હેતુથી દેશના સરપંચોને પત્ર લખ્યો હતો.

**અભિયાન દ્વારા આવરી લેવાતા ક્ષેત્રો :**

- જળ સંરક્ષણ અને વરસાદી પાણીનો સંગ્રહ
- પરંપરાગત અને અન્ય જળાશયોનું રિનોવેશન
- જળનો પુનઉપયોગ
- વનીકરણ
- વોટરશેડ વિકાસ

**જળશક્તિ મંત્રાલય :**

- કેન્દ્ર સરકાર દ્વારા 'જળ શક્તિ' નામના નવા મંત્રાલયની રચના કરવામાં આવી હતી.
- આ મંત્રાલય જળ સંસાધન, નદી, વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રાલય તથા પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયનું મર્જર બાદ રચવામાં આવ્યું છે.
- આ મંત્રાલય દ્વારા જળ પ્રબંધ અને વિનિયમનનું કાર્ય કરવામાં આવશે.
- ભારત સરકારના નવા જળશક્તિ મંત્રાલયના પ્રથમ મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત છે.
- આ મંત્રાલયના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી રતનલાલ કટારિયા છે.

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ ફ્રી દિવસ ક્યારે મનાવાય છે?
– ૩ જુલાઇ
૨ 'ગરૂડ–૬' સંયુક્ત અભ્યાસ કયા કયા દેશ વચ્ચે થયો ?
– ભારત – ફ્રાંસ
૩ નેશનલ હાઉસિંગ બેન્કના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
– શારદા કુમાર હોટા
૪ સાત મહાદ્વીપોના સૌથી ઉંચા પર્વતોની સફળતાપૂર્વક ચઢાઇ કરનાર પ્રથમ IPS અધિકારી જણાવો ?
– અપર્ણા કુમાર
૫ 'જળ શક્તિ અભિયાન' કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું ?
– ગજેન્દ્રસિંહ શેખાવત

## 4.July 2019

**(૧) સ્વામી વિવેકાનંદ નિર્વાણ દિન :**

- સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨ જાન્યુઆરી ૧૮૬૩ના રોજ કોલકત્તા ખાતે થયો હતો.
- તેમનું મૂળ નામ નરેન્દ્રનાથ દત્ત હતું.
- તેમનું નિધન ૪ જુલાઇ ૧૯૦૨ના રોજ બંગાળના બેલુરમઠ ખાતે થયું હતું.
- સ્વામી વિવેકાનંદ દ્વારા યુવાઓને ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહોનું સુત્ર આપ્યું હતું.
- દર વર્ષે તેમના જન્મ દિવસ નિમિત્તે ૧૨ જાન્યુઆરીના રોજ ભારતભરમાં રાષ્ટ્રીય યુવા દિવસ મનાવવામાં આવે છે.
- સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૮૪થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ૧૮૯૩માં અમેરિકા સ્થિત શિકાગોમાં યોજાયેલી વિશ્વ ધર્મ મહાસભામાં તેમણે ભારતની વતી સનાતન ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- તેમના ગુરૂ રામકૃષ્ણ પરમહંસ હતા.
- આંતરરાષ્ટ્રીય યુવા દિવસ– ૧૨ ઓગસ્ટ

**(૨) એન.એસ. વિશ્વનાથન – આરબીઆઇ ડેપ્યુટી ગવર્નર :**

- ભારતીય રિઝર્વ બેન્કના ડેપ્યુટી ગર્વનર તરીકે ફરજ બજાવતા એન.એસ. વિશ્વનાથનો કાર્યકાળ ૧ વર્ષ માટે વધારવામાં આવ્યો.
- તેઓ આ પદ પર ૪ જુલાઇ ૨૦૧૬ થી કાર્ય કરે છે.
- હાલ આરબીઆઇના વર્તમાન ગવર્નરમાં એન.એસ. વિશ્વનાથ, બી.પી. કાનુન્ગો અને મહેશકુમાર જૈનનો સમાવેશ થાય છે.



Vivekanand Academy Gandhinagar

- થોડા સમય અગાઉ આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર તરીકે વિરલ આચાર્યએ રાજીનામું આપ્યું હતું.

**રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા :**

- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) ની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૩૫ના રોજ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૩૪ અંતર્ગત થઇ હતી.
- શરૂઆતના વર્ષોમાં આરબીઆઇ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી બાદમાં વર્ષ ૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- આરબીઆઇ ભારતની મધ્યસ્થ બેંક છે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે.
- આરબીઆઇનું મુખ્યમથક મુંબઇ ખાતે આવેલ છે.
- આરબીઆઇના પ્રથમ ગવર્નર – સર ઓસ્બ્રોન સ્મિથ હતા.
- આરબીઆઇના વર્તમાન ગવર્નર શક્તિકાંતદાસ છે. તેઓ આરબીઆઇના ૨૫માં ગવર્નર તરીકે ૧૨ ડિસેમ્બર ૨૦૧૮ થી આ પદ પર છે.

**(૩) સીએનજી સહભાગી યોજના – ગુજરાત સરકાર :**

- ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સીએનજી સહભાગી યોજના અંતર્ગત આગામી બે વર્ષમાં રાજ્યના વિવિધ જિલ્લા અને તાલુકાઓમાં ૩૦૦ થી વધુ સીએનજી સ્ટેશનો શરૂ કરવામાં આવશે.
- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો.
- વાહન ચાલકોને સરળતાથી સીએનજી ઉપલબ્ધ કરવાના ઉદ્દેશ્યથી આ નિર્ણય લેવામાં આવ્યો.
- રાજ્યમાં નવા સીએનજી સ્ટેશનની સ્થાપના રાજ્ય સરકાર હસ્તક કાર્ય કરતી ગુજરાત ગેસ લિમિટેડ અને સાબરમતી ગેસ લિમિટેડ કંપની દ્વારા કરવામાં આવશે.
- નવા સીએનજી સ્ટેશનની સ્થાપનાથી વાતાવરણમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદ થશે.
- CNG- Compressed Natural Gas

**(૪) જગન્નાથ રથયાત્રા :**

- અષાઢી બીજનો તહેવાર ભગવાન જગન્નાથની રથયાત્રા માટે પણ પ્રસિદ્ધ છે.
- પુરીમાં આવેલા જગન્નાથ, ભાઇ બલભદ્રજી અને બહેન સુભદ્રા દેવી સાથે નગરચર્યાએ નિકળે છે.
- આ પવિત્ર યાત્રા રથયાત્રા તરીકે ઓળખાય છે.
- પુરીમાં જગન્નાથજી મંદિર ઉપરાંત દેશભરમાં અનેક કૃષ્ણમંદિરોમાંથી રથયાત્રા નિકળે છે.
- અષાઢી બીજના દિવસે અમદાવાદ ખાતેના જલામપુર વિસ્તારથી ૧૪૨મી રથયાત્રાનો મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સોનાની સાવરણી દ્વારા સફાઇ કરીને પારંપારિક પહિંદ વિધિ કરી પ્રારંભ કરાવ્યો હતો.
- મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ત્રીજી વખત પહિંદ વિધિ કરવામાં આવી છે.
- અષાઢી સુદ બીજના દિવસે નીકળતી અમદાવાદની આ રથયાત્રા ઓડિશા અને કલકત્તામાં યોજાતી રથયાત્રા બાદ દેશની ત્રીજા ક્રમની સૌથી મોટી રથયાત્રા છે.
- જમાલપુર ખાતે આવેલ ભગવાન જગન્નાથ મંદિરની સ્થાપના સાધુ સારંગદાસ દ્વારા કરવામાં આવી હતી.
- અમદાવાદ રથયાત્રાની શરૂઆત વર્ષ ૧૮૭૮માં સંત નૃસિંહદાસ કરવામાં આવી.
- વર્ષ ૨૦૧૮માં યોજાયેલ ૧૪૧ મી રથયાત્રા હેરિટેજ થીમ પર યોજાય હતી.

**રથયાત્રાના રથ**

રથનું નામ : નંદી ઘોષ
બિરાજમાન : ભગવાન જગન્નાથ
સારથી : દારૂક
રથના પૈડા : ૧૮

રથનું નામ : દેવદલન
બિરાજમાન : સુભદ્રા દેવી
સારથી : અર્જુન
રથના પૈડા : ૧૪

રથનું નામ : તાલધ્વજ
બિરાજમાન : બલભદ્રજી
સારથી : મતાલી
રથના પૈડા : ૧૬

**(૫) એક્યુટ એન્સેફેલાઇટિસ સિન્ડ્રોમ અને જાપાની એન્સેફેલાઇટિસ અભિયાન :**

- તાજેતરમાં ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા એક્યુટ એન્સેફેલાઇટિસ સિન્ડ્રોમ અને જાપાની એન્સેફેલાઇટિસ રોગને રોકવા માટે અભિયાન લોન્ચ કરવામાં આવ્યું.
- આ અભિયાન ઉત્તરપ્રદેશ સરકાર અને યુનિસેફ દ્વારા સંયુક્ત રીતે લોન્ચ કરવામાં આવ્યું છે.
- અભિયાનની શરૂઆત ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ઉપસ્થિતિમાં લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ અભિયાન ૧ જુલાઇથી ૩૧ જુલાઇ ૨૦૧૯ સુધી લોન્ચ કરવામાં આવ્યું છે.
- અભિયાન અંતર્ગત રાજ્યના ૭૫ જિલ્લામાં ટીમમો એક્યુટ એન્સેફેલાઇટિસ સિન્ડ્રોમ અને જાપાની એન્સેફેલાઇટિસ રોગને રોકવા અને તેના વિશે જાગરૂકતા ફેલાવવાનું કાર્ય કરશે.

ઉત્તરપ્રદેશ :

- રાજ્યપાલ– રામ નાયક
- મુખ્યમંત્રી – યોગી આદિત્યનાથ
- રાજધાની – લખનૌ
- હાઇકોર્ટ – અલ્હાબાદ હાઇકોર્ટ ( પ્રયાગરાજ ખાતે)
- વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૧
- વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૪

યુનિસેફ :

- United Nations International Children's Emergency Fund
- યુનિસેફની સ્થાપના ૧૧ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ કરવામાં આવી હતી.
- આ સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર અંતર્ગત કાર્ય કરે છે.
- તે બાળકોના જીવનની ગુણવત્તા સુધારવા, બાળકોને યોગ્ય અને પોષણક્ષમ આહાર પ્રાપ્ત થાય એવા કાર્યક્રમોનું આયોજન કરે છે.
- તેનું મુખ્યાલય ન્યુયોર્ક ખાતે આવેલ છે.

પ્રશ્નો :

૧ સ્વામી વિવેકાનંદનો જન્મ ક્યાં થયો હતો ?
– કલકત્તા
૨ સ્વામી વિવેકાનંદનું મૂળનામ જણાવો ?
– નરેન્દ્રનાથ દત્ત
૩ આંતરરાષ્ટ્રીય યુવા દિવસ ક્યારે મનાવાય છે ?
– ૧૨ ઓગસ્ટ
૪ RBI ના ડેપ્યુટી ગવર્નરનું નામ જણાવો ?
– એન.એસ. વિશ્વનાથન
૫ RBI ના ૨૫માં ગવર્નરનું નામ જણાવો ?
– શક્તિકાંત દાસ
૬ CNG નું પુરૂનામ જણાવો ?
– Compressed Natural Gas
૭ તાજેતરમાં કેટલામી જગન્નાથ રથયાત્રાનો વિજયભાઇ રૂપાણીએ પ્રારંભ કરાવ્યો ?
– ૧૪૨ મી
૮ વર્ષ ૨૦૧૮ ની ૧૪૧ મી રથયાત્રા કઇ થીમ પર યોજાય હતી ?
– હેરિટેજ
૯ તાજેતરમાં એક્યુટ એન્સેફલાઇટિસ સિન્ડ્રોમ અને જાપાની એન્સેફેસાઇટિસ અભિયાન કયા રાજ્યમાં લોન્ચ કરાયું.
– ઉત્તરપ્રદેશ

## 5.July 2019

**(૧) દિપાંકર બેનર્જી – PUNCH મિશન નાસા**

- ભારતીય વૈજ્ઞાનિક દિપાંકર બેનર્જીની નાસા દ્વારા PUNCH મિશન માટે પસંદગી કરવામાં આવી.
- નાસા દ્વારા સૂર્યની બહારની સપાટીના ફોટોગ્રાફ્સ લેવાના ઉદ્દેશ્યથી મિશન PUNCH (પંચ)નું આયોજન કરવામાં આવ્યું છે.
- PUNCH - Polarimeter to unify Corona and Helisphere
- દિપાંકર બેનર્જી આ મિશનમાં Co-Investigator તરીકે પસંદગી પામ્યા છે.
- તેમનો જન્મ પશ્ચિમ બંગાળમાં થયો છે. તેઓ 'ટાઇટેનિયમ એલોય' પરના અભ્યાસ માટે જાણીતા છે.
- ડીઆરડીઓમાં તેઓ ચીફ કંટ્રોલર તરીકે સેવા આપી ચૂક્યા છે.
- ભારત સરકાર દ્વારા વિજ્ઞાન ક્ષેત્રે તેમના યોગદાન બદલ વર્ષ ૨૦૦૫માં તેમનું પદ્મશ્રીથી સન્માન કરવામાં આવ્યું છે.
- મુખ્યમથક – વૉશિંગ્ટન– ડીસી
- નાસા અમેરિકાની અંતરિક્ષ સંસ્થા છે જેની સ્થાપના ૨૯ જુલાઇ ૧૯૫૮ના રોજ કરવામાં આવી હતી.
- Nasa- National aeronautics and space administration

**(૨) ભારતના પ્રથમ આધાર કેન્દ્ર :**

- તાજેતરમાં UIDAI દ્વારા દિલ્લી અને આંધ્રપ્રદેશના વિજયવાડા ખાતે પાયલોટ પ્રોજેક્ટ તરીકે આધાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા.
- આ બંને આધાર કેન્દ્ર ભારતના પ્રથમ આધાર કેન્દ્ર છે.
- દેશમાં આધાર રજીસ્ટ્રેશન અને અપડેટ માટે UIDAI દ્વારા વર્ષ ૨૦૧૯ના અંત સુધીમાં આ પ્રકારના ૧૪૪ આધાર કેન્દ્રો શરૂ કરવાની યોજના બનાવવામાં આવી છે.
- હાલ જે. સત્યનારાયણ UIDAI ના ચેરમેન છે, UIDAI ના CEO તરીકે અજય ભુષણ પાડે છે.

**(૩) રાજ્યસભા ચૂંટણી – ગુજરાત :**

- તાજેતરમાં ગુજરાતમાં રાજ્યસભાની બે બેઠકો માટે ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું.
- બે બેઠકો માટે યોજાયેલ આ ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકર અને જુગલજી ઠાકોરનો વિજય થયો છે.
- આ ચૂંટણીમાં ભાજપના બંને ઉમેદવારોને ૧૦૪ મત મળ્યા હતા જ્યારે કોંગ્રેસના ૭૦ મત મળ્યા હતા.
- લોકસભા ચૂંટણી ૨૦૧૯ બાદ રાજ્યસભા સાંસદ અમિત શાહ અને સ્મૃતિ ઇરાનીએ રાજીનામું આપતા આ ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

**રાજ્યસભા :**

- ભારતીય બંધારણના અનુચ્છેદ ૮૦ અંતર્ગત દેશમાં રાજ્યસભાની રચના અંગેની જોગવાઇ છે.
- બંધારણ અનુસાર રાજ્યસભાના સભ્યોની મહત્તમ સંખ્યા ૨૫૦ છે, હાલ દેશમાં ૨૪૫ રાજ્યસભા સભ્યો છે.
- હાલ રાજ્યસભાના સભ્યો પૈકી ૨૩૩ સભ્ય સભામાં ચૂંટાઇ આવ્યા છે જ્યારે ૧૨ સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવી છે જે કલા, સાહિત્ય, વિજ્ઞાન, સમાજ સેવા ક્ષેત્ર સાથે જોડાયેલ છે.
- રાજ્યસભાનું ક્યારેય વિસર્જન થતું નથી કારણ કે તેની કુલ સભ્ય સંખ્યામાંથી ૧/૩ સભ્યો દર ૨ વર્ષે નિવૃત્ત થાય છે અને તેટલા જ સભ્યોની દર ૨ વર્ષે નિમણૂંક કરવામાં આવે છે.
- પ્રત્યેક રાજ્યસભાના સભ્યનો કાર્યકાળ ૬ વર્ષનો હોય છે.
- ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ હોય છે.
- રાજ્યસભાના સભ્ય બનવા માટે ઓછામાં ઓછી ૩૦ વર્ષની ઉંમર જરૂરી છે.
- રાજ્યસભાના સભ્યોની સંખ્યા વસતીના આધારે નક્કી કરવામાં આવે છે.
- હાલ દેશમાં રાજ્યસભા સભ્યોની સંખ્યા વર્ષ ૧૯૭૧ની વસતી ગણતરી મુજબ નક્કી થયેલી છે. જેમાં વર્ષ ૨૦૨૬ સુધી ફેરફાર કરી શકાય તેમ નથી.
- દેશમાં સૌથી વધુ રાજ્યસભાના સભ્યો ઉત્તપ્રદેશના છે જેની સંખ્યા ૩૧ છે.
- ગુજરાતમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા ૧૧ છે.
- રાજ્યસભાના બે સત્ર વચ્ચેનો સમયગાળો ૬ મહિનાથી વધારે હોવો જોઇએ નહીં.
- રાજ્યસભાનું પ્રથમ વખત ગઠન ૩ એપ્રિલ ૧૯૫૨ના રોજ થયું હતું રાજ્યસભાની પ્રથમ બેઠક ૧૩ મે ૧૯૫૨ના રોજ થઇ હતી.
- રાજ્યસભાના પ્રથમ સભાપતિ ડૉ. રાધાકૃષ્ણન અને ઉપસભાપતિ એસ.વી. કૃષ્ણમૂર્તિરાવ હતા.

**કેન્દ્રીય વિદેશમંત્રી એસ. જયશંકર :**

Vivekanand Academy Gandhinagar

- નવી રચાયેલ મોદી સરકારમાં એસ. જયશંકરને વિદેશ મંત્રી બનાવવામાં આવ્યા છે.
- તેઓ અગાઉ દેશના વિદેશ સચિવ તરીકે સેવા આપતા હતા.
- આ ઉપરાંત તેઓ અમેરિકા, ચીન, ચેક રિપબ્લિક જેવા દેશોમાં ભારતના રાજદૂત તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.
- દેશમાં સૌથી લાંબો સમય વિદેશ સચિવ તરીકે સેવા આપવાનો રેકોર્ડ તેમના નામે છે.
- તેમનો જન્મ નવી દિલ્લી ખાતે થયો હતો. તેઓ ૧૯૭૭ બેચના આઇએફએસ અધિકારી છે.
- તેમનું પુરનામ સુબ્રમણ્યમ જયશંકર છે.

પ્રશ્નો :

૧ નાસાના PUNCH મિશન માટે કયા ભારતીય વૈજ્ઞાનિકની પસંદગી કરવામાં આવી છે ?
- દિપાકર બેનર્જી

૨ UIDAI ના ચેરમેન જણાવો ?
- જે. સત્યનારાયણ

૩ નાસાનું મુખ્યમથક કયાં આવેલું છે ?
- વોશિંગ્ટન DC

૪ ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં રાજયસભાની રચના અંગેની જોગવાઇ છે ?
- 80

૫ હોદ્દાની રૂએ રાજ્યના સભાપતિ કોણ હોય છે ?
- ઉપરાષ્ટ્રપતિ

૬ રાજયસભાના પ્રથમ સભાપતિ કોણ હતા ?
- ડૉ. રાધાકૃષ્ણન

## 6.July 2019

**(૧) પશ્ચિમ બંગાળ રાજ્યનું નામ બદલવાનો પ્રસ્તાવ નામંજૂર :**

- તાજેતરમાં પશ્ચિમ બંગાળ રાજ્ય સરકાર દ્વારા રાજ્યનું નામ બદલીને બાંગ્લા રાખવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકાર સમક્ષ મૂકવામાં આવ્યો હતો.
- આ પ્રસ્તાવનો કેન્દ્ર સરકાર દ્વારા અસ્વીકાર કરવામાં આવ્યો.
- પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા નામ બદલવવાનો પ્રથમ પ્રસ્તાવ વર્ષ ૨૦૧૬માં કેન્દ્ર સમક્ષ મૂકવામાં આવ્યો હતો. જેને કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા અસ્વીકાર કરવામાં આવ્યો હતો.
- બંધારણના અનુચ્છેદ ૩ મુજબ સંસદને રાજ્યના પ્રસ્તાવ વગર પણ નામ બદલવાનો અધિકાર છે.
- અનુચ્છેદ ત્રણ અંતર્ગત નવા રાજ્યની રચના અથવા અસ્તિત્વ ધરાવતા રાજ્યની સીમા, નામ ક્ષેત્રોમાં પરીવર્તન સંસદ કાયદા દ્વારા કરી શકે છે.
- દેશમાં કોઇપણ રાજ્યના નામ બદલવાની પ્રક્રિયા રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવે તો સર્વપ્રથમ રાજ્ય વિધાન સભામાં પ્રસ્તાવ પસાર કરવાનો હોય છે બાદમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય સમક્ષ રજૂ કરવામાં આવે છે.

**પશ્ચિમ બંગાળ :**

- રાજ્યપાલ – કેશરીનાથ ત્રિપાઠી
- મુખ્યમંત્રી – મમતા બેનર્જી
- રાજધાની – કલકત્તા
- હાઇકોર્ટ – કલકત્તા હાઇકોર્ટ
- વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૪
- વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૧૪

**(૨) વિશેષ ગેંડા સુરક્ષા દળ– કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન :**

- તાજેતરમાં કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનમાં ગેંડાની વિશેષ સુરક્ષા માટે વિશેષ ગેંડા સુંરક્ષા દળને તૈનાત કરવામાં આવ્યું.
- આ દળમાં ૮૨ સભ્યો રાખવામાં આવ્યા છે. દળના સભ્યોને સુરક્ષા હેતુથી વિશેષ પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે.
- આ દળ રાષ્ટ્રીય ઉદ્યાનમાં થતાં ગેરકાયદેસર શિકાર પર કાર્યવાહી કરશે.
- આ દળની સ્થાપના વર્ષ ૨૦૧૫માં કરવામાં આવી હતી. દળના તમામ સુરક્ષા કર્મીઓને આસામના મુકુમ ખાતે આવેલ ફોરેસ્ટ ગાર્ડ સ્કૂલમાં પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે.
- આ દળનું ગઠન કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે.

**કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન**

- કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન ભારતના ઉત્તર પૂર્વી રાજ્ય આસામમાં આવેલ છે.
- આ ઉદ્યાન આસામના નગાંવ અને ગોળઘાટ જિલ્લામાં આવેલ છે.
- આ ઉદ્યાન ૪૩૦ વર્ગ કિલોમીટર ક્ષેત્રમાં ફેલાયેલ છે.
- આ ઉદ્યાનને યુનેસ્કો દ્વારા વર્ષ ૧૯૮૫માં વર્લ્ડ હેરિટેજ સ્થળ તરીકે દરજ્જો આપવામાં આવ્યો છે.

**(3) AFSPA - નાગાલેન્ડ**

- તાજેતરમાં ગૃહ મંત્રાલય દ્વારા નાગાલેન્ડમાં લાગુ આર્મ્ડ ફોર્સિસ સ્પેશિયલ પાર્વસ એક્ટ ૧૯૫૮ને ૬ મહિના સુધી વધાર્યો. આ નિર્ણય બાદ હવે નાગાલેન્ડમાં આ કાયદો ડિસેમ્બર સુધી લાગુ રહેશે.
- અગાઉ એપ્રિલ ૨૦૧૯માં ગૃહમંત્રાલય દ્વારા અરૂણાચલ પ્રદેશના ત્રણ જિલ્લામાંથી AFSPA કાયદો હટાવવામાં આવ્યો.
- આ સાથે જ સમગ્ર અરૂણાચલ પ્રદેશમાંથી આ કાયદો આંશિક રીતે હટાવવામાં આવ્યો હતો.
- હાલ દેશના ૫ રાજ્યોમાં આ કાયદો લાગુ છે. જેમાં આસામ, નાગાલેન્ડ, મણિપુર, મેઘાલય અને જમ્મુ કાશ્મીરનો સમાવેશ થાય છે.

**AFSPA (આર્મ્ડ ફોર્સિઝ સ્પેશિયલ પાવર્સ એક્ટ) :**

- આ કાયદો ભારતીય સુરક્ષા દળોને ડિસ્ટર્બ એરિયામાં વિશેષ અધિકારો આપે છે.
- આ કાયદો ભારતીય સંસદ દ્વારા ૧ સપ્ટેમ્બર ૧૯૫૮ના રોજ પસાર કરવામાં આવ્યો હતો.
- ભારતમાં સૌ પ્રથમ વખત આફસ્પાનો ઉપયોગ આસામના નાગા હિલ્સ ક્ષેત્રમાં લાગુ થયો હતો.
- ત્યારબાદ આ કાયદો પૂર્વોત્તરના સેવન સિસ્ટર્સમાં લાગુ કરવામાં આવ્યો હતો.

Vivekanand Academy Gandhinagar

- વર્ષ ૧૯૯૦માં જમ્મુ કાશ્મીર માટે ખાસ આર્મ્ડ ફોર્સિઝ જમ્મુ કાશ્મીર સ્પેશિયલ પાવર્સ એક્ટ લાગુ કરવામાં આવ્યો હતો.
- કાયદા અંતર્ગત સુરક્ષા દળોને કોઈપણ જગ્યાની તપાસ અને વોરંટ વગર કોઇની ધડપકડ કરવાની સત્તા મળે છે.
- સુરક્ષા દળ શંકાના આધારે કોઇપણ વાહનની તપાસ કે તેને જપ્ત કરી શકે છે.
- કાયદો વ્યવસ્થાનો ભંગ કરનાર વ્યક્તિ પર સુરક્ષા દળો દ્વારા ચેતવણી બાદ ગોળી ચલાવી શકાય છે.

**(૪) વર્લ્ડ યુનિવર્સિટી રેંકિંગ – ૨૦૨૦**

- તાજેતરમાં બ્રિટનની એજ્યુકેશનલ કંપની Quacquarelli Symonds દ્વારા વર્લ્ડ યુનિવર્સિટી રેંકિંગ ૨૦૨૦ જાહેર કરવામાં આવ્યું.
- આ રેંકિંગમાં વિશ્વની ૧૦૦૦ શ્રેષ્ઠ યુનિવર્સિટીઓની યાદી જાહેર કરવામાં આવી.
- આ રેંકિંગમાં પ્રથમ સ્થાને અમેરિકની Massachusetts Institute of Technology (MIT) છે.
- આ રેંકિંગમાં Stanford University અને Harvard University અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- વિશ્વની ૧૦૦૦ યુનિવર્સિટીઓની આ યાદીમાં ભારતની ૨૩ શૈક્ષણિક સંસ્થાઓને સ્થાન મળ્યું છે.
- વિશ્વની ૨૦૦ શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓમાં ભારતની ત્રણ સંસ્થાઓને સ્થાન મળ્યું છે.
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનૉલોજિ બોમ્બે (૧૫૨માં ક્રમે)
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનૉલોજિ દિલ્લી (૧૮૨માં ક્રમે)
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાઇન્સ (૧૮૪માં ક્રમે)

**પ્રશ્નો :**

૧ તાજેતરમાં કયા રાજયએ પોતાનું નામ બદલવાનો પ્રસ્તાવ મુક્યો હતો ?
- પશ્ચિમ બંગાળ

૨ કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન કયાં આવેલું છે ?
- આસામ

૩ AFSPA નું પુરૂનામ જણાવો ?
- આર્મ્ડ ફોર્સિઝ સ્પેશિયલ પાવર્સ એક્ટ

૪ વર્લ્ડ યુનિવર્સિટી રેંકિંગ ૨૦૨૦માં ભારતની કેટલી યુનિવર્સિટીને સ્થાન મળ્યું છે ?
- ૨૩

## 7.July 2019

**(૧) વર્લ્ડ ચોકલેટ ડે :**

- દર વર્ષે ૭ જુલાઇના રોજ વિશ્વભરમાં વર્લ્ડ ચોકલેટ ડે માનવવામાં આવે છે.
- આ દિવસ ચોકલેટના ઉત્પાદનો અને તેના વપરાશને ધ્યાને લઇને મનાવવામાં આવે છે.
- વર્લ્ડ ચોકલેટ ડેની પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૦૯માં કરવામાં આવી હતી.
- વિશ્વના ઘણા દેશો રાષ્ટ્રીય ચોકલેટ દિવસ પણ ઉજવે છે. અમેરિકામાં ૨૮ ઓક્ટોબરના રોજ વિશ્વ ચોકલેટ દિવસ મનાવવામાં આવે છે.

**(૨) ૨૦૧૯ ગ્લોબલ એક્સિલેન્જ એવોર્ડ – અજય બંગા અને અઝીમ**

- અમેરિકા –ઇન્ડિયા સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ ફોરમ (USISPF) દ્વારા માસ્ટરકાર્ડના સીઇઓ અજય બંગા અને વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજીને ૨૦૧૯ ગ્લોબલ એક્સિલેન્સ એવોર્ડથી સન્માનીત કરવામાં આવશે.
- આ સન્માન અમેરિકા વોશિંગ્ટન ખાતે અમેરિકાના રાષ્ટ્રપતિના વરિષ્ઠ સચિવ જરેડ કુશનર દ્વારા USISPF ની બીજી લીડરશિપ સમિટ દરમ્યાન આપવામાં આવશે.
- USISPF દ્વારા દર વર્ષે એક સમિટનું આયોજન કરવામાં આવે છે.
- અમેરિકા – ઇન્ડિયા સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ ફોરમ (USISPF) ની સ્થાપના વર્ષ ૨૦૧૭માં કરવામાં આવી હતી.
- આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત અને અમેરિકાના દ્વિપક્ષીય સંબંધો અને સ્ટ્રેટેજીક પાર્ટનરશિપને મજબૂત કરવાનો છે.

**અજય બંગા :**

- ભારતીય મૂળના અજય બંગા અમેરિકી કંપની માસ્ટરકાર્ડના સીઇઓ છે. માસ્ટરકાર્ડ કંપની દ્વારા ભારતના ડિજિટલ ઇન્ડિયાને મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમમાં પોતાનું યોગદાન આપ્યું છે.

**અઝિમ પ્રેમજી**

- અઝીમ પ્રેમજી હાલ વિપ્રો કંપનીના ચેરમેન છે. વિપ્રો દેશની સૌથી મોટી આઇટી કંપની પૈકી એક છે.

**(3) ભારતીય કૃષિ સુધારણા માટે સમિતિની રચના :**

- તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલ બેઠકમા ભારતીય કૃષિ સુધારણા માટે દેશના અલગ અલગ રાજ્યના મુખ્યમંત્રીઓની એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી.
- આ સમિતિ નીતિ આયોગ સંબંધિત રહેશે.
- આ સમિતિ કૃષિ ક્ષેત્રે સુધારા અને ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે ભલામણ કરશે.
- સમિતિએ પોતાનો રિપોર્ટ બે મહિનામાં રજૂ કરવાનો રહેશે.
- આ સમિતિમાં દેશના કુલ ૯ સભ્યો છે જેના અધ્યક્ષ તરીકે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસને નિયુક્ત કરવામાં આવ્યા છે.
- સમિતિમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- સમિતિના અન્ય સભ્યોમાં હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર, અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમાં ખાંડું, કર્ણાટકના મુખ્યમંત્રી એચડી કુમારસ્વામી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલાનાથનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર સભ્ય તરીકે રહેશે.
- નીતિ આયોગના સભ્ય રમેશચંદ્ર આ સમતિના સચિવ રહેશે.

**નીતિ આયોગ :**

– પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ આયોજન પંચના સ્થાને દેશને નવા વર્ષની ભેટ તરીકે નીતિ પંચની ભેટ આપી હતી.

– જેથી ૧ જાન્યુઆરી, ૨૦૧૫ થી ૧૨ મી પંચવર્ષીય યોજના અને ૬ વાર્ષિક યોજનાઓ બનાવનાર ૬૫ વર્ષ જૂના આયોજન પંચનો અંત થઇ ગયો છે.

– આયોજન પંચનું નામ અને સ્વરૂપ બદલીને નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા કરી દેવાયું છે. જેને ટુંકમા નીતિ પંચ કહે છે.

– નીતિ પંચમાં આયોજન પંચની જેમ જ તેના અધ્યક્ષ તરીકે હોદ્દાની રૂએ પ્રધાનમંત્રી ફરજ બજાવશે.

– નીતિ પંચમાં એક ઉપાધ્યક્ષ અને સીઇઓ (ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર) પણ હોય છે.

– નીતિ પંચ ત્રણ વિભાગનું બનેલું છે.

– ઈન્ટરસ્ટેટ કાઉન્સીલ

– લાંબાગાળાની યોજના બનાવી તેના પર દેખરેખ

– ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર યોજના અને UIDAI

**(૪) દેશની સૌથી મોટી ઇલેક્ટ્રીફાઇડ ટનલનું નિર્માણ – ભારતીય રેલવે :**

– તાજેતરમાં દક્ષિણ કેન્દ્રીય રેલવે દ્વારા દેશની સૌથી મોટી ઇલેક્ટ્રીફાઇડ રેલવે ટનલનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું.

– આ ટનલ આંધ્રપ્રદેશના નેલ્લોર જિલ્લાના રાપુર અને ચેર્લોપલ્લી સ્ટેશન વચ્ચે ૬.૬ કિલોમીટરની લંબાઇમાં બનાવવામાં આવી છે.

– આ ટનલનું નિર્માણ ' ન્યુ ઓસ્ટ્રેલિયન ટનલિંગ મેથડ' થી કરવામાં આવ્યું છે.

**ભારતની મહત્વની ટનલ :**

**રોડ ટનલ :**

– ભારતની સૌથી મોટી રોડ ટનલ ચેનાની– નાશરી ટનલ છે તેની લંબાઇ ૯.૨૮ કિલોમીટર છે. આ ટનલ ભારતની પ્રથમ ટનલ છે જેમાં ઇંટ્રીગ્રેટેડ ટનલ કંટ્રોલ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ટનલ જમ્મુ કશ્મીર રાજ્યમાં NH-44 હાઇવે પર આવેલ છે. આ ટનલનું લોકાર્પણ વર્ષ ૨૦૧૭માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

**રેલવે ટનલ :**

– ભારતની સૌથી મોટી રેલવે ટનલ પિર પંજાબ રેલવે ટનલ છે. તેની લંબાઇ ૧૧.૨૧ કિલોમીટર છે. આ ટનલ હિમાલય પર્વત પર જમ્મુ કશ્મીર રાજ્યમાં આવેલ છે. આ ટનલ બનિહાલ અને હિલર શાહબાદ વચ્ચે આવેલ છે જેનું લોકાર્પણ વર્ષ ૨૦૧૩માં કરવામાં આવ્યું હતું.

પ્રશ્નો :

૧ વર્લ્ડ ચોકલેટ ડે ક્યારે મનાવાય છે ?

– ૭ જુલાઇ

૨ ૨૦૧૯નો ગ્લોબલ એક્સિલેન્સ એવોર્ડ કોને એનાયત થયો ?

– અજય બંગા બને અઝીમ પ્રેમજી

૩ નીતિ આયોગની રચના ક્યારે થઇ હતી ?

– ૧ જાન્યુઆરી ૨૦૧૫

૪ દેશની સૌથી મોટી ઇલેક્ટ્રીકફાઇડ ટનલનું નિર્માણ ક્યાં રાજ્યમાં થયું ?

– આંધ્રપ્રદેશ

૫ ભારતની સૌથી મોટી રોડ ટનલ કયા રાજ્યમાં આવેલ છે ?

– જમ્મુ કાશ્મીર

૬ ભારતની સૌથી મોટી રેલવે ટનલનું નામ જણાવો ?

– પીર પંજાલ રેલવે ટનલ

## 8.July 2019

**(૧) જયપુર– દેશની ૩૮મી વર્લ્ડ હેરિટજ સાઇટ :**

– તાજેતરમાં યુનેસ્કો દ્વારા રાજસ્થાનના જયપુરને સાંસ્કૃતિક સ્થળ તરીકે વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરવામાં આવ્યું.

– અઝરબેજાનની રાજધાની બાકુ ખાતે યોજાયેલ યુનેસ્કોના ૪૩માં સત્રમાં આ જાહેરાત કરવામાં આવી.

– આ સત્રમાં વિશ્વની કુલ ૨૯ નવી હેરિટેજ સાઇટ જાહેર કરવામાં આવી.

– યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સ્થાન મેળવનાર જયપુર દેશની ૩૮મી સાઇટ છે.

– જયપુર યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સ્થાન પામનાર રાજસ્થાનની ચોથી સાઇટ છે.

– રાજસ્થાનની અન્ય વર્લ્ડ હેરિટેજ સાઇટ :

– કેવલા નેશનલ પાર્ક

– જંતરમંતર

– હિલ ફોર્ટ્સ ઓફ રાજસ્થાન

– જયપુરની સ્થાપના ૧૭મી સદીમાં રાજા જયસિંહ બીજા દ્વારા કરવામાં આવી હતી.

– ભારત દ્વારા ઓગસ્ટ ૨૦૧૮માં જયપુરને વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો આપવા પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

– યુનેસ્કોના ૪૩માં સત્રમાં જયપુરને વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરવા ૨૧ દેશો પૈકી ૧૬ દેશોના પ્રતિનિધિઓએ સમર્થન આપ્યું હતું.

– વિશ્વમાં સૌથી વધુ વર્લ્ડ હેરિટેજ સાઇટ ઇટાલીમાં આવેલી છે.

– ભારતમાં કુલ ૩૮ વર્લ્ડ હેરિટેજ સાઇટ છે. જેમાં ૩૦ સાંસ્કૃતિક સ્થળો, સાત પ્રાકૃતિક સ્થળો અને એકમિશ્રિત સાઇટ શામેલ છે.

– ભારતમાં સૌથી વધુ વર્લ્ડ હેરિટેજ સાઇટ મહારાષ્ટ્રમાં આવેલ છે. (કુલ – ૬)

– ભારતનો તાજ મહેલની વિશ્વની ટોપ– ૫ હેરિટેજ સાઇટમાં સ્થાન ધરાવે છે.

– ભારતની પ્રથમ હેરિટેજ સાઇટ્સ તરીકે વર્ષ ૧૯૮૩માં અર્જંતાની ગુફા (મહારાષ્ટ્ર) જાહેર કરાઇ છે.

– ગુજરાતમાં ચાંપાનેર (૨૦૦૪), રાણકીવાવ (૨૦૧૪), અમદાવાદ શહેર (૨૦૧૭)

– અમદાવાદ ભારતનું એકમાત્ર હેરિટેજ શહેર છે.

– દર વર્ષે ૧૮ એપ્રિલના રોજ વર્લ્ડ હેરિટેજ ડે મનાવવામાં આવે છે.

**Unesco**

– યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન

(United Nations Educationl, Scientific and Cultural Organization)

- સ્થાપના : ૪ નવેમ્બર ૧૯૪૬
- વડુમથક – પેરિસ, ફ્રાન્સ
- સભ્યદેશો : ૧૯૩
- યૂનેસ્કોનો મુખ્ય હેતુ શિક્ષણ, પ્રકૃતિ, સમાજવિજ્ઞાન, સંસ્કૃતિ તથા સંચારના માધ્યમથી આંતરરાષ્ટ્રીય શાંતિમાં વધારો કરવાનો છે.

**(૨) AMFFR-નીતિ આયોગ :**

- તાજેતરમાં નીતિ આયોગ દ્વારા AMFFR (Agricultural Marketing and Farmer Friendly Reforms) ઇન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો.
- આ ઇન્ડેક્સ કૃષિ માર્કેટિંગ ક્ષેત્ર રાજ્યો દ્વારા લેવામાં આવેલ નિર્ણય પર આધારિત છે.
- આ ઇન્ડેક્સમાં મહારાષ્ટ્ર પ્રથમ સ્થાને રહ્યું.
- આ ઇન્ડેક્સમાં ગુજરાત બીજા સ્થાને છે, ગુજરાતને ૧૦૦માંથી ૭૧.૫ સ્કોર પ્રાપ્ત થયો છે.
- આ ઈન્ડેક્સમાં અનુક્રમે ત્રીજા અને ચોથા સ્થાને રાજસ્થાન અને મધ્યપ્રદેશ છે.
- નીતિ આયોગ– નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા

**(૩) ગુજરાત રાજ્યના પ્રથમ ઇથેનોલ પ્લાન્ટનું લોકાર્પણ :**

- તાજેતરમાં ગુજરાતના નર્મદા જિલ્લામાં રાજ્યના પ્રથમ ઇથેનોલ પ્લાન્ટનું લોકાર્પણ નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલ દ્વારા કરવાં આવ્યું.
- આ પ્લાન્ટ દેશનો ત્રીજો ઇથેનોલ પ્લાન્ટ છે.
- નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં આવેલ નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી ખાતે આ પ્લાનનું નિર્માણ ૬૦ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે.
- આ ઇથેનોલ પ્લાન્ટમાં દૈનિક ૪૦ હજાર લિટર ઇથેનોલનું નિર્માણ કરાશે.
- હાલ સુધી રાજ્યમાં શેરડીના બાય પ્રોડક્ટ તરીકે મેસલીસમાંથી ઇથેનોલનું નિર્માણ કરવામાં આવતું હતું.
- નવ નિર્મિત પ્લાન્ટમાં હવે સીધુ જ ઇથેનોલનું નિર્માણ કરવામાં આવશે.

**ઇથેનોલ ($CH_3CH_2OH$)**

- ઇથેનોલ સામાન્ય રીતે આલ્કોહોલ તરીકે પણ ઓળખાય છે. નાશકારક પીણાં તેમજ કેટલાક સિરપ, કફ અને પાચન માટે જરૂરી ઘટ્ટ પ્રવાહી દવામાં ઘટક તરીકે ઉપયોગમાં આવે છે.

**ઇથેનોલના ઉપયોગો :**

(૧) ઉદ્યોગોમાં દ્રાવક તરીકે લેકર (Lacquers) વર્નિસ, અત્તર (Pefumes) જેવાં સુગંધી દ્રવ્યો તથા દાવાઓમાં થાય છે.

(૨) ઔષધ તરીકે તે ચેપનાશક હોવાથી સાફ કરવા (ગૂમડાં) ડ્રેસિંગમાં તેનો ઉપયોગ થાય છે.

(૩) ઇથેનોલનો ઉપયોગ નશાયુક્ત પીણાં પીવામાં ન થાય તે માટે ઝેરી પદાર્થ મિથેનોલ, કૉપર સલ્ફેટ જેવા કેટલાક પદાર્થો મિશ્રિત કરવામાં આવે છે.

(૪) ૫ ટકા પાણી ધરાવતા ઇથેનોલના દ્રાવણને રેક્ટિફાઇડ સ્પિરિટ કહે છે, જે શરીરની બાહ્ય સપાટીને જંતુમુક્ત કરવા માટે ઉપયોગી છે. ૧૦૦ ટકા ઇથેનોલને ઍબ્સોલ્યુટ આલ્કોહોલ કહે છે.

પ્રશ્નો :

૧ દેશની તાજેતરમાં જાહેર થયેલી ૩૮ મી વર્લ્ડ હેરિટેજ સાઇટ જણાવો ?
- જયપુર

૨ અઝરબેજાનની રાજધાની જણાવો ?
- બાકુ

૩ વિશ્વમાં સૌથી વધુ હેરિટેજ સાઇટ ક્યાં દેશમાં આવેલી છે ?
- ઇટાલી

૪ ભારતનું એકમાત્ર હેરિટેજ શહેર જણાવો ?
- અમદાવાદ

૫ વર્લ્ડ હેરિટેજ ડે ક્યારે મનાવાય છે ?
- ૧૮ એપ્રિલમાં

૬ AMPFR ઇન્ડેક્સ અનુસાર પ્રથમ ક્રમે કયું રાજ્ય આવે ?
- મહારાષ્ટ્ર

૭ ઇથેનોલનું અણુસૂત્ર જણાવો ?
- $CH_3CH_2OH$

## 9.July 2019

**(૧) પાસપોર્ટ ઇન્ડેક્સ – ૨૦૧૯**

- તાજેતરમાં હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા વર્ષ ૨૦૧૯નો પાસપોર્ટ ઇન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો.
- આ પાસપોર્ટ ઇન્ડેક્સમાં કુલ ૧૦૯ દેશોમાં ભારતનો ક્રમ ૮૬મો રહ્યો, વર્ષ ૨૦૧૮માં ભારતનો ક્રમ ૮૧ મો હતો.
- આ ઇન્ડેક્સમાં જાપાન અને સિંગાપુર પ્રથમ સ્થાને છે. ઇન્ડેક્સમાં ૧૦૯માં સ્થાને અફઘાનિસ્તાન છે.
- કોઇપણ દેશના પાસપોર્ટ દ્વારા કેટલા દેશમાં વિઝા ફ્રી એક્સસેસ (વિઝા વગર પ્રવેશ) મળે છે તેના આધારે આ ઇન્ડેક્સ તૈયાર કરવામાં આવ્યો છે.
- હાલ ભારતના પાસપોર્ટ આધારે વિશ્વના ૫૮ દેશોમાં વિઝા વિના પ્રવેશ મળી રહે છે.

**(૨) ઓપરેશન સુદર્શન – બીએસએફ**

- તાજેતરમાં બીએસએફ દ્વારા પાકિસ્તાન સાથેની સરહદે ઘૂસણખોરી અટકવાના ઉદ્દેશ્યથી ઓપરેશન સુદર્શન લોન્ચ કરવામાં આવ્યું.
- આ ઓપરેશન બીએસએફ દ્વારા ૧ જુલાઇ ૨૦૧૯ના રોજ લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ ઓપરેશનમાં ભારત પાકિસ્તાનની ૧૦૦૦ કિમી લાંબી સરહદનો સમાવેશ કરવામાં આવે છે.
- જેમાં જમ્મુની ૪૮૫ કિમી સરહદ અને પંજાબની ૫૫૩ કિમી સરહદનો સમાવેશ થાય છે.
- આ ઓપરેશન દરમ્યાન બીએસએફના જવાનો અને મશીનરી, કમ્યુનિકેશન ઇન્ટરસેપ્ટર્સ, બંકરોને સીમા પર તૈનાત કરવામાં આવશે.
- ભારત પાકિસ્તાનની બોર્ડર રેડ ક્લીફ તરીકે ઓળખવામાં આવે છે.

**બીએસએફ :**

Vivekanand Academy Gandhinagar

- બીએસએફની સ્થાપના ૧ ડિસેમ્બર ૧૯૬૫ના રોજ થઇ હતી.
- બીએસએફનો મોટો જીવન પર્યંત કર્તવ્ય' છે.
- આ ફોર્સ પાકિસ્તાન અને બાંગ્લાદેશ સામે ભારતીય સીમાની સુરક્ષા કરે છે. બીએસએફનું મુખ્ય કાર્ય શાંતિ કાળ દરમ્યાન દેશની સીમાઓની સુરક્ષા કરવાનું છે.
- બીએસએફ દુનિયાની સૌથી મોટી સુરક્ષા ફોર્સ છે.
- દર વર્ષે ૧ ડિસેમ્બરના રોજ બોર્ડર સિક્યુરિટી ફોર્સ સ્થાપના દિવસ મનાવવામાં આવે છે.
- બીએસએફ કેન્દ્રીય ગૃહમંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- હાલ દેશમાં બીએસએફની ૧૮૬ બટાલિયન છે.

**(૩) નાગ મિસાઇલનું સફળ પરીક્ષણ :**

- તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા વિકસિત સ્વદેશી બનાવટની નાગ મિસાઇલના એક દિવસમાં ત્રણ સફળ પરીક્ષણ કરવામાં આવ્યા.
- રાજસ્થાનના પોખરણ ખાતે આ પરીક્ષણ કરવામાં આવ્યા.
- નાગ મિસાઈલને ટૂંક સમયમાં ભારતીય સેનામાં સામેલ કરવામાં આવશે.
- આ મિસાઈલનું નિર્માણ Integrated Guided Missile Development Program અંતર્ગત ભારત ડાયનેમિક્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
- નાગ મિસાઇલ ભારતની થર્ડ જનરેશન ફાયર એન્ડ ફર્ગેટ એન્ટિ ટેન્ક ગાઇડેડ મિસાઇલ છે.
- આ મિસાઈલ કોઈપણ ઋતુમાં મેદાન કે પહાડી વિસ્તારમાં દુશ્મનનો પીછો કરી નિશાન સાધી શકે છે.
- આ મિસાઈલની એવરેજ રેન્જ ૩ થી ૭ કિમી છે જેની ઝડપ ૨૩૦ મીટર પ્રતિ સેકન્ડ છે.
- મિસાઇલ ૮ કિલો વિસ્ફોટક સામગ્રીનું વહન કરી શકે છે.

**DRDO**

- DRDO- The Defence Research and Development Organisation
- DRDO ની સ્થાપના વર્ષ ૧૯૫૮માં થઇ હતી.
- આદર્શ વાક્ય – બલસ્ય મૂલં વિજ્ઞાનમ્ (Strength's Origin is in Science)
- મુખ્યાલય : DRDO ભવન, નવી દિલ્લી
- ચેરમેન : જી સતિશ રેડ્ડી

**(૪) વિવેકદીપની' નામના પુસ્તકનું વિમોચન :**

- તાજેતરમાં ભારતના ઉપરાષ્ટ્રપતિશ્રી એમ. વેંકૈયા નાયડુએ 'વિવેકદીપની' નામના પુસ્તકનું વિમોચન કર્યું.
- આ પુસ્તક આદિ શંકરાચાર્ય દ્વારા લખેલ સુક્તિઓનું સંકલન છે.
- આ પુસ્તક અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, બંગાળી સહિત કુલ ૧૦ ભાષામાં ઉપલબ્ધ કરવામાં આવ્યું છે.

**એમ. વેંકૈયા નાયડુ :**

- એમ. વેંકૈયા નાયડુનો જન્મ વર્ષ ૧૯૪૯માં આંધ્રપ્રદેશમાં થયો હતો.
- તેઓ દેશના ૧૩માં ઉપરાષ્ટ્રપતિ તરીકે ૧૧ ઓગસ્ટ ૨૦૧૭ થી આ પદ પર છે.
- દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિની જોગવાઇ બંધારણના અનુચ્છેદ ૬૩માં કરવામાં આવી છે.
- બંધારણના અનુચ્છેદ ૬૪ અંતર્ગત ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ હોય છે.

પ્રશ્નો :

૧ પાસપોર્ટ ઇન્ડેક્સ–૨૦૧૯ અનુસાર ભારતનો ક્રમ જણાવો ?

– ૮૬ મો

૨ ઓપરેશન સુદર્શન કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું ?

– બીએસએફ દ્વારા

૩ ભારત પાકિસ્તાન વચ્ચેની સરહદ કયા નામે ઓળખાય છે ?

– રેડ ક્લીફ

૪ બોર્ડર સિક્યુરીટી ફોર્સ સ્થાપના દિવસ ક્યારે મનાવાય છે ?

– ૧ ડિસેમ્બર

૫ નાગ મિસાઇલ કયા જનરેશનની મિસાઇલ છે ?

– થર્ડ જનરેશન ફાયર એન્ડ ફર્ગેટ એન્ટિ ટેંક મિસાઇલ

૬ 'વિવેકદીપની' પુસ્તકનું વિમોચન કોના દ્વારા કરવામાં આવ્યું ?

– એમ. વૈંકેયા નાયડુ

## 10.July 2019

**(૧) મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ – ૨૦૧૯**

- તાજેતરમાં ફ્રાંસ ખાતે ફિફા મહિલા વર્લ્ડ કપ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ વર્લ્ડ કપમાં નેધરલેન્ડને પરાજિત કરી અમેરિકાએ વિજય મેળવ્યો હતો.
- ફિફા મહિલા વર્લ્ડકપ ૨૦૧૯માં કુલ ૨૪ ટીમોએ ભાગ લીધો હતો.
- આ વર્લ્ડકપ ફિફાનો ૮મો મહિલા વર્લ્ડ કપ હતો. જેનું આયોજન દર ચાર વર્ષે કરવામાં આવે છે.
- પ્રથમ મહિલા ફિફા વર્લ્ડ કપનું આયોજન વર્ષ ૧૯૯૧માં ચીન ખાતે થયું હતું.
- વર્ષ ૧૯૯૧માં યોજાયેલ પ્રથમ ફિફા મહિલા વર્લ્ડ કપમાં પણ અમેરિકાએ જીત મેળવી હતી.
- વર્ષ ૨૦૧૫માં કેનેડા ખાતે યોજાયેલ ફિફા મહિલા વર્લ્ડ કપમાં અમેરિકાએ જીત મેળવી હતી.
- સૌથી વધુ ૪ વખત આ વર્લ્ડકપ અમેરિકાએ જીત્યો છે. ત્યારબાદ જર્મની ૨ વખત અને જાપાન અને નોર્વેએ ૧–૧ વખત આ વર્લ્ડ કપમાં જીત મેળવી છે.

**ફિફા :**

- ૨૦ મે ૧૯૦૪ના રોજ ફિફાની સ્થાપના ફ્રાંસના પેરિસ ખાતે થઇ હતી.
- પુરૂનામ : Federation Internationale de Football Association
- ફિફા ફૂટબોલની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું સંચાલન કરે છે.
- ફિફાનું આદર્શ વાક્ય – For the game, for the world છે.
- મુખ્યાલય – જ્યુરીચ સ્વીટ્ઝર્લેન્ડ
- વર્તમાન પ્રમુખ– ગીઆની ઇન્ફાનિટો

**(૨) કિરિયાકોસ મિત્સોતાકિસ – ગ્રીસના નવા પ્રધાનમંત્રી :**

- તાજેતરમાં કિરિયાકોસ મિત્સોતાકિસ ગ્રીસના નવા પ્રધાનમંત્રી બન્યા.
- તેઓ ન્યુ ડેમોક્રેસી પાર્ટીના નેતા છે.
- તેઓ વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૯ સુધી ગ્રીસના વિપક્ષીદળના નેતા તરીકે રહ્યા હતા.
- વર્ષ ૨૦૧૩ તથી ૨૦૧૫ સુધી તેઓ પ્રસાસનિક સુધાર મંત્રી તરીકે રાજ્ય હતા.
- ગ્રીસ યુરોપ ખંડમાં આવેલ દેશ છે તેની રાજધાની એથેન્સ છે.
- ગ્રીસનું ચલણ યુરો છે. તેની અધિકારિક ભાષા ગ્રીક છે.
- ગ્રીસના રાષ્ટ્રપતિ – પ્રોકોપીસ પાવલોપૌલ્સ

**(૪) ગીત રામાયણનનું હિન્દી ભાષામાં રૂપાંતર :**

- તાજેતરમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા કરવામાં આવેલ જાહેરાત મુજબ જી.ડી. મડગુલકર દ્વારા લખવામાં આવેલ ગીત રામાયણનું હિન્દી ભાષામાં રૂપાંતર કરવામાં આવશે.
- ગીત રામાયણ મરાઠી ભાષાનું સૌથી લોકપ્રિય રામાયણ વર્ઝન માનવામાં આવે છે.
- તેમાં સુધિર ફડકે દ્વારા સંગીત રચના કરવામાં આવી છે.
- કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી – પ્રકાશ જાવડેકર

**(૫) ઉત્કર્ષ – ૨૦૨૦– આરબીઆઇ :**

- તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા ત્રણ વાર્ષિક રોડમેપ તૈયાર કરવામાં આવ્યા છે.
- આરબીઆઇ દ્વારા તેનું નામ 'ઉત્કર્ષ ૨૦૨૦' રાખવામાં આવ્યું છે.
- આ રોડમેપનો ઉદ્દેશ્ય કેન્દ્રીય બેન્કના નિયમન અને દેખરેખમાં સુધારો કરવાનો છે.
- આ રોડમેપ વિશ્વ ભરની કેન્દ્રીય બેન્કોની મધ્યમ અવધિવાળી યોજના મુજબ તૈયાર કરવામાં આવ્યો છે.

**રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા :**

- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) ની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૩૫ના રોજ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૩૪ અંતર્ગત થઇ હતી.
- શરૂઆતના વર્ષોમાં આરબીઆઇ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી બાદમાં વર્ષ ૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- આરબીઆઇ ભારતની મધ્યસ્થ બેંક છે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે.
- આરબીઆઇનું મુખ્યમથક મુંબઇ ખાતે આવેલ છે.
- આરબીઆઇના પ્રથમ ગવર્નર – સર ઓસ્બ્રોન સ્મિથ હતા.
- આરબીઆઇના વર્તમાન ગવર્નર શક્તિકાંત દાસ છે. તેઓ આરબીઆઇના ૨૫માં ગવર્નર તરીકે ૧૨ ડિસેમ્બર ૨૦૧૮ થી આ પદ પર છે.

પ્રશ્નો :

૧ ફિફા મહિલા વર્લ્ડકપ–૨૦૧૯નું આયોજન કયાં થયું હતું ?
– ફ્રાંસ
૨ મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ–૨૦૧૯ વિજેતા જણાવો ?
– અમેરિકા
૩ ગ્રીસના નવા પ્રધાનમંત્રી જણાવો ?
– કિરિયાકોસ મિત્સોતાકિસ
૪ ગીત રામાયણ કોના દ્વારા લખવામાં આવ્યું ?
– જી.ડી. મડગુલકર
૫ 'ઉત્કર્ષ–૨૦૨૦' કોના દ્વારા બહાર પાડવામાં આવ્યું ?
– RBI

## 11.July 2019

**(૧) વિશ્વ વસતી દિવસ :**

- દર વર્ષે ૧૧ જુલાઇના રોજ વિશ્વ વસતી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વિશ્વભરમાં લોકોને વસતી સાથે જોડાયેલ અલગ અલગ મુદ્દાઓ પ્રત્યે જાગરૂકતા લાવવાના ઉદ્દેશ્યથી આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- યુએનએ વસતી પ્રત્યે જાગૃતિ લાવવા માટે આ દિવસને વિશ્વ વસતી દિવસ જાહેર કર્યો.
- આ દિવસ ઉજવવાની ભલામણ કે.સી. ઝાચારિયાહ દ્વારા કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીની શરૂઆત સંયુક્ત રાષ્ટ્રસંઘના 'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ' ની સંચાલન સમિતિ દ્વાર કરવામાં આવી હતી.
- ૧૧ જુલાઇ ૧૯૮૯ના રોજ પ્રથમ વખત વસ્તી ગણતરી કરવામાં આવી હતી ત્યારે દુનિયાની વસતી ૫૦૦ કરોડ થઇ હતી.

**(૨) સેબી અનુસંધાનમાં સુધારો :**

- તાજેતરમાં નાણાં બિલ ૨૦૧૯ અનુસાર સેબી અનુસંધાનમાં સુધારો કરવામાં આવ્યો.
- સેબી એક્ટમાં નવું સેક્શન 15HAA ઉમેરવામાં આવ્યું.
- આ અંતર્ગત ઇલેક્ટ્રોનિક ડેટાબેઝમાં છેડછાડ બદલ બ્રોકર વિરૂદ્ધ સેબી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.
- SEBI- Securities and Exchange Board of India
- સેબીની સ્થાપના વર્ષ ૧૯૮૮માં કરવામાં આવી હતી.
- આ સંસ્થા રોકાણકારોના હિતોની સલામતી અને માર્કેટના વિકાસને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે.
- તેનું મુખ્યાલય મુંબઇ ખાતે આવેલ છે.

**(૩) રાહુલ દ્રવિડ – નેશનલ ક્રિકેટ એકેડમી પ્રમુખ :**

- તાજેતરમાં બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) દ્વારા ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કપ્તાન રાહુલ દ્રવિડને નેશનલ ક્રિકેટ એકેડમીના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ નેશનલ ક્રિકેટ એકેડમીમાં ક્રિકેટ સંબંધી બાબતોનું અવલોકન કરશે. તેઓ કોચિંગ, ટ્રેનિંગ, ખેલાડી મોનિરીટિંગ જેવા કાર્યો પર દેખરેખ રાખશે
- તેઓની નિમણૂક બે વર્ષ માટે કરવામાં આવી છે.

**રાહુલ દ્રવિડ :**

- ધ વોલના ઉપનામથી જાણીતા રાહુલ દ્રવિડે ૧૫ વર્ષ સુધી ક્રિકેટ ક્ષેત્રમાં યોગદાન આપ્યું છે.
- તેમણે પોતાની ક્રિકેટ કારકિર્દીમાં ૧૬૪ ટેસ્ટ મેચોમાં ૩૬ સદીઓ સાથે ૧૩૨૮૮ રન ફટકાર્યા છે, આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટમાં તેમણે ૩૪૪ મેચોમાં ૧૨ સદી સાથે ૧૦૮૮૯ રન ફટકાર્યા છે. તેમણે પોતાની કારકિર્દીમાં કુલ ૨૧૦ કેચ લીધા છે. જે વિશ્વ રેકોર્ડ છે.

- હાલ તેઓ ઇન્ડિયા એ અને ઇન્ડિયા અંડર–૧૯ ટીમના કોચ છે.
- તેમનો જન્મ મધ્યપ્રદેશના ઇન્દોર ખાતે થયો હતો.
- ભારત સરકાર દ્વારા તેમને વર્ષ ૧૯૯૮માં અર્જુન એવોર્ડ, વર્ષ ૨૦૦૪માં પદ્મશ્રી અને વર્ષ ૨૦૧૩માં પદ્મભૂષણ સન્માન આપવામાં આવ્યું છે.

**નેશનલ ક્રિકેટ એકેડમી : –**

- નેશનલ ક્રિકેટ એકેડમીની સ્થાપના વર્ષ ૨૦૦૦માં કરવામાં આવી હતી.
- નેશનલ ક્રિકેટ એકેડમી કર્ણાટકના બેંગાલુરૂ ખાતે આવેલ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે આવેલ છે.

**(૪) AIFF પ્લેયર ઓફ ધ યર– સુનિલ છેત્રી : –**

- ભારતીય ફૂટબોલ ખેલાડી સુનિલ છેત્રીને AIFF પ્લેયર ઓફ ધ યર (પુરૂષ) ના ખિતાબ માટે પસંદ કરવામાં આવ્યા.
- સુનિલ છેત્રીનો આ છઠ્ઠો AIFF પ્લેયર ઓફ ધ યર ખિતાબ છે.
- તેઓ ભારત તરફથી સૌથી વધુ વખત ૧૦૯ મેચ રમનાર ખેલાડી છે.
- તેમને વર્ષ ૨૦૦૭, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૪ અને ૨૦૧૭માં AIFF પ્લેયર ઓફ ધ યરનો ખિતાબ એનાયત થયો હતો.
- સુનીલ છેત્રીનો જન્મ તેલંગાણાના સિકંદરાબાદમાં થયો હતો.

પ્રશ્નો :

૧ વિશ્વ વસતી દિવસ ક્યારે મનાવાય છે ?
– ૧૧ જુલાઇ

૨ સૌ પ્રથમ વખત વસતી ગણતરી ક્યારે કરવામાં આવી હતી ?
– ૧૧ જુલાઇ ૧૯૮૯

૩ સેબી એક્ટમાં તાજેતરમાં કયું નવું સેક્શન ઉમેરવામાં આવ્યું ?
– ISHAA

૪ નેશનલ ક્રિકેટ એકેડમીના પ્રમુખ તરીકે કોની વરણી થઇ ?
– રાહુલ દ્રવિડ

૫ AIFF પ્લેયર ઓફ ધ યર જણાવો ?
– સુનિલ છેત્રી

## 12.July 2019

**(૧) અરૂણકુમાર – નાગરિક ઉડ્ડયન નિયામન મંડળના મહાનિર્દેશક :**

- તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય નિયુક્તિ સમિતિ દ્વારા અરૂણ કુમારને નાગરિક ઉડ્ડયન નિયામન મંડળના મહાનિર્દેશક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- અગાઉ તેઓ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય સચિવ અને નાણાં સલાહકાર તરીકે કાર્ય કરતાં હતા.
- તેઓ ઉત્તરપ્રદેશ કેડરના આઇએએસ અધિકારી બી.એસ. ભૂલ્લરનું સ્થાન લેશે.
- અરૂણ કુમાર ૧૯૮૯ બેચના હરિયાણા કેડરના આઇએએસ અધિકારી છે.
- નાગરિક ઉડ્ડયન નિયામન મંડળનું મુખ્યાલય નવી દિલ્લી ખાતે આવેલ છે.

**(૨) રાજ્ય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો :**

- તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો.
- આ નિર્ણય સાથે જ સરકારી કર્મચારીઓને આપતું મોંઘવારી ભથ્થું ૧૨ ટકા થયું.
- ગુજરાત સરકારના આ નિર્ણય બાદ રાજ્યના આશરે ૯.૫૧ લાખ કર્મચારીઓને લાભ મળશે.

**(૩) પ્લાન બી– બેસ્ટ ઇનોવેશન એવોર્ડ– ભારતીય રેલવે**

- ઉત્તર પૂર્વીય રેલવે દ્વારા શરૂ કરવામાં આવેલ પહેલ પ્લાન બીને ભારતીય રેલવે વિભાગ દ્વારા 'બેસ્ટ ઇનોવેશન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો.
- આ પુરસ્કાર ભારતીય રેલવે દ્વારા આપવામાં આવે છે.
- પુરસ્કાર વિજેતાને રેલવે દ્વારા પ્રમાણપત્ર અને ત્રણ લાખ રૂપિયા ઇનામ સ્વરૂપે આપવામાં આવે છે.
- પ્લાન બી અંતર્ગત રેલવે ટ્રેકથી જંગલી હાથીઓને દૂર રાખવા એક ડિવાઇસ લગાવવામાં આવ્યું હતું. જેમાંથી મધમાખીઓની અવાજ નીકળતો હતો.
- આ ડિવાઇસથી નીકળતો અવાજ ૭૦૦ થી ૮૦૦ મીટર સુધીની રેંજમાં સાંભળી શકતો હતો.
- આ પ્રકારના પ્રથમ ઉપકરણનો ઉપયોગ આસામના ગુવાહાટી નજીક રાણી રિઝર્વ જંગલમાં કરવામાં આવ્યો હતો.
- હાલ સુધી ઉત્તર પૂર્વીય રેલવે દ્વારા આ પ્રકારના ૪૬ ઉપકરણો લગાવવામાં લગાવવામાં આવ્યા છે.
- આ ડિવાઇસથી હાથીઓને રેલવે ટ્રેકથી દૂર રાખવામાં સહાયતા મળે છે.

**(૨) એક રાષ્ટ્ર એક રેશન કાર્ડ યોજના :**

- તાજેરતમાં કેન્દ્રીય ગ્રાહક બાબતો ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય દ્વારા એક રાષ્ટ્ર એક રેશન કાર્ડ યોજનાની જાહેરાત કરવામાં આવી.
- આ યોજના ૩૦ જૂન ૨૦૨૦ સુધીમાં સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે.
- યોજના માટે દેશના તમામ રેશન કાર્ડને આધાર કાર્ડ સાથે જોડવામાં આવશે.
- યોજના લાગુ થયા બાદ દેશના કોઇપણ સ્થળેથી કોઇપણ વિતરણ દુકાનેથી લાભાર્થી અન્ન મેળવી શકશે.
- યોજનાને લાગુ કરવા માટે અન્ન વિતરણ પ્રથાને Point of Sale Machine સાથે જોડવામાં આવશે.
- હાલ દેશના ૧૦ રાજ્યોમાં અન્નનું વિતરણ સંપૂર્ણ રીતે Point of Sale Machine થી કરવામાં આવે છે.
- જેમાં ગુજરાત, રાજસ્થાન, ત્રિપુરા, હરિયાણા, તેલંગાણા, કેરળ, આંધ્રપ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને કર્ણાટકનો સમાવેશ થાય છે.
- ઉપરોક્ત તમામ રાજ્યોમાં રેશનની દુકાન ઇન્ટરનેટ સાથે જોડાયેલ છે.
- કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી – રામ વિલાસ પાસવાન

**(૩) સુપ્રીમ કોર્ટના તમામ આદેશો સ્થાનિક ભાષામાં જાહેર થશે**

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલ ઘોષણા મુજબ સુપ્રીમ કોર્ટની તમામ માહિતી અને તમામ નિર્ણયો અને આદેશો અંગ્રેજી ઉપરાંત બીજી છ સ્થાનિક ભાષામાં જાહેર કરવામાં આવશે.
- સ્થાનિક ભાષામાં હિન્દી, મરાઠી, કન્નડ, આસામી, ઉડિયા, અને તેલુગુ ભાષાનો સમાવેશ થાય છે.
- આ માહિતી સુપ્રીમ કોર્ટની વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે.
- આ નિર્ણય લોકોને પડતી અગવાડોને નિવારવાના ઉદ્દેશ્યથી લેવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટ :

- સ્થાપના : ૧ ઓક્ટોબર ૧૯૩૫ (અંગ્રેજો દ્વારા ફેડરલ કોર્ટ ઓફ ઇન્ડિયા)
- સ્વતંત્રતા બાદ સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા તરીકે ૨૮ જાન્યુઆરી ૧૯૫૦ થી કાર્યરત છે.
- સુપ્રીમ કોર્ટની સ્થાપના અનુચ્છેદ ૧૨૪ અંતર્ગત કરવામાં આવી છે.
- સુપ્રીમ કોર્ટ બંધારણના વાલી તરીકે કાર્ય કરે છે.
- સુપ્રીમ કોર્ટનું આદર્શ વાક્ય 'યતો ધર્મસ્તતો જય' છે.
- ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા – રંજન ગોગોઇ

**પ્રશ્નો :**

૧ નાગરિક ઉડ્ડયન નિયામન મંડળના મહાનિર્દેશક જણાવો ?
- અરૂણકુમાર

૨ રાજ્ય સરકારના ભથ્થામાં વધારા બાદ સરકારી કર્મચારીને મોંઘવારી ભથ્થુ કેટલા ટકા થયું ?
- ૧૨ ટકા

૩ ભારતીય રેલવે દ્વારા 'બેસ્ટ ઇનોવેશન એવોર્ડ કયા પ્લાનને એનાયત થયો ?
- પ્લાન બી

૪ એક રાષ્ટ્ર એક રાશન કાર્ડ યોજના કયા મંત્રાલય દ્વારા કરવામાં આવી ?
- કેન્દ્રીય ગ્રાહક બાબતો ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય

૫ સુપ્રીમ કોર્ટમાં તમામ આદેશો હવે કઇ ભાષામાં થશે ?
- હિન્દી, મરાઠી, કન્નડ, આસામી, ઉડિયા, તેલુગુ

## 13.July 2019

**(૧) પાકિસ્તાનથી ભારતમાં આયાત થતી વસ્તુઓ પર ૨૦૦% આયાત ડ્યુટી**

- તાજેતરમાં ભારતીય સંસદ દ્વારા પાકિસ્તાનથી ભારતમાં આયાત થતી તમામ વસ્તુઓ પર ૨૦૦ ટકા આયાતડ્યૂટી લાદવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી.
- આ પ્રસ્તાવ દેશના રાજ્યકક્ષાના નાણાં મંત્રી અનુરાગ ઠાકર દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.
- ફેબ્રુઆરી ૨૦૧૯માં થયેલ આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાનનો મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો છીનવી લીધો હતો.

**(૨) ભારતને બિન નાટો સહયોગી દેશ તરીકે દરજ્જો – અમેરિકા :**

- તાજેતરમાં અમેરિકાની સંસદ દ્વારા ભારતને બિન નાટો સહયોગી દેશ તરીકે દરજ્જો આપવામાં આવ્યો
- અમેરિકાની સંસદના બે ગૃહો છે ૧ સેનેટ અને ૨. પ્રતિનિધિ સભા
- હાલ આ બિલ અમેરિકાની સેનેટમાં બિલ પસાર કરવામાં આવ્યું. હવે પ્રતિનિધિ સભામાં પસાર થયા બાદ કાયદો બનશે.
- આ બિલને અમેરિકાની સેનેટ દ્વારા National defence authorisation act ૨૦૨૦ નામ આપવામાં આવ્યું છે.
- અમેરિકા સંસદ કોંગ્રેસ તરીકે પણ ઓળખાય છે.

**બિન નાટો સહયોગી દેશ :**

- અમેરિકા સરકાર દ્વારા આ દરજ્જો અમેરિકના સશસ્ત્ર દળ સાથે વ્યૂહાત્મક સંબંધ ધરાવતા નોર્થ એટલાંટીક ટ્રીટ ઓર્ગેનાઇઝેશનના સભ્યો ન હોય તેવા દેશોને આપવામાં આવે છે.
- અમેરિકા દ્વારા તાજેતરમાં વર્ષ ૨૦૧૯ બ્રાઝિલને આ દરજ્જો આપવામાં આવ્યો છે.
- અમેરિકા દ્વારા વર્ષ ૧૯૮૯માં સૌ પ્રથમ વખત ઓસ્ટ્રેલીયા, સાઉથ કોરિયા, ઇઝરાયલ, જાપાન, અને ઇજિપ્તને આ દરજ્જો આપવામાં આવ્યો હતો.
- બાદમાં અમેરિકા દ્વારા વર્ષ ૨૦૦૪માં પાકિસ્તાન અને વર્ષ ૨૦૧૨માં અફઘાનિસ્તાનને આ દરજ્જો આપવામાં આવ્યો છે.
- નોર્થ એટલાંટિક ટ્રીટ ઓર્ગેનાઇઝેશન એક અર્ધ સરકારી સૈન્ય સંગઠન છે જેની સ્થાપના વર્ષ ૧૯૪૯માં અમેરિકા સહિત ૧૨ દેશો દ્વારા વોશિંગ્ટન સંધિ પર હસ્તાક્ષર કરી કરવામાં આવી હતી.

**(૩) પોક્સો અધિનિયમમાં સુધારને મંજૂરી – કેન્દ્રીય મંત્રી મંડળ :**

- તાજેતરમાં કેન્દ્રીય મંત્રી મંડળ દ્વારા પોક્સો અધિનિયમમાં સુધારને મંજૂરી આપવામાં આવી
- પોક્સો અધિનિયમ અંતર્ગત ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો પર થયેલ યૌન શોષણના ગંભીર અપરાધ માટે અપરાધીને મૃત્યુ દંડની સજાને મંજૂરી આપવામાં આવી છે.

**પોક્સો અધિનિયમ :**

- પોક્સો અધિનિયમ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને શારીરિક ભાવનાત્મક, બૌદ્ધિક અને સામાજિક વિકાસની ખાતરી સાથે બાળકોના હિતો અને કલ્યાણનું સન્માન કરે છે.
- જાતિય હુમલો, જાતીય સતામણી અને પોર્નોગ્રાફી સામે રક્ષણ કલ્યાણ મન બાળકોના હિત અને સુરક્ષા પૂરી પાડવા માટે કરવામાં આવી હતી. આ અધિનિયમમાં લિંગ ભેદભાવ નથી.
- આ અધિનિયમ અંતર્ગત નાબલિક બાળકો સાથે થનાર જાતીય ગુનાઓ અને છૂટાછેડાના કેસોમાં પગલાં લેવામાં આવે છે.
- આ કાયદા હેઠળ જુદા જુદા ગુનાઓ માટે અલગ સજા નક્કી કરવામાં આવી છે.

**(૪) ભારત – રશિયા દ્વિપક્ષીય આર્થિક બેઠક :**

- તાજેતરમાં નવી દિલ્લી ખાતે ભારત અને રશિયા વચ્ચે દ્વિપક્ષીય આર્થિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ બેઠકનું આયોજન નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવકુમાર અને રશિયાના આર્થિક વિકાસ ડેપ્યુટી મંત્રી તિમૂર માક્સિમોવની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.
- આ બેઠકમાં સરકારી અધિકારી, બિઝનેશ લીડર્સ અને વિશેષજ્ઞ જોડાયા હતા.
- આ બેઠકમાં પરિવહન, ડિજિટલ પરિવર્તન, વ્યાપાર, પર્યટન જેવા ક્ષેત્રે સહયોગ અને વિકાસ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.
- આ બેઠકનું આયોજન ભારતના નીતિ આયોગ અને રશિયાના આર્થિક વિકાસ મંત્રાલય વચ્ચે વર્ષ ૨૦૧૮માં થયેલ એમઓયુ બાદ કરવામાં આવ્યું હતું.
- ભારત અને રશિયા વચ્ચે દ્વિપક્ષીય આર્થિક બેઠકનું આયોજન રશિયાના પીટર્સબર્ગ ખાતે નવેમ્બર ૨૦૧૮માં કરવામાં આવ્યું હતું.

પ્રશ્નો :

૧ તાજેતરમાં કયા દેશની સંસદે ભારતને બિન તાટો સહયોગી દેશ તરીકે નો દરજ્જો આપ્યો ?
- અમેરિકા

૨ અમેરિકાની સંસદ બીજા કયા નામે ઓળખાય છે ?
- કોંગ્રેસ

૩ નીતિ આયોગના ઉપાધ્યક્ષ જણાવો ?
- રાજીવ કુમાર

૪ ભારત અને રશિયા વચ્ચે પ્રથમ દ્વીપક્ષીય આર્થિક બેલનું આયોજન ક્યાં થયું હતું ?
- રશિયાના પીટર્સબર્ગ

## 14.July 2019

**(૧) 'ધ સિખ્સ ઓફ જસ્ટિસ' પર પ્રતિબંધ :**

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્ર વિરોધી ગતિવિધિ કરતાં ખાલિસ્તાન સમર્થક જુથ ' ધ સિખ્સ ઓફ જસ્ટિસ' પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
- આ પ્રતિબંધ ગેરકાયદેસર પ્રવૃતિ રોકથામ અધિનિયમના સેક્શન ૩ અંતર્ગત લગાવવામાં આવ્યો છે.
- કેન્દ્ર સરકાર અનુસાર આ જુથ દેશની શાંતિ એકતાને નુકસાન પહોચાડવાની પ્રવૃતિ કરે છે.
- આ જૂથની સ્થાપના વર્ષ ૨૦૦૭માં કરવામાં આવી હતી.
- ગેરકાયદેસર પ્રવૃતિ રોકથામ અધિનિયમ અંતર્ગત દેશમાં ગેરકાયદેસર પ્રવૃતિ કરતાં જુથ સંગઠન પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.
- આ પ્રકારના જૂથોના અભિવ્યક્ત અધિકારો, એકત્રિત થવાના અધિકારો પર અંકુશ લગાવવામાં આવે છે.

**(૨) એન્ટિ ટેન્ક સ્પાઇક મિસાઇલની ખરીદી :**

- તાજેતરમાં ભારતીય સેના દ્વારા ઇઝરાયલથી એન્ટિ ટેન્ક સ્પાઇક મિસાઇલની ખરીદી માટે ઓર્ડર આપવામાં આવ્યો.
- આ ખરીદી આપત્કાલીન ખરીદી અંતર્ગત સેનાની ઓપરેશનલ તૈયારી પૂર્ણ કરવામાં માટે કરવામાં આવી છે.
- સ્પાઇક મિસાઇલ સચોટ રીતે બંકરો નષ્ટ કરી શકે છે.
- આ મિસાઇલ ૩ કિલોમીટરની રેન્જમાં પોતાનું લક્ષ્ય નષ્ટ કરી શકે છે.
- સામાન્ય રીતે આ મિસાઈલનો ઉપયોગ પહાડી અને મેદાન વિસ્તારમાં કરી શકાય છે.
- આ મિસાઈલને વાહન હેલિકોપ્ટર શીપ અને ગ્રાઉન્ડ લોંચરથી લોન્ચ કરી શકાય છે.
- આ મિસાઈલ ઇઝરાયલની ચોથી પેઢીની એન્ટિ ટેન્ક મિસાઈલ છે.

**(૩) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાને મંજૂરી :**

- તાજેતરમાં આર્થિક કેબિનેટ સમિતિ દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાને મંજૂરી આપવામાં આવી.
- ત્રીજા તબક્કાનો સમયગાળો વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪ - ૨૫ સુધીનો રહેશે.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક અંતર્ગત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે ખર્ચનો હિસ્સો ૬૦:૪૦ ટકાનો રહેશે.
- ઉત્તરપૂર્વીય રાજ્યો અને હિમાચલ ક્ષેત્રના ત્રણ રાજ્યો (ઉત્તરાખંડ, જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશ) માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે ખર્ચનો હિસ્સો ૯૦:૧૦ રહેશે.
- ત્રીજા તબક્કા અંતર્ગત પાંચ વર્ષમાં ૮૦, ૨૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના :**

- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાને ૨૫ ડિસેમ્બર ૨૦૦૦માં લોન્ચ કરવામાં આવી હતી.
- આ યોજના દેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલબિહારી વાજપેયી સરકારની મહત્વની યોજનાઓ પૈકી એક છે.
- આ યોજના ગ્રામીણ વિકાસ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- ગ્રામીણ વિકાસ મંત્રી - નરેન્દ્રસિંહ તોમર
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગ્રામીણ ભારતમાં રોડ કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવામાં આવે છે.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત એપ્રિલ ૨૦૧૯ સુધીમાં ૫,૯૯,૦૯૦ કિલોમીટર સડકનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**(૪) ઓપરેશન થર્સ્ટ :**

- તાજેતરમાં રેલવે સુરક્ષા દળ દ્વારા ઓપરેશન થર્સ્ટ લોન્ચ કરવામાં આવ્યું.
- આ ઓપરેશનનો ઉદ્દેશ્ય ગેરકાયદેસર રીતે વિવિધ પેકીંગમાં વેચાતી અલગ અલગ પાણીની બોટલ પર રોક લગાવવાનો છે.
- રેલવે સુરક્ષા દળ દ્વારા આ ઓપરેશન દિલ્લી ખાતેથી શરૂ કરવામાં આવ્યું હતું.

**રેલવે સુરક્ષા દળ :**

- રેલવે સુરક્ષા દળની સ્થાપના યાત્રીઓ અને રેલવેની સંપતિની સુરક્ષા માટે કરવામાં આવી હતી.
- રેલવે સુરક્ષા દળ કેન્દ્રીય રેલવે મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- રેલવે સુરક્ષા દળની સ્થાપના વર્ષ ૧૯૮૪માં કરવામાં આવી હતી.
- આ દળની સ્થાપના રેલવે સુરક્ષા દળ અધિનિયમ ૧૯૫૭ અંતર્ગત કરવામાં આવી છે.
- તેનું આદર્શ વાક્ય - યશો લભસ્વ છે.

પ્રશ્નો :

૧ 'ધ શિખ્સ ઓફ જસ્ટિસ' ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
- ૨૦૧૭

૨ ભારતે એન્ટિ ટેન્ક સ્પાઇક મિસાઇલની ખરીદી કયા દેશ પાસેથી કરી ?



Vivekanand Academy Gandhinagar

– ઇઝરાયલ
૩ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાનો સમયગાળો શું રહેશે ?
– ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪ – ૨૫
૪ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના ક્યારે લોન્ચ થઇ હતી ?
– ૨૫ ડિસેમ્બર ૨૦૦૦
૫ ઓપરેશન થસ્ટૅ કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું ?
– રેલવે સુરક્ષા દળ

## 15.July 2019

**(૧) વિકાસ સ્વરૂપ – પ્રવાસી ભારતીય બાબતોના સચિવ**

– તાજેતરમાં વિકાસ સ્વરૂપને વિદેશ મંત્રાલયમાં પ્રવાસી ભારતીય બાબતોના સચિવ નિયુક્ત કરવામાં આવ્યા.
– તેઓ ૧૯૮૬ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી છે.
– તેઓ ૧ ઓગસ્ટ ૨૦૧૯થી પોતાનું પદ સંભાળશે.
– હાલ તેઓ કેનેડા ખાતે ભારતીય ઉચ્ચાયુક્ત તરીકે સેવા આપે છે.
– તેમણે તેમની કારકિર્દી દરમ્યાન અમેરિકા, યુનાઇટેડ કિંગડમ, દક્ષિણ આફ્રિકા, જાપાન જેવા દેશોમાં કાર્ય કર્યું છે.
– તેમણે Q & A નામનું એક પુસ્તક લખ્યું હતું જેના પર 'સ્લમડોગ' નામની ફિલ્મ પણ બની છે.
– વિકાસ સ્વરૂપનો જન્મ વર્ષ ૧૯૬૩માં ઉત્તરપ્રદેશમાં થયો હતો.

**(૨) મીડિયા સ્વતંત્રતા મુદ્દે વૈશ્વિક સંમેલનનું આયોજન :**

– તાજેતરમાં યુનાઇટેડ કિંગડમના લંડન ખાતે યુનાઇટેડ કિંગડમ અને કેનેડા દ્વારા સંયુક્ત રીતે મીડિયા સ્વતંત્રતા મુદ્દે વૈશ્વિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.
– આ સંમેલનનું આયોજન વિશ્વભરના મીડિયા સ્વતંત્રતાને મજબૂત કરવા અને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું હતું.
– આ સંમેલનમાં ભારત તરફથી પ્રસાર ભરતીના ચેરમેન સૂર્યપ્રકાશ, સાંસદ સ્વપ્ન ગુપ્તા અને પ્રેસ કાઉન્સિલના સદસ્ય કંચન ગુપ્તાએ ભાગ લીધો હતો.

**(૩) ઓડિશા સરકાર દ્વારા આર્થિક કમજોર પદ્મશ્રી પુરસ્કાર વિજેતાઓને ભથ્થુ**

– તાજેતરમાં ઓડિશા સરકાર દ્વારા આર્થિક રીતે કમજોર પદ્મશ્રી પુરસ્કાર વિજેતાઓને માસિક ૧૦ હજાર રૂપિયા ભથ્થા તરીકે આપવાની ઘોષણા કરવામાં આવી હતી.
– હાલ સુધી ઓડિશાના ૮૪ લોકોને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા છે જે પૈકી ૩૯ લોકો જીવિત છે.
– ઓડિશા :
– રાજ્યપાલ – ગણેશીલાલ
મુખ્યમંત્રી – નવીન પટનાયક
રાજધાની – ભુવનેશ્વર
હાઇકોર્ટ– ઓડિશા હાઇકોર્ટ, કટક
વસ્તીની દ્રષ્ટિએ ક્રમ –૧૧
વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૯

**પદ્મ પુરસ્કારો :**

– પદ્મવિભૂષણ – કોઇ ક્ષેત્રે વિશેષ યોગદાન બદલ
– પદ્મભૂષણ – કોઇ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ
– પદ્મશ્રી – કલા, સાહિત્ય, શિક્ષણ વિજ્ઞાન જેવા ક્ષેત્રે યોગદાન બદલ

**(૪) આચાર્ય દેવવ્રત – ગુજરાતના નવા રાજ્યપાલ :**

– તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા આચાર્ય દેવવ્રતની ગુજરાતનાં રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી.
– ગુજરાતના ભૂતપૂર્વ ગવર્નર ઓમ પ્રકાશ કોહલીનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ આચાર્ય દેવવ્રતની રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી.
– તેઓ વર્ષ ૨૦૧૫થી હિમાચલ પ્રદેશના ૧૮માં રાજ્યપાલ તરીકે સેવા આપતા હતા.
– આચાર્ય દેવવ્રત ગુજરાતના ૨૦માં રાજ્યપાલ તરીકે પોતાનો કાર્યભાર ૨૧ જુલાઇ ૨૦૧૯થી સંભાળશે.
– તેમનો જન્મ વર્ષ ૧૯૫૯માં હાલના હરિયાણા ખાતે થયો હતો.
– તેઓ સ્ત્રી શિક્ષા, યોગ, આયુર્વેદ જેવી સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલ છે.

**રાજ્યપાલ :**

**નિમણૂક :**

– રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પ્રધાનમંત્રીની સલાહથી કરવમાં આવે છે.
– રાજ્યપાલ રાજ્યના કારોબારી વડા તરીકે સેવા આપે છે. મુખ્યત્વે તેઓ કેન્દ્રસરકારના પ્રતિનિધિ તરીકે રાજ્યમાં સેવા આપે છે.
– બંધારણમાં પ્રત્યેક રાજ્યમાં એક રાજ્યપાલની જોગવાઇ છે પરંતુ એક રાજ્યપાલ બે કે તેથી વધુ રાજ્યના રાજ્યપાલ તરીકે સેવા આપી શકે છે.
– સામાન્ય રીતે રાજ્યપાલની મુદ્દત ૫ વર્ષની હોય છે છતાં રાષ્ટ્રપતિ ઇચ્છે ત્યાં સુધી તેમણે પદ પર રાખી શકે છે. અથવા એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં તેમની બદલી કરી શકે છે.
– એક વ્યક્તિની ગમે તેટલી વખત રાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકાય છે.
– રાજ્યપાલ પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને સોંપી પદનો ત્યાગ કરી શકે છે.
– રાજ્યપાલના પદ માટે ઓછામાં ઓછા ૩૫ વર્ષની ઉંમર જરૂરી છે.
– રાજ્યપાલ જે– તે રાજ્યના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ શપથ લે છે.

**વિશેષાધિકારો :**

– રાજ્યપાલ તરીકે હોદ્દો ધારણ કરેલા હોય ત્યાં સુધી તેમની વિરૂદ્ધ ધડપકડનું વોરંટ કાઢી શકાતું નથી.
– અનુચ્છેદ ૩૬૧ મુજબ તેમણે હોદ્દાની શક્તિઓ અને ફરજોના પાલન માટે કરેલા કાર્યો માટે કોઈપણ ન્યાયાલય પ્રત્યે તેઓ જવાબદાર હોતા નથી.
– દિલ્લી, પોંડીચેરી, અંદામાન, નિકોબારમાં રાજ્યપાલના બદલે ઉપરાજ્યપાલનું પદ હોય છે.
– ચંદીગઢ, લક્ષદ્વિપ, દીવ, દમણ અને દાદરા નગરહવેલીમાં રાજ્યપાલના બદલે વહીવટદારનું પદ હોય છે.

| અનુચ્છેદ | જોગવાઇ |
|---|---|
| ૧૫૩ | રાજ્યોના રાજ્યપાલ |

૧૫૪ રાજ્યની કારોબારી સત્તા
૧૫૫ રાજ્યપાલની નિમણૂક
૧૫૬ રાજ્યપાલની હોદ્દાની મુદ્દત
૧૫૭ રાજ્યપાલ પદ માટે લાયકાત
૧૫૮ રાજ્યપાલઆ હોદ્દાની શરતો
૧૫૯ રાજ્યપલાના શપથ
૧૬૦ રાજ્યપાલના કાર્યો
૧૬૧ રાજ્યપાલની માફી સત્તા
૧૬૨ રાજ્યની કારોબારી સત્તાનો વિસ્તાર

પ્રશ્નો :

૧ પ્રવાસી ભારતીય બાબતોનાા સચિવ તરીકે કોની નિમણૂંક થઇ ?
– વિકાસ સ્વરૂપ
૨ પ્રસાર ભારતીના ચેરમેન જણાવો ?
– સુર્યપ્રકાશ
૩ આર્થિક કમજોર પદ્મશ્રી પુરસ્કાર વિજેતાને માસિક ૧૦ હજાર રૂપિયા ભથ્થા તરીકે આપવાની ઘોષણા કયા રાજ્યે કરી ?
– ઓડિશા
૪ ઓડિશાની રાજધાની જણાવો ?
– ભુવનેશ્વર
૫ ગુજરાતના નવા રાજ્યપાલ જણાવો ?
– આચાર્ય દેવવ્રત
૬ બંધારણના કયા અનુચ્છેદ મુજબ રાજ્યમાં રાજ્યપાલની જોગવાઇ છે ?
– ૧૫૩

## 16.July 2019

**(૧) ગુરૂ પૂર્ણિમા :**

– હિન્દુ કેલેન્ડર મુજબ અષાઢ સુદ પુનમનો દિવસ ભારતભરમાં ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે.
– આ દિવસને વ્યાસ પૂર્ણિમા તરીકે પણ ઉજવવામાં આવે છે
– ભારતમાં ગુરૂશિષ્ય પરંપરા અનાદિકાળથી ચાલતી આવે છે.

**(૨) ક્રિકેટ વર્લ્ડ કપ – ૨૦૧૯ :**

– તાજેતરમાં આઇસીસી વર્લ્ડ કપ–૨૦૧૯નું આયોજન ઇંગ્લેન્ડ અને વેલ્સ ખાતે ૩૦ મે થી ૧૪ જુલાઇ સુધી થયું હતું.
– વર્લ્ડ કપ ૨૦૧૯માં કુલ ૧૦ ટીમો ભાગ લીધો હતો જેમના વચ્ચે કુલ ૪૮ વન ડે મેચ યોજાય હતી.
– આ આઇસીસીનો ૧૨ મો વર્લ્ડ કપ હતો. જેમાં ન્યુઝીલેન્ડ અને ઇંગ્લેન્ડે વિજય મેળવ્યો હતો.
– આ વર્લ્ડકપની ફાઇનલ મેચનું આયોજન ઇંગ્લેન્ડના લંડન ખાતે આવેલો લોડ્ર્સ મેદાનમાં થયું હતું.
– ફાઇનલ મેચ દરમ્યાન બંને ટીમોએ ૫૦ ઓવરમાં ૨૪૧ રન બનાવ્યા હતા બાદમાં સુપરઓવરમાં પણ બંને ટીમોએ ૧૫–૧૫ રન બનાવ્યા હતા.
– બાદમાં આઇસીસી નિયમો મુજબ સૌથી વધુ બાઉન્ડ્રી ફટકારનાર ટીમ ઇંગ્લેન્ડને વિજેતા જાહેર કરવામાં આવી હતી.
– બાઉન્ટ્રીના આધારે વિજેતા જાહેર થનાર ઇંગ્લેન્ડ વર્લ્ડ કપની સાથે સાથે ક્રિકેટ ઇતિહાસની પ્રથમ ટીમ બની છે.
– આઇસીસી દ્વારા ક્રિકેટ ઇતિહાસમાં પ્રથમ વખત બાઉન્ટ્રીના આધારે વિજેતા જાહેર કરવાના નિયમનું પાલન કરવામાં આવ્યું હતું.
– વર્લ્ડ કપ ૨૦૧૯માં પ્રથમ સેમિફાઇનલ મેચનું આયોજન ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ઇંગ્લેન્ડના માન્ચેસ્ટર ખાતે થયું હતું.
– જેમાં ભારતનો ૧૮ રને પરાજય થયો.
– દ્વિતિય સેમિફાઇનલનું આયોજન ઓસ્ટ્રેલીયા અને ઇંગ્લેન્ડ વચ્ચે થયું હતું જેમાં ઇંગ્લેન્ડનો ૮ વિકેટ વિજય થયો હતો.
– વર્લ્ડ કપ ૨૦૧૯માં ન્યુઝીલેન્ડ ટીમના કેપ્ટન કેન વિલિયમ્સને મેન ઓફ ધ સીરિઝ જાહેર કરવામાં આવ્યા છે.
– વર્લ્ડ કપ ૨૦૧૯માં ભારતીય ક્રિકેટર રોહિત શર્માએ સૌથી વધુ ૬૪૮ રન ફટકાર્યા છે.
– વર્લ્ડ કપ ૨૦૧૯માં સૌથી વધુ ૨૭ વિકેટ ઓસ્ટ્રેલિયાના મીએલ સ્ટાર્કએ ઝડપી છે.

**આઇસીસી વર્લ્ડ કપ :**

– આઇસીસી વર્લ્ડ કપ વન ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટની એક ચેમ્પિયનશીપ છે.
– વર્લ્ડ કપનું આયોજન દર ચાર વર્ષે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ દ્વારા કરવામાં આવે છે.
– આઇસીસી વર્લ્ડ કપ દુનિયાની ત્રીજા ક્રમની સૌથી વધુ જોવાતી રમત સ્પર્ધા છે. જેમાં પ્રથમ ક્રમે રમત ફિફા વર્લ્ડ કપ છે જ્યારે બીજા ક્રમની ઓલમ્પિક છે.
– પ્રથમ વર્લ્ડ કપનું આયોજન વર્ષ ૧૯૭૫માં ઇંગ્લેન્ડ ખાતે થયું હતું.
– પ્રથમ ત્રણ વર્લ્ડકપનું આયોજન ઇંગ્લેન્ડમાં થયું હતું. વર્ષ ૧૯૮૭ બાદ તેનું આયોજન દર ચાર વર્ષે અલગ અલગ દેશમાં કરવામાં આવે છે.

**વર્લ્ડ કપમાં ભારત :**

– ભારતે અત્યાર સુધી ૨ વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં જીત મેળવી છે.
– ભારતે પ્રથમ વર્લ્ડ કપ વર્ષ ૧૯૮૩માં કપિલ દેવની કેપ્ટનશીપ સાથે વેસ્ટઇન્ડિઝને હરાવી જીત્યો હતો. તેની ફાઇનલ મેચનું આયોજન ઇંગ્લેન્ડના લંડન ખાતે થયું હતું.
– જ્યારે બીજી વખત ભારતે વર્ષ ૨૦૧૧માં મહેનદ્રસિંહ ધોનીની કેપ્ટનશિપ સાથે શ્રીલંકાને હરાવી આ ટાઇટલ જીત્યું હતું. તેની ફાઇનલ મેચનું આયોજન ભારતના મુંબઇ ખાતે થયું હતું.
– ભારતમાં અત્યાર બે વખત વર્લ્ડ કપનું આયોજન થાય છે.
૧. વર્ષ ૧૯૮૭
૨. વર્ષ ૨૦૧૧
– વર્ષ ૨૦૨૩માં યોજાનાર વર્લ્ડકપનું આયોજન ભારતમાં કરવામાં આવશે.

## ICC (International Cricket Council) :

– આઇસીસીની સ્થાપના વર્ષ ૧૯૦૯માં થઇ હતી. તેની સ્થાપના ઓસ્ટ્રેલીયા, ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિઓ દ્વારા ઇમ્પીરિયલ ક્રિકેટ કોન્ફરન્સ તરીકે કરવામાં આવી હતી.
– બાદમાં વર્ષ ૧૯૬૫માં તેનું નામ ઇન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ અને વર્ષ ૧૯૮૯માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ

પરિષદ (ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ) કરવામાં આવ્યું.

– આઇસીસી વૈશ્વિક ક્રિકેટનું સંચાલન કરે છે. હાલ ૧૦૫ દેશો આઇસીસીના સભ્યો છે.

– આઇસીસીના મુખ્ય કાર્યકારી અધિકારી મનુ સાહની છે.

– આઇસીસીના ચેરમેન શશાંક મનોહર છે. તેનું મુખ્યમથક – દુબઇ

પ્રશ્નો :

૧ હિન્દુ કેલેન્ડર મુજબ ગુરૂપૂર્ણિમા ક્યારે મનાવાય છે ?

– અષાઢ સુદ પુનમના દિવસે

૨ ક્રિકેટ વર્લ્ડ કપ – ૨૦૧૯ વિજેતા ટીમ જણાવો ?

– ઇંગ્લેન્ડ

૩ ક્રિકેટ વર્લ્ડકપ –૨૦૧૯ મેન ઓફ ધ સિરિઝ ખેલાડી જણાવો ?

– કેન વિલિયમસન

૪ ICC નું પુરૂનામ જણાવો ?

– International Cricket Council

## 17.July 2019

**(૧) ઇન્ટરનેશનલ જસ્ટિસ ડે :**

– દર વર્ષે ૧૭ જુલાઇના રોજ ઇન્ટરનેશનલ જસ્ટિસ ડે ઉજવવામાં આવે છે.

– આ દિવસ ગુનાઓને અટકાવવા અને અલગ અલગ ગુનાહિત પ્રણાલીઓને ઓળખવા માટે ઉજવવામાં અવો છે.

**(૨) વર્લ્ડ ઇમોજી ડે :**

– દર વર્ષે ૧૭ જુલાઇના રોજ વર્લ્ડ ઇમોજી ડે ઉજવવામાં આવે છે.

– આ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૧૪માં કરવામાં આવી હતી.

**(૩) વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ –૨૦૧૯**

– તાજેતરમાં ગ્રાન્ડ સ્લમે ટેનિસ ટુર્નામેન્ટ પૈકીની એક વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ ૨૦૧૯નું આયોજન ઇંગ્લેન્ડના વિમ્બલ્ડન ખાતે થયું હતું.

– આ વર્ષે વિમ્બલ્ડન ચેમ્પિયનશિપનું ૧૩૩મું આયોજન કરવામાં આવ્યું હતું.

– વિમ્બલ્ડન ટેનિસની પ્રતિષ્ઠિત અને સૌથી જૂની ટુર્નામેન્ટ છે.

– ઘાસના મેદાન પર યોજાતી આ ટુર્નામેન્ટ વર્ષ ૧૮૭૭ થી ઇંગ્લેન્ડના લંડન ખાતે આવેલ વિમ્બલ્ડનમાં ઓલ ઇંગ્લેન્ડ ક્લબ ખાતે યોજાય છે.

– આ ટુર્નામેન્ટમાં સર્બિયાના નોવાક જોકોવિચે સ્વિત્ઝર્લેન્ડના રોજર ફેડરરને પરાજિત કરી મેન્સ સિંગલ્સનું ટાઇટલ જીત્યું હતું.

– જ્યારે રોમાનિયાની સિમોના હાલેપે અમેરિકાના સેરેના વિલિયમ્સને પરાજિત કરી વિમેન્સ સિંગલ્સનું ટાઇટલ જીત્યું હતું.

– સર્બિયાની નોવાક જોકોવિચનું આ ૧૬મું ગ્રાન્ડસ્લેમ અને ૫મું વિમ્બલ્ડન ટાઇટલ છે. રોમાનિયાની સિમોના હાલેપનું આ પ્રથમ વિમ્બલ્ડન ટાઇટલ છે.

**ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ :**

– ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ ટેનિસ સૌથી મોટી ચાર ટુર્નામેન્ટનો સમૂહ છે જેમાં ઓસ્ટ્રેલિયા ઓપન, ફ્રેન્સ ઓપન, વિમ્બલ્ડન અને યુએસ ઓપનનો સમાવેશ થાય છે.

**ઓસ્ટ્રેલીયા ઓપન :**

– ઓસ્ટ્રેલીયા ઓપનની શરૂઆત વર્ષ ૧૯૦૫માં થઇ હતી.

– તેનું આયોજન જાન્યુઆરી મહિના દરમ્યાન કરવામાં આવી છે.

– મેલબોર્ન ખાતે યોજાતી આ ટુર્નામેન્ટ હાર્ડ કોર્ટમાં રમાય છે.

**ફ્રેન્સ ઓપન :**

– ફ્રેન્સ ઓપનની શરૂઆત વર્ષ ૧૮૯૧માં થઇ હતી.

– તેનું આયોજન મે અથવા જૂન મહિના દરમ્યાન કરવામાં આવે છે.

– પેરિસ ખાતે યોજાતી આ ટુર્નામેન્ટ ક્લે કોર્ટમાં રમાય છે.

**વિમ્બલ્ડન :**

– વિમ્બલ્ડનની શરૂઆત વર્ષ ૧૮૭૭માં થઇ હતી.

– તેનું આયોજન જૂન જુલાઇ મહિના દરમ્યાન કરવામાં આવે છે.

– લંડન ખાતે યોજાતી આ ટુર્નામેન્ટ ગ્રાસ કોર્ટમાં (ઘાસના મેદાનમાં) રમાય છે.

**યુએસ ઓપન :**

– યુએસ ઓપનની શરૂઆત વર્ષ ૧૮૮૧માં થઇ હતી.

– તેનું આયોજન ઓગસ્ટ અથવા સપ્ટેમ્બર મહિના દરમ્યાન કરવામાં આવે છે.

– ન્યુયોર્ક ખાતે યોજાતી આ ટુર્નામેન્ટ ગ્રાસ કોર્ટમાં (ઘાસના મેદાનમાં) રમાય છે.

**(૪) અંશુલા કાન્ત – વિશ્વ બેન્કના મેનેજિંગ ડાયરેક્ટર :**

– તાજેતરમાં ભારતીય સ્ટેટ બેન્કના મેનેજિંગ ડાયરેક્ટર અંશુલા કાન્તને વિશ્વ બેન્કના મેનેજિંગ ડાયરેક્ટર તેમજ મુખ્ય નાણાંકીય અધિકારી નિયુક્ત કરવામાં આવ્યા.

– તેઓ વિશ્વ બેન્કના મુખ્ય નાણાંકીય ભારતીય મહિલા બન્યા છે.

– તેઓ વિશ્વ બેંકમાં ફાઇનાન્સ અને રિસ્ક મેનેજમેન્ટ સંબંધિત કાર્યો સાંભળશે.

**વિશ્વબેંક :**

– વિશ્વ બેંક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના ૧૯૪૪માં અમેરિકાના બ્રિટન વૂડ્સ શહેરમાં વિશ્વના નેતાઓના એક સંમેલન દરમિયાન થઇ હતી.

– આ બંને સંસ્થાઓ બ્રિટન વૂડ્સ સંસ્થાના નામથી પણ ઓળખાય છે.

– દ્વિતિય મહાયુદ્ધ બાદ આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થાઓને ફરીથી પાટા પર લાવવાના ઉદ્દેશથી આ સંસ્થાઓની રચના કરાઇ હતી.

– વિશ્વ બેંકનું નિયંત્રણ તેના ૧૮૦ થી વધુ સભ્ય દેશોના હાથમાં છે તે શેરધારક પણ છે.

– આ દેશોનું પ્રતિનિધિત્વ કરનારા ગવર્નરોના બોર્ડ નિર્ણય કરે છે.

– વિશ્વ બેંકનું મુખ્યમથક વોશિંગ્ટન ડીસી યુનાઇટેડ સ્ટેટ્સ ખાતે આવેલ છે.

– વિશ્વ બેંક પ્રમુખ – ડેવિડ મલ્પસ

– વિશ્વ બેંક સીઇઓ – ક્રિસ્ટાલિના જર્યોર્જિવા

Vivekanand Academy Gandhinagar

– વિશ્વ બેંક સ્થાપકો : જહોન મેનાર્ડ કેન્સ, હેરી ડેક્સ્ટર વ્હાઇટ

**(૫) દુતીચંદ – વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ – ૨૦૧૯**

– તાજેતરમાં ઇટલીના નાપોલી ખાતે વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું.
– વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ – ૨૦૧૯માં ભારતે ૧ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૨ બ્રોન્જ મેડલ સાથે કુલ ૪ મેડલ જીત્યા હતા.
– જેમાં ભારતીય મહિલા દોડવીરાંગના દુતીચંદએ ૧૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો તેણીએ ૧૦૦ મીટર દોડ ૧૧.૩૨ સેકન્ડમાં પૂરી કરી હતી.
– તેમનો જન્મ ઓડિશાના જજપુર ખાતે થયો હતો.

પ્રશ્નો :
૧ ઇન્ટરનેશનલ જસ્ટિસ ડે ક્યારે મનાવાય છે ?
– ૧૭ જુલાઇ
૨ વર્લ્ડ ઇમોજી ડે ક્યારે મનાવાય છે ?
– ૧૭ જુલાઇ
૩ વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ ૨૦૧૯નું આયોજન ક્યાં થયું હતું ?
– ઇંગ્લેન્ડના વિમ્બલ્ડન
૪ વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ–૨૦૧૯ મેન્સ વિજેતા ?
– નોવાક જોકોવિચ
૫ વિશ્વ બેન્કના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
– અંશુલા કાન્ત
૬ દુતીચંદ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
– દોડ

## 18. July 2019

**(૧) International Film Festival of India (IFFI)-2019**

– તાજેતરમાં કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી દ્વારા રજૂ કરવામાં આવેલ જાહેરાત અનુસાર International Film Festival of India (IFFI)-2019 નું આયોજન ગોવા ખાતે ૨૦ થી ૨૮ નવેમ્બર ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવશે.
– આ ફિલ્મ ફેસ્ટિવલનું ૫૦ મું આયોજન છે.
– ગોવામાં યોજનાર આ ફેસ્ટિવલમાં તેની ગોલ્ડન જ્યુબલી (સુવર્ણ જયંતિ) ની ઉજવણી કરવામાં આવશે.
– પ્રથમ (IFFI)નું આયોજન ૨૪ જાન્યુઆરી ૧૯૫૨ના રોજ મુંબઇ ખાતે કરવામાં આવ્યું હતું.
– બીજા ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન ૧૯૬૧માં નવી દિલ્લી ખાતે થયું હતું.
– આ ફેસ્ટિવલનું આયોજન વર્ષ ૧૯૯૩ થી દર વર્ષે ગોવા ખાતે કરવામાં આવે છે.
– આ ફેસ્ટિવલનું આયોજન કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય અને ગોવા સરકાર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે.

**જયંતિ :**
– **રજત જયંતિ – ૨૫ વર્ષે**
– **રૂબી અથવા માણેક જયંતિ – ૪૦ વર્ષે**
– **સુવર્ણ જયંતિ – ૫૦ વર્ષે**
– **હીરક જયંતિ – ૬૦ વર્ષે**
– **નીલમ જયંતિ – ૬૫ વર્ષે**
– **પ્લેટિનમ જયંતિ – ૭૦ વર્ષે**
– **શતાબ્દી – ૧૦૦ વર્ષે**

**(૧) કરતારપુર કોરિડોર :**

– તાજેતરમાં ભારતને પાકિસ્તાન વચ્ચે અટારી વાઘા બોર્ડર ખાતે કરતારપુર કોરિડોર મુદ્દે મંત્રણાનું આયોજન કરવામાં આવ્યું હતું.
– આ મંત્રણામાં ભારત દ્વારા કરતારપુર દર્શનાર્થે જતાં શ્રદ્ધાળુઓને વિઝા વગર પ્રવેશ આપવાની માંગ કરવામાં આવી હતી જે પાકિસ્તાન દ્વારા સ્વીકારવામાં આવી છે.
– કરતારપુર પાકિસ્તાનના પંજાબના નરોવલ જિલ્લામાં રાવી નદી કિનારે આવેલ નગર છે.
– આ નગરની સ્થાપના શીખ ધર્મના પ્રથમ ગુરૂ ગુરૂ નાનકે ૧૬ મી સદીમાં કરી હતી.
– વર્ષ ૧૫૩૯માં તેમનું કરતારપુર ખાતે નિધન થયું હતું.
– ભારતમાં વસતા શીખ ધર્મના અનુયાયી માટે ભારત અને પાકિસ્તાન દ્વારા ભારતના પંજાબ ખાતે વેલ ડેરા બાબા નાનક સાહિબથી પાકિસ્તાનના પંજાબ ખાતે આવેલ ગુરૂદ્વરા દરબાર સાહિબ કરતારપુરને જોડતો કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે.
– કરતારપુર કોરીડોરનો શિલાન્યાસ વર્ષ ૨૦૧૮માં ભારતનાા પંજાબના ગુરદાસપુર જિલ્લાના માન ગામ ખાતેથી ઉપરાષ્ટ્રપતિ એમ વેકૈયા નાયડુ દ્વારા કરવામાં આવ્યો હતો.
– પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઇમરાન ખાન દ્વારા પાકિસ્તાનના પંજાબના નરોવલ ખાતેથી આ કોરિડોરનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.
– કરતારપુર કોરિડોરનો પ્રથમ પ્રસ્તાવ ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેઇ દ્વારા વર્ષ ૧૯૯૯માં રજૂ કરવામાં આવ્યો હતો.

**૨. નેશનલ ઇન્વિસ્ટિગેશન એજન્સી (અમેન્ડમેન્ટ) બિલ–૨૦૧૯**

– તાજેતરમાં લોકસભા અને રાજ્યસભા બંનેમાં National Investigation Agency (Amendment) બિલ–૨૦૧૯ પસાર થયું.
– ભારત સરકારના રાજ્યકક્ષાના ગૃહમંત્રી જી. કિશન રેડ્ડી દ્વારા આ બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું.
– આ બિલ દ્વારા NIA Act 2008 માં સુધારો કરવામાં આવશે.
– લોકસભા અને રાજ્યસભા બંનેમાં પસાર થઈ ગયા આ બિલ રાષ્ટ્રપતિની મંજૂરી બાદ અમલમાં આવશે.
– આ બિલમાં સુધારાનો મુખ્ય હેતુ ભારતમાં નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીને મજબૂત કરવાનો અને દેશમાં વધતાં અપરાધોને રોકવાનો છે.
– નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (અમેન્ડમેન્ટ) બિલ ૨૦૧૯ મુજબની જોગવાઇ–
– નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીની તપાસના વ્યાપમાં વધારો કરવામાં આવ્યો. જેમાં આંતકવાદ, માનવ તસ્કરી, બનાવટી, ચલણ, સાયબર ક્રાઇમ અને દેશ વિરોધી અન્ય ગતિવિધિના કેસોની પણ તપાસ કરી શકશે.

Vivekanand Academy Gandhinagar

- નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી સાથે સંકળાયેલ કેસોની ટ્રાયલ માટે સરકાર સેશન્સકોર્ટને જ સ્પેશિયલ કોર્ટનો દરજ્જો આપી શકશે.
- નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી વિદેશોમાં પણ ગુનાની તપાસ ને કેસની નોંધણી કરી શકશે.

**નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી**

- નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી ભારતની આંતકવાદ વિરૂદ્ધ કાર્ય કરતી એજન્સી છે.
- તેની સ્થાપના વર્ષ ૨૦૦૯માં નેશનલ ઇન્વેસ્ટિગેશન એક્ટ ૨૦૦૮ અંતર્ગત કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક નવી દિલ્લી ખાતે આવેલ છે.
- આ એજન્સી ભારત સરકારના ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે
- વર્તમાન ડાયરેક્ટર – વાય. વી. મોદી

**પ્રશ્નો :**

૧ IFFI ૨૦૧૯નું આયોજન ક્યાં થશે ?
- ગોવા

૨ કરતારપુર નગર કઈ નદી કિનારે આવેલ છે ?
- રાવી

૩ શીખ ધર્મના પ્રથમ ગુરૂનું નામ જણાવો ?
- ગુરૂ નાનક

૪ ભારત સરકારના રાજ્યકક્ષાના ગૃહમંત્રી જણાવો ?
- જી. કિશનર રેડી

૫ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીનું મુખ્યમથક ક્યાં આવેલ છે ?
- નવી દિલ્હી

## 19. July 2019

**(૧) મંગલ પાંડે :**

- ૧૮૫૭ના સંગ્રામના પ્રથમ શહીદ મંગલ પાંડેનો જન્મ ૧૯ જુલાઇ ૧૮૨૭ના રોજ થયો હતો.
- તેમનો જન્મ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના નાગવા ગામે થયો હતો.
- મંગલ પાંડે વર્ષ ૧૮૪૮માં બ્રિટિશ થળ સેનામાં જોડાયા હતા.
- ૧૮૫૦મા બરાકપુર સૈનિક ટુકડીમાં જોડાયા હતા.
- એન્ફિલ્ડ રાઇફલમાં ગાય અને ડુક્કરની ચરબીવાળા કારતૂસ વાપરવાનો વિરોધ મંગલપાંડે દ્વારા ૨૯ માર્ચ ૧૮૫૭ના રોજ કરવામાં આવ્યો હતો.
- બ્રિટિશ ઓફિસરે રાઇફલ છીનવવા પ્રયાસ કર્યો. મંગલ પાંડેએ ઓફિસર પર હુમલો કરી તેને મારી નાંખ્યો.
- પ્રતિક્રિયારૂપે મંગલ પાંડેને ફાંસીની સજા કરવામાં આવી.
- કલકત્તાથી જલ્લાદ બોલાવી ૮ એપ્રિલ ૧૮૫૭ના રોજ ૨૯ વર્ષની વયે તેમને ફાંસી આપવામાં આવી હતી.
- ૧૯૮૪માં ભારત સરકારે તેમની યાદમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી.

**(૨) પલાઉ– આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન :**

- તાજેતરમાં પલાઉએ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન માટેના રૂપરેખા કરાર હસ્તાક્ષર કર્યા.
- પલાઉ કરાર પર હસ્તાક્ષર કરનારો અને આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનો ૭૬મો સભ્ય દેશ બન્યો.
- પલાઉ એક ટાપુ દેશ છે.

**આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન :**

- આ ગઠબંધનની શરૂઆત ભારત દ્વારા ભવિષ્યમાં ઉર્જાની જરૂરતો પૂરા કરવાના ઉદ્દેશ થી કરવામાં આવી હતી.
- તેની શરૂઆત સંયુક્ત રીતે ૩૦ નવેમ્બર ૨૦૧૫ના રોજ પેરિસમાં યુએન ક્લાયમેન્ટ કોન્ફરન્સ દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના તત્કાલિન રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવી હતી.
- આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન વિશ્વનું પ્રથમ આંતરરાષ્ટ્રીય સંગઠન છે જેનું મુખ્યાલય ભારતમાં આવેલ છે.

**(૨) કુલભૂષણ જાધવની ફાંસી પર પ્રતિબંધ :**

- વર્ષ ૨૦૧૬માં ભારતીય નૌસેનાના પૂર્વ અધિકારી કૂલભૂષણ જાધવની જાસૂસીના આરોપ પર પાકિસ્તાન દ્વારા ધડપકડ કરવામાં આવી હતી.
- એપ્રિલ ૨૦૧૭માં પાકિસ્તાનની સૈન્ય અદાલત દ્વારા તેમને ફાંસીની સજા આપવામાં આવી હતી.
- બાદમાં ભારત દ્વારા આ ચુકાદાને આંતરરાષ્ટ્રીય કોર્ટ પર પડકારવામાં આવ્યો હતો.
- આ બાદ તેમની ફાંસી પર આંતરરાષ્ટ્રીય કોર્ટ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.
- આંતરરાષ્ટ્રીય કોર્ટ દ્વારા પાકિસ્તાનને સજાની સમીક્ષા અને ફેરફાર કરવા જણાવ્યું છે.
- આંતરરાષ્ટ્રીય કોર્ટના અધ્યક્ષ એ.એ. યુસુફના નેતૃત્વમાં ૧૬ જજોની બેન્ચ પૈકી ૧૫ જજોએ ફાંસી પર પ્રતિબંધ મૂકવાના પક્ષમાં નિર્ણય કર્યો હતો.
- ૧૬ જજોની બેચમાં ભારતના ન્યાયાધીશ દલવીર ભંડારી પણ સામેલ છે.
- આંતરરાષ્ટ્રીય કોર્ટમાં કુલભૂષણ જાધવનો કેસ હરીશ સાલ્વે નામના વકીલ દ્વારા ૧ રૂપિયા ટોકન ફી લઇને લાદવામાં આવ્યો હતો.
- આંતરરાષ્ટ્રીય કોર્ટ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૧૯૪૫માં કરવામાં આવી હતી.
- તે નેધરલેન્ડના હેંગ કહતેના શાંતિ મહેલ ખાતે આવેલ છે,

**પ્રશ્નો :**

૧ ૧૮૫૭ના સંગ્રામના પ્રથમ શહીદ કોણ હતા ?
- મંગલ પાંડે

૨ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની શરૂઆત કોણે કરી હતી ?
- ભારત

૩ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનું મુખ્યાલય ક્યાં દેશમાં આવેલું છે ?
- ભારત (ગુરૂગ્રામ)

૪ આંતરરાષ્ટ્રીય કોર્ટ ક્યાં આવેલી છે ?
- હેગ, નેધરલેન્ડ

## 20. July 2019

**(૧) ઇન્ટરનેશનલ ચેસ ડે :**

(૨) બ્લુ ફલેગ સર્ટિફિકેશન ’ માટે દેશના ૧૨ બીચની પસંદગી :

- તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા ‘બ્લુ ફલેગ સર્ટિફિકેશન’ મેળવવા માટે દેશના ૧૨ બીચની પસંદગી કરી છે.

- આ સર્ટિફિકેશન પર્યાવરણ અને સ્વચ્છતા સંબંધી માપદંડ ધરાવતા બીચને Foundation For Environmental Education નામની સસ્થા દ્વારા આપવામાં આવે છે.
- આ સર્ટિફિકેશનની શરૂઆત વર્ષ ૧૯૮૫માં ફ્રાંસમાં કરવામાં આવી હતી.
- હાલ વિશ્વના ૪૫ દેશોના ૪૫૬૦ બીચ, મરીન્સ, બોટ અને ટુરિઝમ ઓપરેટર્સને આ સર્ટિફિકેશન મળી ચૂક્યું છે.
- સૌથી વધુ ૬૬૬ સર્ટિફિકેશન સ્પેનને મળ્યું છે. જેમાં ૫૬૬ બીચ ૯૮ મરીન્સ અને ૨ બોટનો સમાવેશ થાય છે.
- કેન્દ્રીય પર્યાવરણ મંત્રી – પ્રકાશ જાવડેકર
- કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા 'બ્લુ ફ્લેગ સર્ટિફિકેશન – મેળવવા માટે પસંદ કરેલ ૧૨ બીચ–
  (૧) શિવરાજપુર (ગુજરાત)
  (૨) રાધાનગર (આંદમાન નિકોબાર)
  (૩) મિરામાર (ગોવા)
  (૪) ભોગલે (મહારાષ્ટ્ર)
  (૫) ઘોઘલા (દીવ)
  (૬) ગોલ્ડન (ઓડિશા)
  (૭) કપ્પડ (કેરલ)
  (૮) કાસરકોડ (કર્ણાટક)
  (૯) પદુબિદરી (કર્ણાટક)
  (૧૦) ઇડન (પુડૂચેરી)
  (૧૧) મહાબલીપુરમ્ (તામિલનાડુ)
  (૧૨) ઋષિકોંડા (આંધ્રપ્રદેશ)

**(૨) દોડ વીરાંગના હિમા દાસે ૫ ગોલ્ડ મેડલ જીતી અનોખી સિદ્ધી હાંસલ કરી**

- તાજેતરમાં ભારતની પ્રસિદ્ધ દોડ વીરાંગના હિમા દાસે ૫ ગોલ્ડ મેડલ જીતી અનોખી સિદ્ધી હાંસલ કરી.

**હિમા દાસે તાજેતરમાં જીતેલ ગોલ્ડ મેડલ :**

- પૉલેન્ડ ખાતે યોજાયેલ પોજનાન એથલેટીક્સ ગ્રાન્ડ પ્રિક્સમાં ૨૦૦ મીટરની રેસ ૨૩.૬૫ સેકન્ડમાં પૂરી કરી ગોલ્ડ જીત્યો.
- ચેક રિપબ્લિક ખાતે યોજાયેલ તબોર એથલેટીક્સ મીટમાં પ્રિક્સમાં ૨૦૦ મીટર રેસ ૨૩.૨૫ સેકન્ડમાં પૂરી કરી ગોલ્ડ જીત્યો.
- ચેક રિપબ્લિક ખાતે યોજાયેલ નોવે મેસ્ટો મેટુજી ગ્રાન્ડ પ્રિક્સમાં ૪૦૦ મીટર રેસ ૫૨.૦૯ સેકન્ડમાં પૂરી કરી ગોલ્ડ જીત્યો.
- હિમા દાસનો જન્મ ૯ જાન્યુઆરી ૨૦૦૦ના રોજ આસામના નાગાંવ જિલ્લાના ધિંગ ગામે થયો હતો.
- તેઓ ધિંગ એક્સપ્રેસના નામથી પ્રખ્યાત છે.
- તેઓ એથલેટીક્સ ફેડરેશન ઓફ ઇન્ટરનેશનલ એસોસિએશન (IAAF)ની વિશ્વ અંડર ૨૦ ટ્રેક ઇવેન્ટમાં ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર તેઓ પ્રથમ ભારતીય એથલીટ છે.
- નવેમ્બર ૨૦૧૮માં યુનિસેફ દ્વારા હિમા દાસની નિમણૂક ભારતના યુવા એમ્બેસેડર તરીકે કરવામાં આવી હતી.
- હિમા દાસ આસામ રાજ્યના સ્પોર્ટ્સ બ્રાન્ડ એમ્બેસેડર છે.
- ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે તેમને અર્જુન એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ૧૮ સપ્ટેમ્બર –૨૦૧૮ હિમાદાસે Adidas બ્રાન્ડ એમ્બેસેડરનો બોન્ડ સાઇન કર્યો.

**(૩) સચિન તેંડુલકર – આઇસીસી હૉલ ઓફ ફ્રેમ :**

- તાજેતરમાં ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરને આઇસીસી હૉલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા.
- તેમની સાથે દક્ષિણ આફ્રિકાના એલન ડોનાલ્ડ અને ઓસ્ટ્રેલિયાના મહિલા ક્રિકેટર કેથરિનને પણ આઇસીસી હૉલ ઓફ ફેમમામં સામેલ કરવામાં આવ્યા.
- સચિન આઇસીસી હૉલ ઓફ ફેમમાં સામેલ થનાર છઠ્ઠા ભારતીય બન્યા.
- આ અગાઉ બિશન સિંહ બેદી, સુનિલ ગાવસ્કર, કપિલ દેવ, અનિલ કુંબલે અને રાહુલ દ્રવિડને આઇસીસી હૉલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા છે.

**સચિન તેંડુલકર :**

- સચિન તેંડુલકરનો જન્મ ૨૪ એપ્રિલ ૧૯૭૩ના રોજ મુંબઈમાં થયો હતો.
- સચિન તેંડુલકરના નામે ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદી ફટકારવાનો રેકોર્ડ છે. જેમાં ૪૯ સદી વન ડે માં અને ૫૧ સદી ટેસ્ટમાં છે.
- સચિન તેંડુલકરને ભારત સરકાર દ્વારા પદ્મવિભૂષણ, રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર, ભારત રત્નથી સન્માનીત કરવામાં આવ્યા છે.
- ભારત તરફથી સચિને વર્ષ ૧૯૮૯માં પાકિસ્તાન સામેની ટેસ્ટ મેચથી કારકિર્દીની શરૂઆત કરી હતી, બાદમાં તેમણે તેજ વર્ષમાં ભારત તરફથી પ્રથમ વન ડે પણ રમી હતી.
- તેઓ ૨૦૦ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મેચ રમનાર પ્રથમ અને એકમાત્ર બેટ્સમેન છે.

**(૪) જન જાગરૂકતા અભિયાન : નવી દિલ્લી :**

- તાજેતરમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નવી દિલ્લી ખાતે ત્રણ દિવસીય અભિયાન 'જન જાગરૂકતા અભિયાન' ની શરૂઆત કરવામાં આવી હતી.
- આ અભિયાન દ્વારા ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને મેલેરિયા જેવા રોગને રોકવા અને તેના નિયંત્રણ વિશે લોકોને જાગૃત કરવાના હેતુથી આ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.
- આ અભિયાન ૧૭ થી ૧૯ જુલાઇ દરમ્યાન નવી દિલ્લી ખાતે ચલાવવામાં આવ્યું હતું.
- કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી – જય પ્રકાશ નડ્ડા

પ્રશ્નો :

૧ ઇન્ટરનેશનલ ચેસ ડે ક્યારે મનાવાય છે ?
- ૨૦ જુલાઇ

૨ 'બ્લુ ફ્લેગ સર્ટિફિકેશન અંતર્ગત ગુજરાતના કેટલા બીચ પસંદ કરવામાં આવ્યા છે ?
- ૧ (એક)

૩ હિમા દાસ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- દોડ

૪ હિમા દાસ બીજા કયા નામથી જાણીતા છે ?
– ધિંગ એક્સપ્રેસ
૫ હિમા દાસ કયા રાજ્યના વતની છે ?
– આસામ
૬ આઇસીસી હોલ ઓફ ફેમમાં કુલ કેટલા ભારતીય છે ?
– ૬ (છ)
૭ જન જાગરૂકતા અભિયાનની શરૂઆત ક્યાં કરવામાં આવી હતી ?
– નવા દિલ્હી

## 21. July 2019

**(૧) દિલ્લીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષિતનું નિધન :**
– કોંગ્રેસના દિગ્ગજ નેતા અને દિલ્લીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતનું ૨૦ જુલાઇ ૨૦૧૯ના રોજ નિધન થયું.
– તેમનો જન્મ ૩૧ માર્ચ ૧૯૩૮ના રોજ બ્રિટિશ ભારતના પંજાબ ખાતે આવેલ કપૂરથલામાં થયો હતો.
– તેઓ પ્રથમ વખત વર્ષ ૧૯૮૪ થી ૧૯૮૯ સુધી રાજીવ ગાંધી સરકારમાં કન્નોજ લોકસભા બેઠક પરથી સાંસદ રહ્યા હતા.
– તેઓને વર્ષ ૧૯૮૪ થી ૧૯૮૯ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના મહિલા પ્રતિનિધિ તરીકે સેવા આપી હતી.
– વર્ષ ૧૯૯૮માં તેઓ દિલ્લી કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ બન્યા હતા.
– તેઓ ૩ ડિસેમ્બર ૧૯૯૮ થી ૨૮ ડિસેમ્બર ૨૦૧૩ સુધી દિલ્લીના છઠ્ઠા મુખ્યમંત્રી રહ્યા હતા.
– તેઓ સતત પંદર વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપનાર ભારતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી હતા.
– માર્ચ ૨૦૧૪માં તેમને કેરલ રાજ્યના ૨૨ માં રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
– તેમણે ઓગસ્ટ ૨૦૧૪માં રાજ્યપાલ પદ પરથી રાજીનામું આપ્યું હતું.
– તેમના પતિ વિનોદ દીક્ષિત આઇએએસ અધિકારી હતા.

**(૨) આંતરરાષ્ટ્રીય પોલીસ એક્સ્પો – ૨૦૧૯ – નવી દિલ્લી :**
– તાજેતરમાં આંતરરાષ્ટ્રીય પોલીસ એક્સ્પોનું આયોજન નવી દિલ્લી ખાતે કરવામાં આવ્યું હતું.
– આ એક્સ્પોનું આયોજન 'Challenges to strengthen Security and peace' થીમ પર કરવામાં આવ્યું હતું.
– આ એક્સ્પોમાં ૨૫ દેશોના પ્રતિનિધિઓ હાજરી આપી હતી.
– આંતરરાષ્ટ્રીય પોલીસ એક્સ્પોનું આ પાંચમુ આયોજન હતું આ આયોજન નેક્સજેન અગ્ઝિબિશન્સ દ્વારા કરવામાં આવ્યું હતું.
– આ અકસ્પોમાં આધુનિક ટેકનોલોજી અને ઉપકરણો, સુરક્ષિત વાહનો, સાઇબર સુરક્ષા, ડ્રોન જેવા ઉપકરણોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

**(૩) દેશના ૧૦ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક**
– તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા દેશના ૧૦ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવી.
– જે અંતર્ગત ૭ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવી અને મધ્યપ્રદેશ, બિહાર અને હિમાચલ પ્રદેશના વર્તમાન રાજ્યપાલની અન્ય રાજ્યમાં બદલી કરવામાં આવી.
– ગુજરાતનાં નવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અગાઉ હિમાચલ પ્રદેશના રાજ્યપાલ તરીકે સેવા આપતા હતા.
– ઉત્તરપ્રદેશના નવા રાજ્યપાલ આનંદીબેન પટેલ મધ્યપ્રદેશ અને છત્તીસગઢના રાજ્યપાલ તરીકે સેવા આપતા હતા.
– મધ્યપ્રદેશના નવા રાજ્યપાલ લાલજી ટંડન અગાઉ બિહારના રાજ્યપાલ તરીકે સેવા આપતા હતા.

| રાજ્ય | નવા રાજ્યપાલ | પૂર્વ રાજ્યપાલ |
|---|---|---|
| ગુજરાત | આચાર્ય દેવવ્રત | ઓ.પી. કોહલી |
| ત્રિપુરા | રમેશ બૈસ | કપ્તાનસિંહ સોલંકી |
| ઉત્તરપ્રદેશ | આનંદીબેન પટેલ | રામ નાયક |
| છત્તીસગઢ | અનુસુઇયા ઉઇકે | આનંદીબેન પટેલ |
| બિહાર | ફાગુ ચૌહાણ | લાલજી ટંડન |
| પશ્ચિમ બંગાળ | જયદીપ ધનખર | કેસરીનાથ ત્રિપાઠી |
| હિમાચલ પ્રદેશ | કલરાજ મિશ્રા | આચાર્ય દેવવ્રત |
| મધ્યપ્રદેશ | લાલજી ટંડન | આનંદીબેન પટેલ |
| નાગાલેન્ડ | આર.એન. રવિ | પદ્મનાભ આચાર્ય |
| આંધ્રપ્રદેશ | બિશ્વભૂષણ હરિચંદન | ઇએસએલ નરસિંહન |

પ્રશ્નો :
૧ શિલા દિક્ષિતનો જન્મ ક્યાં થયો હતો ?
– પંજાબ
૨ સતત પંદર વર્ષ સુધી મુખ્યમંત્રી પદે રહેનાર ભારતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી જણાવો ?
– શીલા દિક્ષિત
૩ આંતરરાષ્ટ્રીય પોલીસ એક્સ્પો–૨૦૧૯નું આયોજન ક્યાં થયું હતું ?
– નવી દિલ્હી
૪ ઉત્તરપ્રદેશના નવા રાજ્યપાલ જણાવો ?
– આનંદીબહેન પટેલ
૫ લાલજી ટંડન કયા રાજ્યના રાજ્યપાલ બન્યા ?
– મધ્યપ્રદેશ

## 22. July 2019

**(૧) દેશની આન–બાન– શાનનું પ્રતીક ત્રિરંગો – રાષ્ટ્રીય ધ્વજ :**
– ૨૨ જુલાઇ ૧૯૪૭ના રોજ બંધારણ સભા દ્વારા વર્તમાન ત્રિરંગાના આકાર અને પ્રકાર નિશ્ચિત કરવામાં આવ્યા હતા.
– દેશ આઝાદ થયા બાદ બંધારણ સભામાં પંડિત જવાહરલાલ નહેરૂએ ૨૨ જુલાઇ ૧૯૪૭ના રોજ વર્તમાન ત્રિરંગા ધ્વજને રાષ્ટ્રીય ધ્વજ તરીકે જાહેર કર્યો હતો.
– ત્રિરંગા ધ્વજમાં ત્રણ રંગ છે ઉપર કેસરી, વચ્ચે સફેદ અને નીચે લીલો.
– સફેદ રંગના પટ્ટામાં બ્લૂ રંગથી બનેલું અશોકચક્ર છે, જેમાં ૨૪ આરા હોય જે ધર્મ અને કાયદાનું પ્રતિનિધિત્વ કરતા હતા.
– આ અશોક ચક્ર સારનાથના સિંહાકૃતિ વાળા અશોક સ્તંભમાંથી લેવામાં આવેલ છે. અશોક ચક્રનો વ્યાસ સફેદ પટ્ટાની પહોળાઇનાં ૩/૪ ભાગ જેટલો હોય છે.
– રાષ્ટ્રીય ધ્વજ ત્રિરંગાનું સ્વરૂપ આજે પણ મોજૂદ છે. તેને પિંગલી વેકૈયાએ ડિઝાઇન કર્યો છે.
– રાષ્ટ્રધ્વજની લંબાઇ – પહોળાઇનું પ્રમાણ ૩:૨ છે.

- ગાંધીજીએ સૌથી પહેલાં ૧૯૨૧માં કોંગ્રેસના પોતાના ધ્વજની વાત કહી હતી.
- આ ધ્વજને પણ પિંગલી વેકૈયાએ ડિઝાઇન કર્યો હતો. આમાં બે રંગ હતા, લાલ રંગ હિંદુઓ માટે અને લીલો રંગ મુસ્લિમો માટે વચ્ચે અશોક ચક્ર હતું. ત્યાર પછી તેમાં અન્ય ધર્મો માટે સફેદ રંગ જોડવામાં આવ્યો હતો.
- સ્વતંત્રતા મળ્યાના થોડા દિવસ પહેલાં બંધારણ સભાએ રાષ્ટ્રધ્વજને સંશોધિત કર્યું. આમાં ચરખાની જગ્યા અશોક ચક્ર લીધી.
- આ નવા ધ્વજની દેશના બીજા રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણએ ફરીથી વ્યાખ્યા કરી.

**(૨) ચંદ્રયાન–૨**

- તાજેતરમાં ઇસરો દ્વારા આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલ સતિષ ધવન સ્પેસ સ્ટેશન ખાતેથી ચંદ્રયાન– ૨ લોન્ચ કરવામાં આવ્યું.
- આ લોન્ચિંગ ૨૨ જુલાઇ ૨૦૧૯ના રોજ બપોરે ૨.૪૩ કલાકે સતિષ ધવન સ્પેસ સ્ટેશન ખાતે આવેલ બીજા લોન્ચિંગ પેડ પરથી કરવામાં આવ્યું.
- આ મિશન અગાઉ ૧૫ જુલાઇ ૨૦૧૮ ના રોજ લોન્ચ થવાનું હતું પરંતુ ટેકનિકલ ખામીને લીધે સ્થગિત કરવામાં આવ્યું હતું.
- ચંદ્રયાન– ૨ સંપૂર્ણ રીત સ્વદેશી છે.
- ચંદ્રયાન– ૨માં ભારતીય રોવર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પાણીની શોધ અને વાતાવરણનો અભ્યાસ કરશે.
- ચંદ્રયાન – ૨ને GSLV-mk III ની મદદથી લોન્ચ કરવામાં આવ્યું છે.
- ચંદ્રયાન– ૨નું વજન ૩૮૫૦ કિલોગ્રામ છે.
- મિશનમાં ઓર્બિટર, લેન્ડર અને રોવરનો સમાવેશ કરવામાં આવ્યો છે જે પૈકી ઓર્બિટરનું વજન ૨૩૭૯ કિલોગ્રામ છે.
- ઓર્બિટરનું મુખ્ય કાર્ય પૃથ્વી અને લેન્ડર વચ્ચે કોમ્યુનિકેશન રાખવાનું છે. ઓર્બિટર ચંદ્રની ૧૦૦ કિલોમીટરની ધ્રુવીય કક્ષામાં ભ્રમણ કરશે.
- ઓર્બિટર પોતાના દ્વારા લેવાયેલ માહિતી કર્ણાટકના બેંગલોર ખાતે આવેલ ઇન્ડિયન ડીપ સ્પેસ નેટવર્ક ખાતે પોતાની માહિતી મોકલશે.
- ચંદ્રયાન – ૨માં કુલ ૧૩ પેલોડ છે જે પૈકી ૮ ઓર્બિટરમાં ૩ લેન્ડરમાં અને ૨ રોવરમાં છે.
- ચંદ્રયાન – ૨ લોન્ચ થયાના ૨૩ દિવસ સુધી પૃથ્વીની ચાર વખત પ્રદક્ષિણા કર્યા બાદ પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું ૩.૮૪લાખ કિલોમીટરનું અંતર આશરે ૪૮ દિવસમાં કાપશે.
- ચંદ્રયાન – ૨ મિશનથી ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચનાર પ્રથમ દેશ બનશે જ્યારે ચંદ્ર પર જનાર વિશ્વનો ચોથો દેશ બનશે.
- ભારત પહેલા રશિયા અમેરિકા અને ચીન ચંદ્ર પર પહોચ્યા છે.
- ચંદ્રયાન–૨ મિશનના પ્રોજેક્ટ ડાયરેક્ટર મુથૈયા વનિતા છે તેઓ ૩૨ વર્ષથી ઇસરોમાં ફરજ બજાવે છે.
- ચંદ્રયાન–૨ના મિશન ડાયરેક્ટર રિતુ કરિધાલ છે તેઓ વર્ષ ૨૨ વર્ષથી ઇસરોમાં ફરજ બજાવે છે.

**ચંદ્રયાન –૧**

- ભારત દ્વારા ચંદ્રયાન ૧ ને ૨૨ ઓક્ટોબર ૨૦૦૮ના રોજ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલ સતિષ ધવન સ્પેસ સ્ટેશન ખાતેથી લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ચંદ્રયાન – ૧ માં ઉપયોગમાં લેવાયેલ ઓર્બિટરમાં ૩ પેલોડ્સ યુરોપના અને ૨ પેલોડ્સ અમેરિકાના હતા.
- ચંદ્રયાન – ૧ને PSLV Polar Satellite Launch Vehicle દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ચંદ્રયાન – ૧ એ ૩૧૨ દિવસ સુધી ચંદ્રની ૩૪૦૦ પરિક્રમા કરી હતી.
- ચંદ્રયાન – ૧ મિશનની ઘોષણા અટલ બિહારી વાજપેઇ દ્વારા કરવામાં આવી હતી.
- ચંદ્રયાન – ૧ સમયે ઇસરોના અધ્યક્ષ જી માધવન નાયર હતા.

**GSLV V-MkIII**

- Geosynchronous Satellite Launch Vehicle Mark III
- ચંદ્રયાન –૨માં ઉપયોગમાં લેવાયેલ GSLV-mk III રોકેટ બાહુબલી તરીકે ઓળખવામાં આવે છે.
- જે ત્રણ તબક્કાવાળું રોકેટ છે. જે ભારતનું સૌથી શક્તિશાળી લોન્ચર છે.
- આ રોકેટની મદદથી ૪ ટન સેટેલાઇટને જીયોસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિતમાં સ્થાપિત કરી શકાય છે.
- ભારત દ્વારા વર્ષ ૨૦૨૨માં થનાર મિશન ગગનયાનમાં પણ આ રોકેટનો ઉપયોગ કરવામાં આવશે.

**(૨) લેન્ડર અને રોવર :**

- ચંદ્રયાન –૨માં ઉપયોગમાં લેવાયેલ લેન્ડરનું નામ વિક્રમ છે.
- લેન્ડર વિક્રમનું વજન ૧૪૭૧ કિલોગ્રામ છે જે ૬૫૦ વોટ વીજળી ઉત્પન્ન કરી શકે છે.
- રોવરનું નામ પ્રજ્ઞાન છે.
- રોવર પ્રજ્ઞાનનું વજન ૨૭ કિલોગ્રામ છે જે ૫૦ વોટ વીજળી ઉતપન્ન કરી શકે છે.
- આ રોવર સંપૂર્ણ રીતે સ્વદેશી બનાવટ છે.
- લેન્ડરનું નામ ઇસરોના સ્થાપક વિક્રમ સારાભાઇના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- પ્રજ્ઞાન સંસ્કૃત ભાષાનો શબ્દ છે તેનો અર્થ બુદ્ધિમત્તા થાય છે.
- ચંદ્રયાન – ૨માં ઉપયોગમાં લેવાયેલ લેન્ડર અને રોવરનું ઉત્પાદન રશિયા દ્વારા કરવાનું હતું જે બાદમાં ભારત દ્વારા સ્વદેશીરૂપે કરવામાં આવ્યું છે.
- રોવર પ્રજ્ઞાન ૬ પૈડાંવાળું રોબોટ વાહન છે જે ચંદ્ર પર સૌર ઉર્જાની મદદથી ૫૦૦ મીટરની મુસાફરી કરશે.

**ઇસરો :**

- ઇંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન
- સ્થાપના : વર્ષ ૧૯૬૯માં
- સ્થાપક : વિક્રમ સારાભાઇ
- મુખ્યાલય : બેંગ્લોર
- વર્તમાન ચેરમેન – કે.સીવાન

**પ્રશ્નો :**

૧ ત્રિરંગા ધ્વજને રાષ્ટ્રીય ધ્વજ ક્યારે જાહેર કરાયો હતો ?
- ૨૨ જુલાઇ ૧૯૪૭

૨ અશોકચક્રમાં આવેલા આ રેખા શેનું પ્રતિનિધિત્વ કરે છે ?
– ધર્મ અને કાયદાનું
૩ રાષ્ટ્રધ્વજની લંબાઇ– પહોળાઇનું પ્રમાણ જણાવો ?
– ૩:૨
૪ ચંદ્રયાન – ૨ કોની મદદથી લોન્ચ કરવામાં આવ્યું ?
– GSLV- Mk-III
૫ ચંદ્રયાન–૨ નું વજન જણાવો ?
– ૩૮૫૦ કિ.ગ્રા.
૬ ચંદ્રયાન – ૨ના મિશનના પ્રોજેક્ટ ડાયરેક્ટર જણાવો ?
– મુથૈયા વનિતા

## 23. July 2019

**(૧) રાષ્ટ્રીય પ્રસારણ દિવસ :**

– દર વર્ષે ભારતભરમાં ૨૩ જુલાઇના રોજ રાષ્ટ્રીય પ્રસારણ દિવસ મનાવવામાં આવે છે.
– આ દિવસ ભારતના પ્રથમ રેડિયો પ્રસારણની યાદમાં મનાવવામાં આવે છે.
– ૨૩ જુલાઇ ૧૯૨૭ના રોજ ભારતમાં પ્રથમ વખત રેડિયો પ્રસારણ શરૂ કરવામાં આવ્યું હતું.
– આ પ્રસારણ ખાનગી કંપની ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ કંપની દ્વારા બોમ્બે સ્ટેશન પરથી કરવામાં આવ્યું હતું.
– ભારતમાં ૮ જૂન ૧૯૩૬ના રોજ ઓલ ઇન્ડિયા રેડિયોની સ્થાપના થઇ હતી.
– ઓલ ઇન્ડિયા રેડિયો દ્વારા ૨૩ ભાષામાં પ્રસારણ કરવામાં આવે છે

**(૨) હેન્ડ ઇન હૈન્ડ' સંયુક્ત સૈન્ય અભ્યાસ – ભારત અને ચીન :**

– ડિસેમ્બર ૨૦૧૯માં ભારત અને ચીન વચ્ચે 'હૈન્ડ ઇન હૈન્ડ' નામના વાર્ષિક સંયુક્ત સૈન્ય અભ્યાસનું આયોજન કરવામાં આવશે.
– આ સંયુક્ત સૈન્ય અભ્યાસનું આયોજન મેઘાલયના શિલોંગ ખાતે આવેલ ઊમરોઇમાં કરવામાં આવશે.
– આ સંયુક્ત સૈન્ય અભ્યાસ 'હેન્ડ ઇન હૈન્ડ' નું આઠમું આયોજન હશે.
– આ અભ્યાસ દરમ્યાન આતંકવાદ વિરોધી ઓપરેશન, સંયુક્ત કમાન્ડ પોસ્ટની સ્થાપના, સંયુક્ત યુદ્ધ ડ્રિલ, માનવીય સહાયતા અને આપત્તિ રાહત ઓપરેશન જેવા મુદ્દાઓ પર ફોક્સ કરવામાં આવશે.
– 'હેન્ડ ઇન હૈન્ડ' અભ્યાસની શરૂઆત વર્ષ ૨૦૦૭માં કુનમિંગ ખાતે કરવામાં આવી હતી.
– ડોકલામ વિવાદના લીધે આ અભ્યાસ વચ્ચે બંધ કરવામાં આવ્યો હતો જેને વર્ષ ૨૦૧૮માં ફરી શરૂ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૮માં તેનું આયોજન ચેન્ગ્દુ ખાતે કરવામાં આવ્યું હતું.

**(૩) ડુરંડ કપ –૨૦૧૯ પશ્ચિમ બંગાળ**

– ફૂટબોલ ટુર્નામેન્ટ ડુરંડ કપ – ૨૦૧૯નું આયોજન પશ્ચિમ બંગાળના કલકત્તા, સિલગુડી અને કલ્યણીના પાંચ સ્ટેડિયમ ખાતે કરવામાં આવશે.
– ડુરંડ કપ એશિયાની સૌથી જૂની અને વિશ્વની ત્રીજા ક્રમની સૌથી જૂની ટુર્નામેન્ટ છે.
– ડુરંડ કપનું આ ૧૨૯મું આયોજન છે.
– તેનું પ્રથમ આયોજન વર્ષ ૧૮૮૮માં કરવામાં આવ્યું હતું.
– આ ટુર્નામેન્ટનું આયોજન ડુરંડ ફૂટબોલ ટુર્નામેન્ટ સોસાયટી અને ઓસિયન દ્વારા કરવામાં આવે છે.
– ઇસ્ટ બંગાલ અને મોહન બાગાન આ ટુર્નામેન્ટની સૌથી સફળ ટીમ છે બંને ટીમે ૧૬–૧૬ વખત ડુરંડ કપ જીત્યો છે.
– પશ્ચિમ બંગાળ :
  – રાજ્યપાલ – ફાગુ ચૌહાણ :
  – મુખ્યમંત્રી – મમતા બેનર્જી
  – રાજધાની – કલકત્તા
  – હાઇકોર્ટ – કલકત્તા હાઇકોર્ટ
  – વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૪
  – વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૧૪

**(૪) Def Expo India 2020-લખનઉ :**

– ૧૧માં Def Expo India 2020 નું આયોજન ઉત્તરપ્રદેશ લખનઉ ખાતે કરવામાં આવશે.
– આ દ્વિવર્ષીય ઇવેન્ટનું આયોજન લખનઉમાં પ્રથમ વખત ફેબ્રુઆરી ૨૦૨૦માં કરવામાં આવશે.
– ચાર દિવસીય આ ઇવેન્ટમાં ભારતીય રક્ષા ઉદ્યોગ પોતાની ક્ષમતાનું પ્રદર્શન કરશે.
– Def Expo India 2020 નું આયોજન ભારત – રક્ષા નિર્માણનું ઉભરતું હબ થીમ પર કરવામાં આવશે.
– આ એક્સ્પોથી દેશના રક્ષા ઉદ્યોગ અને મેક ઇન ઇન્ડિયા પ્રોજેક્ટને પ્રોત્સાહન મળશે.

પ્રશ્નો :
૧ રાષ્ટ્રીય પ્રસારણ દિવસ ક્યારે મનાવાય છે ?
– ૨૩ જુલાઇ
૨ ઓલ ઇન્ડિયા રેડિયોની સ્થાપના ક્યારે થઇ હતી ?
– ૮ જૂન ૧૯૩૬
૩ 'હેન્ડ ઇન હેન્ડ' સંયુક્ત સૈન્ય અભ્યાસ કયા બે દેશ વચ્ચે યોજાયો હતો ?
– ભારત અને ચીન
૪ ડુરંડ કપ–૨૦૧૯ નું આયોજન કયાં થયું હતું ?
– પશ્ચિમ બંગાળ
૫ 11 માં Def Expo India 2020 નું આયોજન ક્યાં થશે ?
– લખનઉ, ઉત્તરપ્રદેશ

## 24. July 2019

**(૧) ઇ સિગારેટ પર પ્રતિબંધ – ગુજરાત**

– તાજેતરમાં ગુજરાત રાજ્યમાં ઇ સિગારેટ પર પ્રતિબંધ મૂકવામાં આવશે.
– ગુજરાત રાજ્યના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા આ જાહેરાત કરવામાં આવી.
– રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય રાજ્યના યુવાનોને શારીરિક તેમજ આર્થિકરીતે પાયમાલ થતાં બચાવવાના હેતુથી લેવામાં આવ્યો છે.
– હાલ વિશ્વના ૩૬ દેશો અને દેશનાં ૧૨ જેટલા રાજ્યોમાં સિગારેટ પર પ્રતિબંધ છે.
– ઇ સિગારેટ એક બેટરીથી ચાલતું સાધન ઉપકરણ છે પ્રવાહી સ્વરૂપે સીસું અને અન્ય હાનિકારક રસાયણો હોય છે.

Vivekanand Academy Gandhinagar

- ઇ–સિગારેટનું ઓનલાઇન વેચાણ ઇલેક્ટ્રોનિક નિકોટિન ડિલિવરી સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે.

**(૨) ISSF જુનિયર શુટિંગ વર્લ્ડકપ–૨૦૧૯ :**
- તાજેતરમાં જર્મનીના સુલ ખાતે ISSF જુનિયર શુટિંગ વર્લ્ડકપ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ વર્લ્ડકપમાં ભારત કુલ ૨૪ મેડલ સાથે પ્રથમ સ્થાને રહ્યું હતું.
- ભારતના ૨૪ ગોલ્ડ મેડલમાં ૧૦ ગોલ્ડ, ૯ સિલ્વર, ૫ બ્રોન્ઝ મેડલ સાથે જર્મની આ વર્લ્ડકપમાં ત્રીજા સ્થાન પર રહ્યું હતું.
- International Shooting Sport Federation
- વિશ્વની રાઇફલ, પિસ્ટલ અને શોટગન શુટિંગ ટુર્નામેન્ટનું સંચાલન કરે છે.
- ISSF ની સ્થાપના વર્ષ ૧૯૦૭માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય જર્મનીના મ્યુનિચ ખાતે આવેલ છે.

**(૩) ક્રિપ્ટો કરન્સી પર પ્રતિબંધની ભલામણ**
- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલ આંતર–મંત્રાલય સમિતિ દ્વારા તમામ ક્રિપ્ટો કરન્સી પર પ્રતિબંધ મૂકવા અને તેના પર યોગ્ય કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવી.
- આ સમિતિ દ્વારા ભારત સરકાર ઇચ્છે તો સરકાર માન્ય ડિજિટલ કરન્સી અમલમાં મૂકવાની પણ ભલામણ કરવામાં આવી છે.
- આ ઉપરાંત પ્રતિબંધનો ભંગ કરનારને દસ વર્ષની સજાની પણ ભલામણ કરવામાં આવી છે.
- આ સમિતિની રચના નવેમ્બર ૨૦૧૭માં નાણાં સચિવની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી.
- આ સમિતિના સભ્યોમાં ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનાલોજી મંત્રાલયના સચિવ SEBI ના ચેરમેન અને આરબીઆઇના નાયબ ગવર્નરનો સમાવેશ થાય છે.

**(૪) ક્રિપ્ટોકરન્સી :**
- ક્રિપ્ટોકરન્સી એક ડિજિટલ ચલણ છે. જે ભૌતિક રીતે ઉપલબ્ધ હતી નથી.
- ક્રિપ્ટોકરન્સીના ઉપયોગ માટે બ્લોકચેઇન ટેકનૉલોજિનો ઉપયોગ કરવામાં આવે છે.
- હાલ વિશ્વમાં બિટકોઇન ઇથિરિયમ, રિપ્પલ, લાઇટકોઇન, મોનેરો, કોર્ડેનો જેવી ક્રિપ્ટોકરન્સી ઉપલબ્ધ છે.
- બિટકોઇન વિશ્વની પ્રથમ ક્રિપ્ટોકરન્સી છે જેની શરૂઆત વર્ષ ૨૦૦૯માં કરવામાં આવી હતી.
- ક્રિપ્ટોકરન્સીને માન્યતા આપનાર પ્રથમ દેશ માર્શલ છે જે ટાપુ દેશ છે.
- ક્રિપ્ટોકરન્સીને સત્તાવાર લોન્ચ કરનારો વિશ્વનો પ્રથમ દેશ વેનેઝુંએલા છે જેણે પેટ્રો નામની ક્રિપ્ટોકરન્સી લોન્ચ કરી હતી.
- તાજેતરમાં સોશિયલ મિડિયા કંપની ફેસબુકે પોતાની ક્રિપ્ટોકરન્સીની જાહેરાત કરી. આ કરન્સીનું નામ લિબ્રા રાખવામાં આવ્યું છે.

**(૪) ખાનગી ક્ષેત્રે સ્થાનિક યુવાનોને ૭૫% અનામત – આંધ્રપ્રદેશ :**
- તાજેતરમાં આંધ્રપ્રદેશ સરકાર દ્વારા વિધાનસભામાં ખાનગી ક્ષેત્રે નોકરીમાં સ્થાનિક યુવાનોને ૭૫% અનામત આપવા અંગેનું બિલ પસાર કર્યું.
- આ પ્રકારનું બિલ પસાર કરનાર આંધ્રપ્રદેશ દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- આંધ્રપ્રદેશ વિધાનસભા દ્વારા આંધ્રપ્રદેશ એમ્પલોયમેન્ટ ઓફ લોકલ કેન્ડીડેટ્સ ઇન ઇન્ડસ્ટ્રીયલ ફેક્ટરી એક્ટ – ૨૦૧૯ બિલ પસાર કરવામાં આવ્યું.
- આ અનુસાર ફેક્ટરીઓ, ઇન્ડસ્ટ્રીયલ એકમ, સંયુક્ત સાહસો વગેરેમાં રાજ્યના સ્થાનિક લોકો માટે ૭૫% અનામત રાખવામાં આવશે.
- બિલ અનુસાર રાજ્ય સરકારની સહાય મેળવતા કે ન મેળવતા એકમોએ સ્થાનિકોમાં કુશળતા ન હોય તો એકમોએ સરકાર સાથે મળી તેમને તાલીમ અને નોકરી આપવી પડશે.
- આ કાયદો પેટ્રોલિયમ, ખાતર, કોલસો, ફાર્માસ્યુટિકલ્સ, સિમેન્ટ જેવા એકમો પર લાગુ થશે નહીં.
- આ કાયદો લાગુ થયાના ૩ વર્ષમાં દરેક કંપનીઓએ આ કાયદા મુજબ ટાર્ગેટ પૂરો કરવાનો રહેશે.

**આંધ્રપ્રદેશ :**
- રાજ્યપાલ – બિશ્વભૂષણ હરિચંદન
- મુખ્યમંત્રી – જગન મોહન રેડ્ડી
- રાજધાની – અમરાવતી
- હાઇકોર્ટ – આંધ્રપ્રદેશ હાઇકોર્ટ
- વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૧૦
- વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૭

૧ તાજેતરમાં કયા રાજ્યે ઇ સિગારેટ પર પ્રતિબંધ મૂક્યો ?
- ગુજરાત

૨ ભારતમાં કુલ કેટલા રાજ્યમાં ઇ સિગારેટ પર પ્રતિબંધ છે ?
- ૧૨

૩ ISSF જુનિયર શુટિંગ વર્લ્ડકપ –૨૦૧૯નું આયોજન ક્યાં થયું હતું ?
- જર્મનીના સુલ ખાતે

૪ ISSFનું પુરૂનામ જણાવો ?
- International Shooting Sport Federation

૫ વિશ્વની પ્રથમ ક્રિપ્ટોકરન્સી જણાવો ?
- બિટકોઇન

૬ ખાનગી ક્ષેત્રે સ્થાનિક યુવાનોને ૭૫% અનામત આપનાર પ્રથમ રાજ્ય જણાવો ?
- આંધ્રપ્રદેશ

## 25. July 2019

**(૧) આવકવેરા દિવસ– ૨૪ જુલાઇ :**
- ૨૪ જુલાઇના રોજ ભારતભરમાં આવકવેરા દિવસની ઉજવણી કરવામાં આવી.
- ૨૪ જુલાઇ ૧૮૬૦ના રોજ ભારતમાં પ્રથમ વખત સર જેમ્સ વિલ્સન દ્વારા ભારતમાં આવકવેરાની રજૂઆત કરવામાં આવી હતી.
- આ રજૂઆત પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન થયેલ ખર્ચની ભરપાઇ કરવાના હેતુથી કરવામાં આવી હતી.

Vivekanand Academy Gandhinagar

- આ વર્ષે ૧૫૯માં આવકવેરા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- હાલ દેશમાં આશરે ૩૬.૫ લાખ લોકો ૧૧.૩૦ લાખ કરોડ જેટલો આવકવેરો ભરે છે.
- ૧૫૯માં આવકવેરા દિવસની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય નાણાંમંત્રીશ્રી નિર્મલા સિતારમન અને મહેસૂલ સચિવ અજય ભૂષણ દ્વારા એક કાર્યક્રમમાં વિભાગીય પ્રકાશન, પબ્લિકસિટી કીટ અને ઇજર્નલનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.
- રાજ્યકક્ષાના આવકવેરા દિવસની ઉજવણી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં અમદાવાદ ખાતે કરવામાં આવી હતી.
- રાજ્યકક્ષાની આ ઉજવણીમાં રાજ્યના સૌથી વધુ આવકવેરો ભરતા રાવજીભાઇ પટેલનું સન્માન કરવામાં આવ્યુ હતું તેઓ સતત બે વર્ષથી રાજ્યમાં સૌથી વધુ આવકવેરો ભરે છે.
- આવકવેરો ભરવામાં ભારતભરમાં ગુજરાતનું પાંચમું સ્થાન છે.
- આવકવેરા અંગેની ફરિયાદોના નિવારણમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે.

**(૨) જમ્મુ કશ્મીરમાં પુલનું ઉદ્‌ઘાટન પ્રોજેક્ટ સંપર્ક :**

- તાજેતરમાં કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથસિંહ દ્વારા જમ્મુ કશ્મીરના કઠુઓ જિલ્લામાં ૧ કિલોમીટર લાંબો ઉઝ પુલ અને સાંબામાં ૬૧૭.૪૦ મીટર લાંબા બસંતર પુલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- આ બંને પુલનું નિર્માણ પ્રોજેક્ટ સંપર્ક અંતર્ગત સીમા સડક સંગઠન દ્વારા કરવામાં આવ્યું છે.
- ઉઝ પુલની નિર્માણ ૫૦ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. જે પરોલ – કોરેપન્નુ– રાજપુરા સડક પર બનાવવામાં આવ્યો છે.
- બસંતર પુલનું નિર્માણ ૪૧.૭ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. આ પુલ રાજપૂરા – મદવાલ– પંગાદૂર– ફૂલપુર સડક પર બનાવવામાં આવ્યો છે.

**પ્રોજેક્ટ સંપર્ક :**

- પ્રોજેક્ટ સંપર્કની શરૂઆત સીમા સડક સંગઠન દ્વારા વર્ષ ૧૯૭૫માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય જમ્મુ ખાતે આવેલ છે.
- આ અંતર્ગત પીર પંજાલથી પઠાણકોટ અને પૂંછથી દલહૌજી સુધીનું ૨૨૦૦ કિલોમીટર સડકનું નેટવર્કનો સમાવેશ થાય છે.

**સીમા સડક સંગઠન :**

- સીમા સડક સંગઠનની સ્થાપના ૭ મે ૧૯૬૦ના રોજ કરવામાં આવી હતી.
- સીમા સડક સંગઠન દેશના સરહદી વિસ્તારોમાં રસ્તા અને વિકાસ કરતી સરકારી સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ ૧૯૬૦માં તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂ દ્વારા કરવામાં આવી હતી.
- આ સંગઠન રક્ષા મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

**(૩) માનવ અધીકાર સંરક્ષણ (સંશોધન) બિલ–૨૦૧૯**

- તાજેતરમાં લોકસભા અને રાજ્યસભામાં માનવ અધિકાર સંરક્ષણ (સંશોધન) બિલ – ૨૦૧૯ પસાર થયું.
- બિલની મહત્વની જોગવાઈ –
- માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તરીકે દેશના સુપ્રિમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ઉપરાંત સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશની નિમણૂક કરી શકાશે.
- આયોગના સભ્યોની સંખ્યા બેથી વધારીને ત્રણ કરી શકશે જેમાં એક મહિલાનો સમાવેશ કરાશે.
- આયોગના સભ્ય તરીકે નેશનલ બેકવર્ડ ક્લાસ કમિશનના અધ્યક્ષ, નેશનલ ચાઇલ્ડ રાઇટ્સ પ્રોટેક્શન કમિશનના અધ્યક્ષ તથા દિવ્યાંગજનો સંબંધી મુખ્ય કમિશનરનો સમાવેશ કરી શકાશે.
- આયોગના અધ્યક્ષ અને સભ્યોની મુદ્દત પાંચ વર્ષથી ઘટાડીને ત્રણ વર્ષ કરવી અને યોગ્ય લાગે તો તેમની ફરી નિમણૂક કરવી.
- લોકસભા અને રાજ્યસભામાં પસાર થયેલ આ બિલ રાષ્ટ્રપતિની મંજૂરી બાદ કાયદો બનશે.

પ્રશ્નો :

૧ આવકવેરા દિવસ ક્યારે મનાવાય છે ?
– ૪ જુલાઇ
૨ ભારતમાં પ્રથમ વખત આવકવેરાની રજુઆત કોણે કરી હતી ?
– સર જેમ્સ વિલ્સન
૩ આવકવેરા ભરવામાં ભારતમાં ગુજરાતનું સ્થાન જણાવો ?
– પાંચમુ
૪ કેન્દ્રીય રક્ષામંત્રીનું નામ જણાવો ?
– રાજનાથ
૫ સીમા સડક સંગઠનની સ્થાપના ક્યારે થઇ હતી ?
– ૭ મે ૧૯૬૦

## 26. July 2019

**(૧) કારગિલ વિજય દિવસ**

- દર વર્ષે ૨૬ મી જુલાઇએ કારગીલ વિજય દિવસ કારગીલ યુદ્ધમાં શહીદ સૈનિકો ની યાદમાં ઉજવવામાં આવે છે.
- સ્વતંત્ર ભારત માટે એક મહત્વપૂર્ણ દિવસ છે.
- કારગીલ યુદ્ધ લગભગ ૬૦ દિવસ સુધી ચાલ્યું અને જુલાઇ ૨૬ના રોજ પુરું થયું.
- ૧૯૭૧ની ભારત – પાકિસ્તાન યુદ્ધ પછી ઘણાં લશ્કરી સંઘર્ષો થયા હતા. બંને દેશો દ્વારા પરમાણુ પરિક્ષણને કારણે તણાવ વધ્યો હતો.
- પરિસ્થિતિને શાંત કરવા માટે, બંને દેશોએ ફેબ્રુઆરી ૧૯૯૯માં લાહોરમાં ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા. જેમાં કાશ્મીર મુદ્દો દ્વિપક્ષીય મંત્રણા દ્વારા શાંતિપૂર્ણ વચન આપવામાં આવ્યું હતું.
- માર્ચ ૧૯૯૯માં પાકિસ્તાનના ઘૂસણખોરો ભારતીય સીમામાં પ્રવેશ્યા હતા.
- આ ઘૂસણખોરીનું નામ 'ઓપરેશન બદ્ર' હતું.
- તેનો મુખ્ય ઉદ્દેશ કાશ્મીર અને લડાખ વચ્ચેનો સંબંધ તોડી નાંખવાનો હતો અને સિયાચીન ગ્લેશિયરથી ભારતીય ભૂમિને દૂર કરવાનો હતો.
- જવાબી કાર્યવાહીમાં ભારત સરકાર દ્વારા 'ઓપરેશન વિજય' લોન્ચ કરવામાં આવ્યું હતું. જેમાં ૨ લાખ જેટલા સૈનિકો જોડાયા હતા.

- ૬૦ દિવસ ચાલેલ આ ઓપરેશન ૨૬ જુલાઇ ૧૯૯૯ના રોજ પૂર્ણ થયું હતું. જેમાં ૫૨૭ ભારતીય સૈનિકો શહીદ થયા હતા.
- દર વર્ષે ૨૬ જુલાઇના રોજ કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવે છે.

**કારગિલ યુદ્ધ ટાઇમલાઇન :**

- ૪ મે ૧૯૯૯– પાકિસ્તાનના ઘૂસણખોરો કારગિલ પર જોવા મળ્યા.
- ૫ થી ૧૫ મે ૧૯૯૯ – ક્ષેત્રની શોધખોળ કરી રહેલ ભારતીય સેનાના કેપ્ટન સૌરભ કાલીયાની પાકિસ્તાન સૈનિકો દ્વારા હત્યા કરવામાં આવી.
- ૨૬ મે ૧૯૯૯ –MiG 21, MiG-27 જેગુઆર અને મિરાજ ૨૦૦૦ દ્વારા પાકિસ્તાનના ઘૂસણખોરો પર હુમલો કરવામાં આવ્યો.
- ૧૫ જૂન ૧૯૯૯ – અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રપતિ બિલ ક્વિંટને પાકિસ્તાનના પ્રધાનમંત્રીને કારગિલથી પોતાના સૈનિકોને પાછા બોલાવી લેવા કહ્યું.
- ૨૯ જૂન ૧૯૯૯ – ભારતીય સેનાએ ટાઇગર હિલ અને બીજી જગ્યાઓ પર નિયંત્રણ સ્થાપ્યું.
- ૪ જુલાઇ ૧૯૯૯ – ટાઇગર હિલ પર ભારતીય સેનાનો વિજય.
- ૫ જુલાઇ ૧૯૯૯– પાકિસ્તાનના પ્રધાનમંત્રીએ કારગિલથી સેના પાછી બોલાવી
- ૨૬ જુલાઈ ૧૯૯૯ – બધા જ પાકિસ્તાનના ઘૂસણખોરોની હત્યા કરી કારગિલ પર વિજય મેળવ્યો.

**(૨) આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીના પ્રમુખ યુકિયા અમાનોનું નિધન :**

- આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીના પ્રમુખ યુકિયા અમાનોનુ ૧૮ જુલાઇ ૨૦૧૯ના રોજ નિધન થયું.
- તેઓ વર્ષ ૨૦૦૯ થી આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીના પ્રમુખ તરીકે કાર્યરત હતા.
- અગાઉ તેઓ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીના મહાનિર્દેશક તરીકે કાર્યરત હતા.
- તેમનો જન્મ ૯ મે ૧૯૪૭ના રોજ જાપાનના યુગાવારામાં થયો હતો.
- આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી પરમાણુ ઊર્જાના શાંતિપ્રિય કાર્યોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી આ સંસ્થાની સ્થાપના વર્ષ ૧૯૫૭માં થાય હતી.
- તેનું મુખ્યાલય ઓસ્ટ્રેલીયાની રાજધાની વિએના ખાતે આવેલ છે.
- આ સંસ્થા સંયુક્ત રાષ્ટ્રથી અલગ કાર્ય કરે છે પરંતુ સંયુક્ત રાષ્ટ્રમહા સભા અને સુરક્ષા પરિષદને પોતાનો રિપોર્ટ આપે છે.

**(૩) ૨૧ મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ :**

- તાજેતરમાં ઓડિશાના કટક ખાતે ૨૧ મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ચેમ્પિયનશીપમાં ૭ ઇવેન્ટનું આયોજન થયું હતું જેમાં ભારતે તમામ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા છે.
- આ ચેમ્પિયનશીપમાં ગુજરાતનાં સુરતના વતની હરમીત દેસાઇએ મેન્સ સિંગલ્સ ઇવેન્ટમાં ચેન્નાઇના સાથિયાના જ્ઞાનસેકરને હરાવી ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- વિમેન્સ સિંગલ્સમાં ભારતની ઔહીકા મુખરજીએ ભારતની જ મધુરીકા પાટકરને હરાવી ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- આ સાથે જ ઔહીકા મુખરજી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ વિમેન્સ સિંગલ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય બની.
- ગુજરાતનાં સુરતના વતની માનવ ઠક્કર અને તમિલનાડુના એન્થોની અમલરાજની જોડીએ મેન્સ ડબલમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- મેન્સ ટિમ અને વિમેન્સ ટીમ બંને ઇવેન્ટમાં ભારતે ઇંગ્લેન્ડની ટીમને હરાવી બે ગોલ્ડ મેડલ જીત્યા હતા.
- આ ઉપરાંત ભારતે મિક્સ ટીમે ઇવેન્ટમાં સિંગાપોરના ખેલાડીઓને પરાજિત કરી ગોલ્ડ મેડલ જીત્યો હતો.

પ્રશ્નો

૧ કારગીલ વિજય દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૬ જુલાઇ

૨ તાજેતરમાં નિધન થયેલા આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીના પ્રમુખનું નામ જણાવો ?
- યુકિયા અમાનો

૩ ૨૧ મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપનું આયોજન ક્યાં થયું હતું ?
- કટક, ઓડિશા

૪ હરમીત દેસાઇ ક્યાંના વતની છે ?
- સુરત, ગુજરાત

૫ ઔહીકા મુખરજી કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- ટેબલ ટેનિસ

૬ માનવ ઠક્કર ક્યાના વતની છે ?
- સુરત, ગુજરાત

## 27. July 2019

**(૧) CRPF સ્થાપના દિન**

- ૨૭ જુલાઇના રોજ CRPF સ્થાપના દિન મનાવવામાં આવે છે. આ વર્ષે CRPF નો ૮૧ મો સ્થાપના દિવસ છે.
- ની સ્થાપના વર્ષ ૧૯૩૯માં ક્રાઉન પ્રતિનિધિ પોલીસ તરીકે થઇ હતી.
- CRPF-246 બટાલિયન ધરાવતું દેશનું સૌથી મોટું પોલીસ દળ છે.
- તે ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- આઝાદી બાદ આ દળને સીઆરપીએફ અધિનિયમ ૧૯૪૯ અંતર્ગત કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ કરવામાં આવ્યું.
- CRPF સંયુક્ત રાષ્ટ્ર માટેની કાર્યવાહીઓ અને સંયુક્ત રાષ્ટ્રના વિવિધ મિશનોમ પણ ભાગ લે છે.
- CRPF નું આદર્શ વાક્ય સેવા અને નિષ્ઠા છે.
- CRPF- Central Reserve Police Force

**(૨) CRPF -જવાનોની સાયકલ રેલી**

- તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા અમદાવાદના સાબરમતી આશ્રમ ખાતેથી સીઆરપીએફ જવાનોની સાયકલ રેલીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ સાયકલ રેલીનું આયોજન સીઆરપીએફ જવાનો સાબરમતી આશ્રમથી ઇન્ડિયા ગેટ નવી દિલ્લી સુધી કરવામાં આવ્યું હતું.

- આ સાયકલ રેલીનું આયોજન ૧૫ જુલાઇ ૨૦૧૯ થી ૨૭ જુલાઇ ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવ્યું હતું.

**(૩) RTI સુધારા બિલ- લોકસભા :**

- તાજેતરમાં લોકસભામાં RTI સુધારા બિલ પસાર કરવામાં આવ્યું.
- આ બિલ કેન્દ્રીય મંત્રી જીતેન્દ્રસિંહ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫માં સુધારા કરવામાં આવશે.
- RTI સુધારા બિલ અંતર્ગત સેક્શન – ૧૩ અને સેક્શન ૧૬માં સુધારા કરવામાં આવશે.
- આ બિલમાં મુખ્ય માહિતી કમિશ્નર અને માહિતી કમિશ્નરના કાર્યકાળ, પગાર અને સેવા શરતો નક્કી કરવાનો નિર્ણય કેન્દ્ર સરકાર હસ્તે રાખવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે.
- બિલ મુજબ માહિતી કમિશનરોના નિર્ણયને હાઇકોર્ટમાં પડકારી શકતો હોવાથી માહિતી કમિશનરને હાઇકોર્ટ જજ સમક્ષ દરજ્જો આપી શકવો યોગ્ય નથી.
- બિલ મુજબ અગાઉ જે આરટીઆઇ અરજીઓ આરટીઆઇ કાર્યાલયમાં જ કરવામાં આવતી હતી. જે ગમે કોઇપણ જગ્યા પરથી કરશી શકશે.
- RTI એક્ટ ૨૦૦૫ સંસદમાં ૧૫ જૂન ૨૦૦૫માં પસાર કરવામાં આવ્યો હતો.
- જે ૧૨ ઓક્ટોબર ૨૦૦૫ થી પૂર્ણપણે અમલી બન્યો હતો.
- દેશમાં માહિતી અધિકાર કાયદો લાગુ કરવાની ચળવળમાં અરૂણા રોયએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- માહિતી અધિકાર અધિનિયમ લાગુ કરનાર વિશ્વનો સૌ પ્રથમ દેશ – સ્વીડન
- RTI એક્ટ ને અમલ કરનાર પ્રથમ રાજ્ય – તમિલનાડુ
- ભારતના પ્રથમ મુખ્ય માહિતી કમિશનર – વઝાહત હબીબુલ્લાહ
- ભારતના વર્તમાન મુખ્ય માહિતી કમિશનર – સુધીર ભાર્ગવ
- ગુજરાતના પ્રથમ મુખ્ય માહિતી કમિશનર – ડો.પી.કે. દાસ
- ગુજરાતનાં વર્તમાન મુખ્ય માહિતી કમિશનર – ડી.પી. ઠાકર

પ્રશ્નો :

૧ CRPF સ્થાપના દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૭ જુલાઇ

૨ CRPF નું આદર્શ વાક્ય જણાવો ?
- સેવા અને નિષ્ઠા

૩ CRPFનું પુરૂનામ જણાવો ?
- Central Reserve Police Force

૪ CRPF જવાનોની સાયકલ રેલીનો પ્રારંભ કોના દ્વારા કરવામાં આવ્યો હતો ?
- વિજયભાઇ રૂપાણી

૫ RTI નું પુરૂનામ જણાવો ?
- Right to information

૬ સુધારા બિલ લોકસભામાં કોના દ્વારા રજુ કરવામાં આવ્યું હતું ?
- જીતેન્દ્રસિંહ

૭ RTI એક્ટને અમલ કરનાર પ્રથમ રાજ્ય જણાવો ?
- તામિલનાડું

૮ ભારતની સૌથી વધુ પ્રદુષણ ફેલાવતી ૧૦૦ ઔદ્યોગિક વસાહતોની યાદીમાં પ્રથમ ક્રમે કઇ વસાહત છે ?
- મહારાષ્ટ્રની તારાપુર વસાહત

## 28. July 2019

**(૧) વિશ્વ હેપેટાઇસીસ દિવસ :**

- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વિશ્વભરમાં ૨૮ જુલાઇના રોજ વિશ્વ હેપેટાઇસીસ દિવસ ઉજવવામાં આવે છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા જાહેર થયેલ આઠ સત્તાવાર વૈશ્વિક આરોગ્ય અભિયાનમાં એક હેપેટાઇટિસ છે.
- વર્ષ ૨૦૧૯ થીમ – "Invest in eliminating hepatits"

**વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન :**

- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન વિશ્વના દેશોની સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ પર સહયોગ કરતી સંસ્થા છે.
- વિશ્વરભરની સ્વાસ્થય સમસ્યાઓ પર દુનિયા ભરના દેશોના સહયોગથી ૭ એપ્રિલ ૧૯૪૮ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સ્વાસ્થ્ય એજન્સી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનની સ્થાપના થઇ હતી.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના વર્તમાન ડાયરેક્ટર જનરલ 'ડૉ. ટોડોરોસ અદામમ'
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનનું મુખ્યાલય સ્વિટ્ઝર્લેન્ડના જીનીવા ખાતે આવેલ છે.

**(૨) રૂફટોપ સોલર પેનલ લગાવવામાં ગુજરાત પ્રથમ :**

- તાજેતરમાં કેન્દ્રીય નવીન અને પુન:પ્રાપ્ય ઉર્જા મંત્રાલયના રાજ્ય કક્ષાના મંત્રી આર.કે. સિંહ દ્વારા રાજ્ય સભામાં આપવામાં આવેલ માહિતી અનુસાર ગુજરાત રૂપટોપ સોલર પ્રોજેક્ટ લગાવવામાં દેશભરમાં પ્રથમ સ્થાને છે.
- ૨૩ જુલાઇ ૨૦૧૯ની સ્થિતિએ ગુજરાતમાં રૂફટોપ સોલાર પેનલની કુલ ક્ષમતા ૨૬૧.૯૭ મેગાવોટ છે.
- રૂપટોપ સોલર પ્રોજેક્ટ લગાવવામાં મહારાષ્ટ્ર બીજા અને તમિલનાડુ ત્રીજા ક્રમે છે.

**(૩) બોરિસ જોન્સનને બ્રિટનના નવા પ્રધાનમંત્રી :**

- તાજેતરમાં બ્રિટનની કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા બોરિસ જોન્સનને બ્રિટનના નવા પ્રધાનમંત્રી તરીકે ચૂંટવામાં આવ્યા.
- બ્રિટનના પૂર્વ પ્રધાનમંત્રી થેરેસા મેના રાજીનામાં બાદ નવા પ્રધામંત્રીની પસંદગી માટે કન્વર્વેટિવ પાર્ટીમાં મતદાન કરવામાં આવ્યું હતું.
- જેમાં જેસેમી હંટને હરાવી બોરિસ જોન્સન નવા પ્રધાનમંત્રી બન્યા.
- બોરિસ જોન્સનના નવા મંત્રી મંડળના ભારતીય મૂળના ત્રણ સાંસદોને સ્થાન મળ્યું છે.

**(૪) પ્રીતિ પટેલ – ગૃહમંત્રી**

- પ્રીતિ પટેલનો જન્મ બ્રિટનના લંડન ખાતે થયો છે.
- મૂળ ગુજરાતી પરિવારમાંથી આવતા પ્રીતિ પટેલનું વતન આણંદ જિલ્લાનું તારાપુર છે.

- પ્રીતિ પટેલ બ્રિટનના ગૃહમંત્રી બનનાર પ્રથમ ભારતીય મૂળના સાંસદ છે.
- તેઓ બ્રિટનની વિથમ બેઠક પરથી સાંસદ છે.
- તેઓ અગાઉ બ્રિટનમાં આંતરરાષ્ટ્રીય વિકાસ રાજ્યમંત્ર, પર્યાવરણ મંત્રી જેવા હોદ્દા પર રહી ચૂક્યા છે.

(૨) **આલોક શર્મા –** આંતરરાષ્ટ્રીય વિકાસ રાજ્યમંત્રી
- આલોક શર્માનો જન્મ ઉત્તરપ્રદેશના આગ્રા ખાતે થયો છે.

(૩) **ઋષિ સુનાક –** મહેસૂલ મંત્રી
- ઋષિ સુનાકનો જન્મ ઇંગ્લેન્ડમાં થયો છે તેઓ મૂળ ભારતના પંજાબના વતની છે.
- તેઓ ઇન્ફોસિસના સ્થાપક એન.આર. નારાયણ મૂર્તિના જમાઈ છે.

(૫) **The Global Innovation Index 2019**
- તાજેતરમાં કેન્દ્રીય ઉદ્યોગ અને વ્યાપાર અને રેલવે મંત્રી પિયુષ ગોયલે નવી દિલ્લી ખાતેથી The Global Innovation Index 2019 લોન્ચ કર્યો.
- આ ઇન્ડેક્સ દર વર્ષે કોર્નેલ યુનિવર્સિટી અને વિશ્વ બૌધિક સંપત્તિ સંસ્થા અને ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ નોલેજ પાર્ટનર્સ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯માં પ્રસિદ્ધ થયેલ આ ૧૨મું ઇન્ડેક્સ હતું.
- પ્રથમ વખત આ ઇન્ડેક્સને ભારતથી લોન્ચ કરવામાં આવ્યો છે.
- આ ઇન્ડેક્સમાં ૧૨૯ દેશોમાંથી ભારતે ૫૨મું સ્થાન મેળવ્યું છે. વર્ષ ૨૦૧૮માં ભારત ૫૭માં સ્થાને હતું.
- આ ઇન્ડેક્સમાં પ્રથમ સ્થાને સ્વિત્ઝર્લેન્ડ અને બીજા સ્થાને સ્વીડન છે જ્યારે ત્રીજા સ્થાન પર અમેરિકા છે.
- ૧૨૯ દેશોના આ ઈન્ડેક્સમાં ૧૨૯માં સ્થાને યમન છે.

પ્રશ્નો :

૧ વિશ્વ હેપેટાઇટીસ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૮ જુલાઇ

૨ વિશ્વ હેપેટાઇટીસ દિવસ–૨૦૧૯ની થીમ જણાવો ?
- Invest in eliminating hepatitis

૩ WHOનું મુખ્યમથક કયાં આવેલું છે ?
- જીનીવા, સ્વિત્ઝર્લેન્ડ

૪ ભારતમાં રૂફટોપ સોલર પેનલ લગાવવામાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
- ગુજરાત

૫ બ્રિટનના નવા પ્રધાનમંત્રીનું નામ જણાવો ?
- બોરિસ જોન્સને

૬ આલોક શર્માનો જન્મ કયાં થયો હતો ?
- આગ્રા, ઉત્તરપ્રદેશ

૭ The Global Innovation Index 2019 માં ભારતનું સ્થાન જણાવો ?
- ૫૨મું

## 29. July 2019

(૧) **વર્લ્ડ ટાઇગર ડે :**
- દર વર્ષે ૨૯ જુલાઇ ના રોજ વર્લ્ડ ટાઇગર ડે તરીકે ઉજવવામાં આવે છે.
- વાઘ ભારતનું રાષ્ટ્રીય પ્રાણી છે.
- વાઘની વસ્તીમાં થતા ઘટાડાને રોકવા અને વાઘને સંરક્ષણ આપવાના હેતુથી આ દિવસ ઉજવવામાં આવે છે.
- વાઘને બચાવવા માટે ભારતમાં વર્ષ ૧૯૭૨ – ૭૩માં પ્રોજેક્ટ ટાઇગર અસ્તિત્વમાં આવેલ ત્યાર બાદ રશિયાના સેન્ટ પીટ્સબર્ગ શહેરમાં વર્ષ ૨૦૧૦માં 'ટાઇગર સમિટ' નું આયોજિત કરવામાં આવેલ
- આ સમિટમાં ૨૯ જુલાઇને વિશ્વ વાઘ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ

(૨) **વન્દે ભારત એક્સપ્રેસ –ઉત્તર રેલવે ઝોન ટ્રાયલ :**
- તાજેતરમાં ભારતીય રેલવે દ્વારા ઉત્તર રેલવે ઝોનમાં વન્દે માતરમ્ એક્સપ્રેસ ટ્રેનનું ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.
- આ ટ્રાયલ નવી દિલ્લીથી જમ્મુ કશ્મીરના કટરા વચ્ચે કરવામાં આવ્યું હતું.
- વન્દે ભારત એક્સપ્રેસ આ ટ્રાયલ માત્ર ૮ કલાકમાં પૂર્ણ કર્યું.
- ટ્રેન ૧૮ નામથી જાણીતી વન્દે ભારત એક્સપ્રેસ ટ્રેન ભારતની પ્રથમ સેમી હાઇસ્પીડ ટ્રેન છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નવી દિલ્હી રેલવે સ્ટેશનથી દેશની સૌથી ઝડપી ટ્રેન 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનને લીલી ઝંડી આપી હતી.
- આ ટ્રેન ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ચાલી શકે છે.
- આ ટ્રેનનું નિર્માણ 'મેક ઇન ઇન્ડિયા' અંતર્ગત ચેન્નાઇ ખાતે આવેલ ઇંટિગ્રલ કોચ ફેક્ટરી ખાતે કરવામાં આવ્યું છે.
- આ ટ્રેનના નિર્માણમાં ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

(૨) **રિલાયન્સ ફોર્ચ્યુન ૫૦૦ યાદીમાં ભારતીય કંપનીઓમાં પ્રથમ સ્થાને :**
- તાજેતરમાં જાહેર કરવામાં આવેલ ફોર્ચ્યુન ગ્લોબલ ૫૦૦ કંપનીની યાદીમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ૧૦૬ માં સ્થાને રહી.
- રિલાયન્સ ફોર્ચ્યુન ૫૦૦ લીસ્ટમાં ભારતીય કંપનીઓમાં પ્રથમ સ્થાને છે.
- ફોર્ચ્યુન ગ્લોબલ ૫૦૦ કંપનીની યાદીમાં પ્રથમ સ્થાને અમેરિકની વોલમાર્ટ કંપની છે.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની સ્થાપના ૧૯૭૭માં ધીરૂભાઇ અંબાણી દ્વારા કરવામાં આવી હતી.
- હાલ ૪૭% શેર સાથે મુકેશ અંબાણી કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે.
- ફોર્ચ્યુન ગ્લોબલની ૫૦૦ એક વાર્ષિક રેન્કીંગ છે જેમાં વિશ્વભરની ૫૦૦ કંપનીઓને તેની આવકના આધારે સામેલ કરવામાં આવે છે.

**ફોર્ચ્યુન ગ્લોબલ ૫૦૦ માં સ્થાન પામેલ ભારતીય કંપનીઓ :**

| યાદીમાં ક્રમ | કંપની |
|---|---|
| ૧૬૦ | ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન |
| ૨૩૬ | ભારતીય સ્ટેટ બેન્ક |
| ૨૬૫ | ટાટા મોટર્સ |
| ૨૭૫ | ભારત પેટ્રોલિઅમ કોર્પોરેશન લિમિટેડ |
| ૪૯૫ | રાજેશ એક્સપોર્ટ |

## 30. July 2019

(૧) **અજયકુમાર ભલ્લા – ગૃહમંત્રાલયમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી :**

Vivekanand Academy Gandhinagar

- તાજેતરમાં આઇએએસ અધિકારી અજયકુમાર ભલ્લાને કેન્દ્રિય ગૃહ મંત્રાલયમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી નિયુક્ત કરવામાં આવ્યા.
- તેમણે રાજીવ ગૌબાનું સ્થાન લીધું.
- તેઓ ૧૯૮૪ બેચના અસમ – મેઘાલય કેડરના અધિકારી છે.
- તેઓ બે વર્ષ સુધી ગૃહ મંત્રાલયમાં આ પદ સંભાળશે.

**(૨) બી.એસ. યેદયુરપ્પા – કર્ણાટકના નવા મુખ્યમંત્રી :**

- કર્ણાટક ભાજપના પ્રદેશ પ્રમુખ બી.એસ. યેદુરપ્પાએ કર્ણાટકના ૩૧માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
- કર્ણાટકના રાજ્યપાલ વજુભાઇ વાળાએ તેમને પદની ગોપનીયતાના શપથ લેવડાવ્યા.
- તેમણે ચોથી વખત કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા પરંતુ તેઓએ એક પણ વખત પોતાનો કાર્યકાળ પૂર્ણ કર્યો નથી.
- તેઓ વર્ષ ૨૦૦૮માં કર્ણાટક વિધાનસભા ચૂંટણી જીત્યા બાદ મુખ્યમંત્રી બન્યા હતા.
- પરંતુ ભ્રષ્ટાચારના આરોપ બાદ તેમણે વર્ષ ૨૦૧૧માં રાજીનામું આપ્યું હતું.
- તાજેતરમાં કર્ણાટકની કોંગ્રેસ અને જેડીએસની ગઠબંધન સરકારમાંથી ૧૫ ધારાસભ્યોના રાજીનામાં બાદ એચડી કુમારસ્વામીના નેતૃત્વવાળી સરકાર પડી ભાંગી હતી.

**(૩) લોકસભા અને રાજ્યસભામાં ટ્રિપલ તલાક બિલ પસાર :**

- તાજેતરમાં લોકસભા અને રાજ્યસભામાં ટ્રિપલ તલાક બિલ પસાર થયું.
- લોકસભામાં આ બિલ રવિશંકર પ્રસાદ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની મંજૂરી બાદ આ બિલ કાયદો બનશે.
- સૌ પ્રથમ વખત લોકસભામાં ડિસેમ્બર ૨૦૧૭ના રોજ ટ્રિપલ તલાક અંગેનું બિલ પસાર થયું હતું. પરંતુ રાજ્યસભામાં પસાર થઇ શક્યું ન હતું.
- ઓગસ્ટ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટ દ્વારા ટ્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવી સરકારે કાયદો બનાવવા માટે આદેશ આપ્યો હતો.

**ટ્રીપલ તલાક બિલ અંગેના પ્રસ્તાવ :**

- પીડિત સ્ત્રી તેને અદાલતમાં પડકારી શકે છે. અને પોતાની કાનૂની રક્ષા માંગી શકે છે.
- કોઇપણ પ્રકારના છૂટાછેડા (બોલીને, લેખિત, ઇમેઇલ, દ્વારા, એસએમએસ દ્વારા અને વોટ્સઅપ દ્વારા ગેરકાયદેસર રહેશે.
- ટ્રિપલ તલાક મામલે પત્ની પતિ વિરૂદ્ધ ફરિયાદ કરશે તેને મહત્તમ ત્રણ વર્ષની સજા આપવામાં આવશે.

**ટ્રીપલ તલાક શું છે ?**

- ટ્રીપલ તલાક મુસ્લિમ સમાજમાં છૂટાછેડા આપવાનો એક માર્ગ છે જે અંતર્ગત એક મુસ્લિમ પુરૂષ ત્રણ વખત તલાક શબ્દ બોલી તેની પત્નીને છૂટાછેડા આપી શકે છે.
- ટ્રીપલ તલાક મુસ્લિમ પર્સનલ લૉ મુજબ કાયદેસર છે.
- વિશ્વમાં ૨૨ દેશો એવા છે, જ્યાં ટ્રીપલ તલાક પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે.
- ટ્રીપલ તલાક પર વિશ્વમાં પ્રથમ પ્રતિબંધ લગાવનાર દેશ ઇજિપ્ત છે.
- પાકિસ્તાનમાં વર્ષ ૧૯૫૬ થી ટ્રીપલ તલાક પર પ્રતિબંધ મૂકાયો હતો.

**(૪) લસિથ મલિંગા – આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટ પરથી સન્યાસ**

- શ્રીલંકાના મહાન બોલર લસિથ મલિંગાએ આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટ પરથી સન્યાસ લીધો.
- તેમણે પોતાની અંતિમ આંતરરાષ્ટ્રીય વન ડે મેચ બાંગ્લાદેશ વિરૂદ્ધ રમી હતી.
- તેમનો જન્મ ૨૮ ઓગસ્ટ ૧૯૮૩માં થયો હતો.
- તેમણે પોતાના આંતરરાષ્ટ્રીય ટેસ્ટ કેરિયરની શરૂઆત ૧ જુલાઇ ૨૦૦૪ના રોજ ઓસ્ટ્રેલીયા વિરૂદ્ધ કરી હતી.
- તેમણે પોતાના આંતરરાષ્ટ્રીય વન ડે કેરિયરની શરૂઆત ૧૭ જુલાઇ ૨૦૦૪ના રોજ યુએઇ વિરૂદ્ધ કરી હતી.
- તેમણે પોતાના આંતરરાષ્ટ્રીય ટી–૨૦ કેરિયરની શરૂઆત ૧૫ જૂન ૨૦૦૬ના રોજ ઇંગ્લેન્ડ વિરૂદ્ધ કરી હતી.

પ્રશ્નો :

૧ ગૃહ મંત્રાલયમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?
- અજયકુમાર ભલ્લા

૨ કર્ણાટકના નવા મુખ્યમંત્રીનું નામ જણાવો ?
- બી.એસ. યેદયુરપ્પા

૩ ત્રિપલ તલાક પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ દેશ જણાવો ?
- ઇજિપ્ત

૪ સૌ પ્રથમ વખત કયા વર્ષમાં ટ્રિપલ તલાક અંગેનું બિલ પસાર કરવામાં આવ્યું ?
- ૨૦૧૭

૫ લસિથ મલિંગા કયા દેશના ખેલાડી છે ?
- શ્રીલંકા

## 31. July 2019

**(૧) મેરી કોમ– ૨૩માં પ્રેસિડેન્ટ્સ કપમાં ગોલ્ડ :**

- તાજેતરમાં ઇન્ડોનેશિયાના લાબુઆન બઝો ખાતે યોજાયેલ ૨૩માં પ્રેસિડેન્ટ્સ કપમાં મેરી કોમે ગોલ્ડ મેડલ જીત્યો.
- તેમણે ૫૧ કિલોગ્રામ વજનમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.
- તેમણે ઓસ્ટ્રેલિયાના એઓરીલ ફ્રેંકને ૫–૦ થી હરાવી આ જીત મેળવી છે.
- મેરી કોમનું પુરૂનામ ચુંગનિઝઝંગ મેરી કોમ હંગતે છે.
- તેમનો જન્મ મણિપુરના કન્ગાથેડ ખાતે થયો હતો.
- મેરી કોમ અત્યાર સુધી યોજાયેલ સાતેય વિશ્વ ચેમ્પિયનશીપમાં મેડલ જીતનાર એક માત્ર મુક્કેબાજ છે.
- તેમણે ૬ વખત વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.
- તેની પહેલા મેરી કોમે વર્ષ ૨૦૦૨, ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૮, ૨૦૧૦ અને ૨૦૧૮માં વિશ્વ ચેમ્પિયનશીપનો ખિતાબ જીતી ચૂકી છે.
- વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ૬ ગોલ્ડ જીતનારી તે વિશ્વની પ્રથમ મહિલા બોક્સર બની છે.
- તેઓ વર્ષ ૨૦૧૬ થી રાજ્યસભાના સભ્ય છે તેમની નિમણૂક પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા કરવામાં આવી હતી.
- ભારત સરકાર દ્વારા તેમને રમત ગમત ક્ષેત્રે યોગદાન બદલ વર્ષ ૨૦૦૩ માં અર્જુન એવોર્ડ, વર્ષ ૨૦૦૬માં

પદ્મશ્રી, અને વર્ષ ૨૦૧૩ પદ્મ ભૂષણ સન્માન આપવામાં આવ્યું છે.

**(૨) વીકે જોહરી – બીએસએફના નવા મહાનિર્દેશક :**

– તાજેતરમાં ૧૯૮૪ બેચના મધ્યપ્રદેશ કેડરના આઇપીએસ અધિકારી વી.કે. જોહરીને બોર્ડર સિક્યુરિટી ફોર્સના મહાનિર્દેશક નિયુક્ત કરવામાં આવ્યા.

– તેઓ હાલ રૉ (રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ)માં કાર્યરત છે.

– તેઓ રજનીકાન્ત મિશ્રાનું સ્થાન લેશે.તેઓ ૩૧ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ નિવૃત્ત થઇ રહ્યા છે.

**બીએસએફ :**

બીએસએફની સ્થાપના ૧ ડિસેમ્બર ૧૯૬૫ના રોજ થઇ હતી.

– બીએસએફનો મોટો : જીવન પર્યંત કર્તવ્ય છે.

– આ ફોર્સ પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે ભારતીય સીમાની સુરક્ષા કરે છે. બીએસએફનું મુખ્ય કાર્ય શાંતિ કાળ દરમ્યાન દેશની સીમાઓની સુરક્ષા કરવાનું છે.

– બીએસએફ દુનિયાની સૌથી મોટી સીમા સુરક્ષા ફોર્સ છે.

– દર વર્ષે ૧ ડિસેમ્બરના રોજ બોર્ડર સિક્યુરિટી ફોર્સ સ્થાપના દિવસ મનાવવામાં આવે છે.

– બીએસએફ કેન્દ્રીય ગૃહમંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

– હાલ દેશમાં બીએસએફની ૧૮૬ બટાલિયન છે.

**(૩) સુદર્શન પટનાયક પીપલ્સ ચોઇસ એવોર્ડ :**

– તાજેતરમાં ભારતીય આર્ટિસ્ટ સુદર્શન પટનાયકે અમેરિકામાં પીપલ્સ ચોઇસ એવોર્ડ જીત્યો.

– આ પુરસ્કાર તેમને ‘સ્ટોપ પ્લાસ્ટિક પોલ્યુશન, સેવ અવર ઓશન’ નામની કલાકૃતિ માટે એનાયત કરવામાં આવ્યો.

– આ કૃતિ તેમને બોસ્ટન ખાતે યોજાયેલ ૨૦૧૯ Revere Beach Internation Sand Sculpting Festival દરમ્યાન બનાવી હતી.

– સુદર્શન પટનાયકે રેતીથી કલાકૃતી બનાવનાર આર્ટિસ્ટ છે.

– તેમનો જન્મ ઓડિશાના પૂરી ખાતે થયો હતો.

– ભારત સરકાર દ્વારા તેમને વર્ષ ૨૦૧૪ પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

**(૪) ઓડિશાના રસગુલ્લાને ભૌગોલિક સંકેત (GI) ટેગ**

– તાજેતરમાં ઓડિશાના રસગુલ્લાને ભૌગોલિક સંકેત (GI) ટેગ આપવામાં આવ્યું.

– GI ટેગ તે વસ્તુ અથવા ઉત્પાદનને આપવામાં આવે છે. જે વિશિષ્ટ ક્ષેત્રે પ્રતિનિધિત્વ કરતી હોય અથવા વિશિષ્ટ સ્થાન પર જ મળતી હોય.

– GI ટેગ કૃષિ ઉત્પાદનો, પ્રાકૃતિક વસ્તુઓ તથા નિર્મિત વસ્તુઓ તેમની વિશિષ્ટ, ગુણવત્તા માટે આપવામાં આવે છે.

– આ ટેગ ૧૦ વર્ષ માટે આપવામાં આવે છે, જે બાદમાં રિન્યૂ કરી શકાય છે.

– થોડા સમય અગાઉ કેન્દ્રીય નાગરિક વિમાન મંત્રાલય દ્વારા ગોવાના ડાબોલીમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે દેશનો પ્રથમ GI ટેગ શરૂ કરવામાં આવ્યો હતો.

– પ્રાપ્ત ઉત્પાદન – દાર્જિલિંગ ચા, તિરૂપતિ લાડુ, કાંગડા, પેંટિંગ, નાગપુર, સંતરા, કશ્મીર પશ્ચિમના ઓડિશાના કંધામલ હળદર, કેરલના ઇડુક્કી જિલ્લાના મરયુર ગોળ, તમિલનાડુના ઇરોડની હળદર કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લાની સિરસી સોપારી વગેરે

**(૫) રાજીવ કુમાર – નાણાં સચિવ :**

– તાજેતરમાં રાજીવ કુમારને નાણાં સચિવ નિયુક્ત કરવામાં આવ્યા.

– તેમની નિમણૂક સુભાષચંદ્ર ગર્ગના સ્થાને કરવાં આવી.

– સુભાષગર્ગને ઉર્જા મંત્રાલયમાં નિયુક્ત કરવામાં આવ્યાં છે.

– રાજીવચંદ્ર કુમાર ૧૯૮૪ બેચના ઝારખંડ કેદારના આઇએએસ અધિકારી છે.

પ્રશ્નો :

૧ મેરી કોમ ક્યાં રાજ્યના વતની છે ?

– મણીપુર

૨ રાજ્યસભાના સભ્ય તરીકે મેરી કોમની નિમણૂક આ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવી હતી ?

– પ્રણવ મુખર્જી

૩ BSF કયા મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે ?

– ગૃહમંત્રાલય

૪ ભારતીય આર્ટીસ્ટ સુદર પટનાયક નો જન્મ ક્યાં રાજ્યમાં થયો છે ?

– ઓડિશા

૫ તાજેતરમાં કોની નિમણૂક નાણા સચિવ તરીકે કરવામાં આવી ?

– રાજીવ કુમાર